ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૩૬

# દશ લક્ષણ ધર્મ

શ્રી પદ્મનંદિપચ્ચીસીમાંથી

ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મો પર

પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં

પ્રવચનો

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૦૦, વિ. સં. ૨૦૦૪

બીજી આવૃત્તિ પ્રત : ૧૦૦૦, વિ. સં. —

ત્રીજી આવૃત્તિ પ્રત : ૧૦૦૦, વિ. સં. ૨૦૧૬

ચોથી આવૃત્તિ પ્રત : ૧૦૦૦, વિ. સં. ૨૦૫૭

દશ લક્ષણ ધર્મની આ આવૃત્તિના
પ્રકાશન અર્થે રૂા. ૫૦૦૦=૦૦
ડૉ. કાંતિલાલ અમીચંદભાઈ કામદાર–પરિવાર, ચેન્નાઈ,
હસ્તે પ્રવીણાબેન, અશ્વિનભાઈ તથા ભરતભાઈ તરફથી મળેલ છે.

**પાંચમી આવૃત્તિ પ્રત : ૨૦૦૦, વિ. સં. ૨૦૫૮**

❖

**કિંમત રૂા. ૧૦=૦૦**

❖


મુદ્રક :

**કહાન મુદ્રણાલય**

જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ,

સોનગઢ-૩૬૪૨૫૦

✆ : (02846) 44081



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# દશ ધર્મ

''उत्तमक्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिंचन्यब्रह्मचर्याणि धर्म: ।।''

**અર્થ :**—ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ,-સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ ધર્મો છે. *શ્રી તત્ત્વાર્થસૂત્ર, અ. ૯ સૂ. ૬*

આ સૂત્રમાં જણાવેલો ઉત્તમ શબ્દ ક્ષમા વગેરે દશે ધર્મોને લાગુ પડે છે. તે શબ્દ ગુણવાચક છે. ઉત્તમ ક્ષમાદિ કહેવાથી અહીં રાગરૂપ ક્ષમા ન લેવી પણ સ્વરૂપના ભાનસહિત ક્રોધાદિ કષાયના અભાવરૂપ ક્ષમા સમજવી. ઉત્તમ ક્ષમાદિ ગુણો પ્રગટતાં ક્રોધાદિ કષાયનો અભાવ થાય છે, તેથી આસ્ત્રવની નિવૃત્તિ થાય છે એટલે કે સંવર થાય છે.

ઘણા જીવો એમ માને છે કે, બંધાદિકના ભયથી અથવા તો સ્વર્ગ-મોક્ષની ઈચ્છાથી ક્રોધાદિ ન કરવા તે ધર્મ છે. પણ તેમની એ માન્યતા ખોટી છે; કેમ કે તેનો ક્રોધાદિક કરવાનો અભિપ્રાય તો ટળ્યો નથી. જેમ કોઇ મનુષ્ય રાજાદિકના ભયથી કે મહંતપણાના લોભથી પરસ્ત્રી સેવતો નથી તો તેથી તેને ત્યાગી કહી શકાય નહિ, તે જ પ્રમાણે ઉપર્યુક્ત માન્યતાવાળા જીવો પણ ક્રોધાદિકના ત્યાગી નથી, તેમને ધર્મ થતો નથી.

પ્રશ્ન :–તો ક્રોધાદિકનો ત્યાગ કેવી રીતે થાય ?

ઉત્તર :—પદાર્થો ઇષ્ટ-અનિષ્ટ ભાસતાં ક્રોધાદિ થાય છે. તત્ત્વજ્ઞાનના અભ્યાસથી જ્યારે કોઈ પણ પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ ન ભાસે ત્યારે સ્વયં ક્રોધાદિ ઊપજતાં નથી અને ત્યારે જ સાચો ધર્મ થાય છે.

## ક્ષમા વગેરેની સામાન્ય વ્યાખ્યા

**૧. ક્ષમા :**—નિંદા, ગાળ, હાસ્ય, અનાદર, માર, શરીરનો ઘાત, વગેરે થતાં અથવા તો તે પ્રસંગ નજીક આવતાં દેખીને ભાવોમાં મલિનતા ન થવી તે ક્ષમા છે.

**૨. માર્દવ :**—જાતિ વગેરે આઠ પ્રકારના મદના આવેશથી થતા અભિમાનનો અભાવ તે માર્દવ છે, અથવા તો પરદ્રવ્યનું હું કરી શકું એવી માન્યતારૂપ અહંકારભાવને જડમૂળથી ઊખેડી નાંખવો તે માર્દવ છે.

**૩. આર્જવ :**—માયા-કપટથી રહિતપણું, સરળતા, સીધાપણું તે આર્જવ છે.

**૪. શૌચ :**—લોભથી ઉત્કૃષ્ટપણે ઉપરામ પામવું-નિવૃત્ત થવું તે શૌચ અર્થાત્ પવિત્રતા છે.

**૫. સત્ય :**—સત્ જીવોમાં—પ્રશંસનીય જીવોમાં—સાધુ વચન (સરળ વચન) બોલવાનો ભાવ તે સત્ય છે.

**૬. સંયમ :**—સમિતિમાં પ્રવર્તનારા મુનિને પ્રાણીઓને પીડા કરવાનો ત્યાગ છે તે સંયમ છે.

**૭. તપ :**—ભાવકર્મના નાશ માટે પોતાની શુદ્ધતાનું પ્રતપન તે તપ છે.

**૮. ત્યાગ :**—સંયમી જીવોને યોગ્ય જ્ઞાનાદિક દેવાં તે ત્યાગ છે.

**૯. આકિંચન્ય :**—વિદ્યમાન્ શરીરમાં પણ સંસ્કારના ત્યાગ માટે 'આ મારું છે' એવા અનુરાગની નિવૃત્તિ તે અકિંચન્ય છે. આત્મસ્વરૂપથી ભિન્ન એવા શરીરાદિકમાં કે રાગાદિકમાં મમત્વરૂપ પરિણામોનો અભાવ તે અકિંચન્ય છે.

**૧૦. બ્રહ્મચર્ય :**—સ્ત્રી માત્રનો ત્યાગ કરી પોતાના આત્મસ્વરૂપમાં લીન રહેવું તે બ્રહ્મચર્ય છે. પૂર્વે ભોગવેલા સ્ત્રીઓના ભોગનું સ્મરણ તથા તેની કથા સાંભળવાના ત્યાગથી તથા સ્ત્રીઓ પાસે બેસવાનું છોડવાથી અને સ્વછંદ પ્રવર્તન રોકવા માટે ગુરુકુળમાં રહેવાથી બ્રહ્મચર્ય પરિપૂર્ણ પળાય છે.

આ દશે બોલમાં 'ઉત્તમ' શબ્દ લગાડતાં ઉત્તમ ક્ષમા વગેરે દશ ધર્મ થાય છે. ઉત્તમ કહેતા સમ્યગ્દર્શન સહિત એમ સમજવું. સમ્યગ્દર્શન વગર ઉત્તમક્ષમા વગેરે ધર્મો હોતાં નથી એટલે ઉત્તમ ક્ષમાદિ આ દશ ધર્મો શુભરાગરૂપ ન સમજવા પણ કષાયરહિત શુદ્ધભાવરૂપ સમજવા.

*(મોક્ષશાસ્ત્ર-ગુજરાતી ટીકા)*

*

# પ્રસ્તાવના

ભાદરવા સુદ ૫ થી ૧૪ સુધીના દશ દિવસોને 'દશ લક્ષણ પર્વ' કહેવાય છે; સનાતન જૈનશાસનમાં એને જ પર્યુષણ પર્વ કહેવાય છે. શાસ્ત્રોમાં તો દશ પર્વ વર્ષમાં ત્રણ વાર આવવાનું વર્ણન છે, પણ વર્તમાનમાં ભાદરવા માસમાં જ તેની પ્રસિદ્ધિ છે. વીતરાગી જિનશાસનમાં આ ધાર્મિકપર્વનો ઘણો જ મહિમા છે.

જૈનશાસનનું આ પવિત્ર પર્વ અનાદિકાલીન્ છે. આ પર્વ સંબંધી ઈતિહાસ આ પ્રમાણે છે : દરેક કાળે અવસર્પિણી કાળનો પંચમ આરો પૂરો થયા પછી છઠ્ઠો આરો શરૂ થાય છે, અને લોકો અનાર્યવૃત્તિવાળા, હિંસક તથા માંસાહારી થઇ જાય છે; ત્યાર પછી ઉત્સર્પિણી કાળની શરૂઆતમાં આષાઢ વદ * એકમથી શરૂ કરીને ૪૯ દિવસ સુધીમાં અમુક પ્રકારના વરસાદ, પવન આવે છે અને ફળ-ફૂલ વગેરે પાકે છે. તે જોઈને લોકોના મનમાં આર્યબુદ્ધિ ઊપજે છે અને ત્યારથી તેઓ માંસાહાર વગેરે હિંસકવૃત્તિ છોડીને તે ફળ-ફૂલથી જીવનનિર્વાહ કરે છે; આ રીતે ભાદરવા સુદ પાંચમના દિવસે લોકોમાં ઘણા કાળથી ચાલતી અનાર્યતા ને હિંસકવૃત્તિ પલટીને આર્યતા-સરળતા-ક્ષમાભાવ પ્રગટ થાય છે; તેથી તે દિવસથી શરૂ કરીને દશ દિવસ સુધી દશ લક્ષણ પર્વ ઊજવાય છે. પર્વ એટલે મંગળકાળ, પવિત્ર અવસર; ખરેખર પોતાના આત્મ-સ્વભાવની ઓળખાણપૂર્વક જે નિર્મળ વીતરાગી દશા પ્રગટ કરવી તે જ સાચું પર્વ છે, તે જ આત્માનો મંગળકાળ છે, ને તે જ પવિત્ર અવસર છે. જ્યાં આવું **ભાવ-પર્વ** હોય ત્યાં બાહ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળને ઉપચારથી પર્વ કહેવામાં આવે છે. સાચી રીતે આત્માના શુદ્ધ ભાવમાં જ પર્વ છે, રાગાદિમાં કે બાહ્ય પદાર્થોમાં પર્વ નથી. આટલું ભેદજ્ઞાન રાખીને જ દરેક કથનના અર્થો સમજવા. પર્વોનું પ્રયોજન આત્માના વીતરાગભાવની વૃદ્ધિ કરવાનું છે.

---

* આ વરસાદની શરૂઆત અષાઢ વદ એકમથી થાય છે તેથી જૈનશાસન પ્રમાણે તે જ દિવસથી નવા વર્ષની શરૂઆત થાય છે.

મુનિરાજોને ચારિત્રદશામાં ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકારના ધર્મો હોય છે. ભાદરવા સુદ ૫ થી ૧૪ સુધી દશ દિવસો દરમિયાન એ દશ ધર્મોની ક્રમસર ભાવના ભાવવામાં આવે છે, તેથી તે દશ દિવસોને 'દશ લક્ષણ પર્વ' કહેવામાં આવે છે. એ ધ્યાન રાખવું કે, આ ભાદરવા સુદ ૫ વગેરે દિવસ તે તો કાળદ્રવ્યની દશા છે તેમાં ઉત્તમ ક્ષમાદિ ધર્મ નથી, પણ આત્મામાં સમ્યગ્યદર્શનપૂર્વક વીતરાગભાવ પ્રગટ કરવો તે જ ઉત્તમ ક્ષમાધર્મનું પર્વ છે, અને એ ભાવ ગમે તે વખતે આત્મા પ્રગટ કરી શકે છે. તિથિના આધારે ધર્મ નથી પણ આત્માના આધારે ધર્મ છે.

ભાદરવા સુદ ૫ થી ૧૪ સુધીના દશ દિવસોને અનુક્રમે ૧-ઉત્તમક્ષમા, ૨-માર્દવ (નિરભિમાનતા), ૩-આર્જવ (સરળતા), ૪-શૌચ (નિર્લોભતા), ૫-સત્ય, ૬-સંયમ, ૭-તપ, ૮-ત્યાગ, ૯-આકિંચનપણું અને ૧૦-બ્રહ્મચર્ય ધર્મના દિવસો ગણાય છે. અને એ દશ દિવસો દરમિયાન દશ ધર્મના સ્વરૂપનું વર્ણન, તેના માહાત્મ્યનું ચિંતવન, તેની પ્રાપ્તિનો અભ્યાસ તથા ભાવના કરવામાં આવે છે.

પરંતુ વર્તમાનમાં તો ઉત્તમ ક્ષમાદિ ધર્મનું સત્યસ્વરૂપ શું છે તે મોટા ભાગના લોકો જાણતા નથી, તેમ જ તે જાણવાની દરકાર પણ કર્યા વગર માત્ર રૂઢિ મુજબ દશ દિવસો ઊજવીને પોતાને કૃતકૃત્ય માની લે છે. પરિણામે, આત્માના ઉત્તમ ક્ષમાદિ ધર્મનું સ્વરૂપ નહિ જાણતા હોવાને લીધે તેઓ તે ધર્મની સાચી ઉપાસના કરી શકતા નથી, ને તેથી આત્મકલ્યાણથી તો તેઓ વંચિત જ રહે છે. જેઓ આત્માનું સ્વરૂપ સમજીને પોતામાં ઉત્તમ ક્ષમાદિધર્મની આરાધના પ્રગટ કરે તેમણે જ યથાર્થ રીતે દશ લક્ષણ પર્વ ઊજવ્યું ગણાય.

વીર સં. ૨૪૭૩નાં દશ લક્ષણ પર્વ ના દિવસોમાં સોનગઢમાં પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ શ્રી પદ્મનંદિ આચાર્યદેવ રચિત પદ્મનંદિ-પચ્ચીસીમાંથી ઉત્તમ ક્ષમાદિ દશધર્મોના વ્યાખ્યાનો કરીને તે ધર્મનું યથાર્થસ્વરૂપ અપૂર્વ રીતે સમજાવ્યું છે, તે વ્યાખ્યાનો આ પુસ્તિકારૂપે છપાવવામાં આવ્યા છે. * ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવનું મહાસૂત્ર છે કે 'दंसणमूलो धम्मा' અર્થાત્ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે; તે અનુસાર આ ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મનું મૂળ પણ

---

* આ વ્યાખ્યાનો આત્મધર્મમાં પણ અનુક્રમે અંક ૪૮, ૫૪, ૫૫, ૫૭, ૫૮, ૫૯ અને ૬૦માં છપાઈ ગયાં છે.

સમ્યગ્દર્શન જ છે એ વાત આ પ્રવચનોમાં બહુ જ સારી રીતે સમજાવી છે તેમજ જો કે આ ઉત્તમ ક્ષમાદિ દશધર્મો મુખ્યપણે મુનિના ધર્મો છે. પરંતુ ગૃહસ્થ-શ્રાવકોને પણ સમ્યગ્દર્શન પૂર્વક તે ઉત્તમ ક્ષમાદિ ધર્મો કેવા પ્રકારે હોઈ શકે છે તે પણ આમાં બતાવ્યું છે.

આત્માર્થી જીવો આ પ્રવચનો દ્વારા ઉત્તમ ક્ષમાદિદશ ધર્મોનું સાચું સ્વરૂપ સમજો અને પોતાના આત્મામાં તે ધર્મની આરાધના પ્રગટ કરો !

**રામજી માણેકચંદ દોશી**
પ્રમુખ
શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ–સૌરાષ્ટ્ર

ભાદ્રપદ સુદ ૧૪
વીર સં. ૨૪૭૪

# ચોથી આવૃત્તિના પ્રસંગે.....

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં 'દશ લક્ષણ ધર્મ' ઉપરનાં પ્રવચનોની, તત્ત્વ જિજ્ઞાસુઓ તરફથી સતત માંગ રહેવાના કારણે ચોથી આવૃત્તિ પ્રગટ કરતાં આનંદ અનુભવાય છે.

આ પ્રવચન ગ્રંથના અધ્યયન વડે મુમુક્ષુઓ નિજ કલ્યાણ સાધે—એવી ભાવના ભાવીએ છીએ.

વિ. સં. ૨૦૫૭,
શ્રાવણ વદ-૨,
પૂજ્ય બહેનશ્રીની ૮૮મી જન્મજયંતી

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ-૩૬૪૨૫૦

# दंसणमूलो धम्मो

**ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ દર્શનપ્રાભૃતની બીજી ગાથામાં કહે છે કે–સર્વજ્ઞભગવાને ગણધરાદિક શિષ્યોને જે ધર્મ ઉપદેશ્યો છે તે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.**

શ્રી સર્વજ્ઞદેવની પરંપરાથી જે જિનમત પ્રવર્તે છે તેમાં ધર્મની પ્રરૂપણા ચાર પ્રકારે છે; તે ચારે પ્રકારમાં ધર્મનું મૂળ સમ્યગ્ગ્દર્શન જ છે. તે ચાર પ્રકાર નીચે પ્રમાણે છે.

**૧. વસ્તુસ્વભાવ તે ધર્મ**—આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે, તેનો સ્વભાવ જ્ઞાનદર્શનમય ચેતના છે, તે ચેતના શુદ્ધતારૂપે પરિણમે અર્થાત્ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન–રમણતારૂપે પરિણમે તે ધર્મ છે. આત્મા ત્રિકાળ શુદ્ધ ચેતના સ્વરૂપ વસ્તુ છે અને વિકાર ક્ષણિક છે-એવા ભેદજ્ઞાનપૂર્વક આત્મસ્વભાવની પ્રતીત અને અનુભવ તે સમ્યગ્દર્શન છે અને **તે જ વસ્તુસ્વભાવનું મુળ છે.**

**૨. દશ લક્ષણરૂપ ધર્મ**—સમ્યગ્દર્શનવડે શુદ્ધ આત્મસ્વભાવની શ્રદ્ધા કરીને તેનું જ્ઞાન અને સ્થિરતા પ્રગટ કરીને આત્માને કષાય ભાવોથી બચાવી લેવો તે જ ઉત્તમ ક્ષમાદિ ધર્મ છે. તે ઉત્તમ ક્ષમાદિ ધર્મો સમ્યગ્દર્શન વગર હોય નહિ. સમ્યગ્દર્શન વગર દ્રવ્યલિંગી મુનિ થાય અને કોઇ બાળી મૂકે છતાં ક્રોધ ન કરે, સિંહ ખાઈ જાય છતાં બોલે નહિ અને શુભ પરિણામ રાખે તો પણ તેને 'ઉત્તમ ક્ષમા' કહેવાય નહીં. કેમ કે તે સમ્યગ્દર્શન રહિત જીવ એમ માને છે કે મેં આ ઘણું કર્યું અને શુભપરિણામ રાખ્યા તેથી હવે મને ધર્મ થશે. જેણે શુભભાવને સારા માન્યા અને તેનાથી આત્માને લાભ માન્યો તે જીવને શુભાશુભ રહિત શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર ક્રોધ (અરુચિ) છે, તેને અનંતાનુબંધી ક્રોધ કહેવાય છે. **માટે સમ્યગ્દર્શન જ ઉત્તમ-ક્ષમાદિ દશ ધર્મોનું મૂળ છે.**

**૩. રત્નત્રયરૂપી ધર્મ**—પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને

ચારિત્ર તે રત્નત્રયધર્મ છે. **તેનું મૂળ પણ સમ્યગ્દર્શન જ છે.**

**૪. જીવરક્ષારૂપ ધર્મ**—જ્ઞાનદર્શન સ્વરૂપ આત્મા છે, તેની પુણ્ય-પાપના વિકારી ભાવોથી રક્ષા કરવી એટલે કે પુણ્ય-પાપના ભાવોને આત્માનો સ્વભાવ ન માનવો પણ પુણ્ય-પાપથી ભિન્ન શુદ્ધ જ્ઞાન દર્શનમય આત્મસ્વભાવને શ્રદ્ધામાં, જ્ઞાનમાં અને સ્થિરતામાં ટકાવી રાખવો તે જ સાચી જીવરક્ષા છે. પર જીવને હું બચાવી શકું એમ માનવું તથા પુણ્ય-પાપના પરિણામો વડે આત્માને લાભ માનવો તે જ સ્વ જીવની હિંસા છે. પર જીવની રક્ષા કે હિંસા તો કોઇ કરી શકતા જ નથી, કેમકે પરજીવનાં જીવન કે મરણ તે આ જીવને આધીન નથી. સમ્યગ્દર્શન વડે પોતાના શુદ્ધ સ્વભાવને ઓળખીને તેને જેટલે અંશે વિકારથી બચાવી લે તેટલે અંશે જીવરક્ષારૂપધર્મ છે. **આનું મૂળ પણ સમ્યગ્દર્શન જ છે.**

આ રીતે સર્વજ્ઞદેવે કહેલા આત્માના બધા ધર્મોનું મૂળ સમ્યગ્દર્શન છે. જેમ મૂળિયા વગર ઝાડ ન ઊગે અને પાયા વગર મકાન ન થાય તેમ સમ્યગ્દર્શન વગર કોઇ પ્રકારનો ધર્મ હોતો નથી.

*

# વિષયાનુક્રમણિકા


| | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ઉત્તમ ક્ષમાધર્મ | ૧ |
| ૨. | ઉત્તમ માર્દવધર્મ | ૧૩ |
| ૩. | ઉત્તમ આર્જવધર્મ | ૨૦ |
| ૪. | ઉત્તમ સત્યધર્મ | ૨૪ |
| ૫. | ઉત્તમ શૌચધર્મ | ૩૦ |
| ૬. | ઉત્તમ સંયમધર્મ | ૩૩ |
| ૭. | ઉત્તમ તપધર્મ | ૩૮ |
| ૮. | ઉત્તમ ત્યાગધર્મ | ૪૨ |
| ૯. | ઉત્તમ આકિંચન્યધર્મ | ૪૯ |
| ૧૦. | ઉત્તમ બ્રહ્મચર્યધર્મ | ૫૩ |
| ૧૧. | ધર્મનું સ્વરૂપ | ૬૧ |


*

# ૧ ઉત્તમ ક્ષમાધર્મ

ભાદરવા સુદ : ૫

## દશ લક્ષણ પર્વ

આજથી દશ લક્ષણ પર્વ શરૂ થાય છે. પહેલો દિવસ ઉત્તમ ક્ષમાનો છે. ચારિત્રદશામાં વર્તતા મુનિઓને ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકારના ધર્મો હોય છે. એ ઉત્તમ ક્ષમા વગેરેથી જ ચારિત્રદશા હોય છે, તે ચારિત્ર મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તે ચારિત્રનું કારણ છે. સમ્યગ્દર્શન–જ્ઞાનને મોક્ષમાર્ગ કહેવો તે ઉપચાર છે ; કેમ કે જેને સમ્યગ્દર્શન-જ્ઞાન થયાં હોય તેને સમ્યક્ચારિત્ર અલ્પકાળે અવશ્ય પ્રગટે છે, તેથી સમ્યગ્દર્શન થતાં જ મોક્ષમાર્ગ કહી દીધો, પણ મોક્ષ માટે સાક્ષાત્ કારણ તો વીતરાગી ચારિત્રદશા છે. તે ચારિત્રદશાના ઉત્તમ ક્ષમા વગેરે દશ પ્રકાર છે. એ ઉત્તમ ક્ષમા વગેરે દશ પ્રકારના ધર્મની આરાધનાનું પર્વ આજથી શરૂ થાય છે. 'દશ લક્ષણ પર્વ' એટલે 'મોક્ષની આરાધનાનો મહોત્સવ.'

## ઉત્તમ ક્ષમાની વ્યાખ્યા

આજનો દિવસ 'ઉત્તમ ક્ષમા'નો ગણાય છે. સમ્યગ્દર્શન વગર ઉત્તમ ક્ષમા હોય જ નહિ. લૌકિકમાં શુભભાવને ક્ષમા કહેવાય છે, તેનો નિષેધ કરવા માટે અહીં ઉત્તમ ક્ષમા એમ કહ્યું. ઉત્તમ ક્ષમા એટલે સમ્યગ્દર્શનપૂર્વક વીતરાગભાવરૂપ ક્ષમા.

નિશ્ચયથી પોતાનો આત્મસ્વભાવ ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે. તેની ઓળખાણ અને બહુમાન કરવું તથા રાગ-દ્વેષ-ક્રોધાદિની રુચિ છોડવી તે જ ઉત્તમ ક્ષમાની સાચી આરાધના છે. આત્મસ્વભાવનો અનાદર કરીને પુણ્ય-પાપની રુચિ કરવી તે જ ક્રોધ છે, અને આત્મસ્વભાવના આદર વડે પુણ્ય-પાપની રુચિ છોડી દેવી તે જ ઉત્તમ ક્ષમા છે.

## પર્વ કોનું ?

દશ દિવસોને પર્વ કહેવું તે તો ઉપચાર છે, આત્માના સ્વભાવની ઓળખાણપૂર્વક ચારિત્રધર્મની દશ પ્રકારે આરાધના કરવી તે જ સાધક જીવનું

સાચું પર્વ છે, પર્વ એટલે આરાધના. તે આરાધનાનો આરોપ કરીને અમુક દિવસને પણ 'પર્વ' કહેવું તે વ્યવહાર છે. પણ જે આત્મા પોતામાં આરાધકભાવ પ્રગટ કરે તેને માટે દિવસને વ્યવહારથી પર્વ કહેવાય. પણ જેને આત્માનું ભાન નથી તેને પોતામાં જ પર્વ નથી, તો દિવસમાં પણ ઉપચાર કોનો કરવો ?

## `ઉત્તમ ક્ષમા' ક્યારે હોય ?

આત્માની પર્યાયમાં જે પુણ્ય-પાપ થાય તેની રુચિ થાય તે જ અનંત ક્રોધ છે. જ્ઞાયક સ્વભાવની રુચિ વડે તે ક્રોધનો નાશ કરવો તે જ ઉત્તમ ક્ષમારૂપ ચારિત્રદશા પ્રગટવાનું બીજ છે. અને સ્વભાવની રુચિ પછી વિશેષ સ્થિરતાવડે વીતરાગભાવ પ્રગટ કરીને પુણ્ય-પાપનો નાશ કરવો તે ઉત્તમ ક્ષમા છે. આવી ક્ષમા મુનિદશામાં હોય છે. આજે તે ઉત્તમ ક્ષમાની આરાધનાનો દિવસ છે. ઉત્તમ ક્ષમાની આરાધના મુનિઓને તો સદાય હોય છે. તે આરાધના તો ગમે ત્યારે જીવ કરી શકે છે, પરંતુ આજે ખાસ વિશેષપણે તેનું સ્મરણ કરીને સાધક જીવો તેની ભાવના કરે છે.

## પદ્મનંદિ શાસ્ત્રમાંથી ઉત્તમ ક્ષમાધર્મનું સ્વરૂપ

•આજે મંગળિક તરીકે શ્રી પદ્મનંદિ આચાર્યકૃત પદ્મનંદિ પચ્ચીસીમાંથી ઉત્તમ ક્ષમાનું સ્વરૂપ વંચાય છે—

( માલિની )

जडजनकृतबाधाक्रोशहासप्रियादा-
वपि सति न विकार यन्मनो याति साधोः ।
अमलविपुलचित्तैरुत्तमा सा क्षमादौ
शिवपथपथिकानां सत्सहायत्वमेति ।।८२।।

(પદ્મનંદિ૦ અધિ૦ ૧)

મૂર્ખ—અજ્ઞાની જનો દ્વારા બંધન, ક્રોધ, મશ્કરી, હાસ્ય વગેરે કરવામાં આવે છતાં પણ સાધુ પોતાના નિર્મળ અને ગંભીર ચિત્તથી વિકૃત થતા નથી, તે જ ઉત્તમ ક્ષમા છે; એવી ઉત્તમ ક્ષમા મોક્ષમાર્ગના પથિક એવા તે સંતોને ખરેખર સહાયતા કરનારી છે.

## ઉત્તમ ક્ષમા કોને હોય છે ?

જે ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મો છે તેમાં મુખ્યપણે તો ચારિત્રનું જ આરાધન છે, એટલે કે તે દશધર્મોનું પાલન મુખ્યપણે મુનિદશામાં જ હોય છે, શ્રાવકને ગૌણપણે પોતપોતાની ભૂમિકા અનુસાર અંશે હોય છે. મોક્ષમાર્ગ જ દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ છે. તે ચારિત્રદશામાં જ હોય છે; સમ્યગ્દષ્ટિ જીવોને નિયમથી ચારિત્ર પ્રગટવાનું જ છે તેથી ચોથા-પાંચમા ગુણસ્થાને પણ ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. ઉત્તમ ક્ષમા એટલે સમ્યગ્દર્શનપૂર્વકની ક્ષમા. ઉત્તમ ક્ષમા મિથ્યાદષ્ટિને હોતી નથી.

## ઉત્તમ ક્ષમા સિવાયની બીજી ચાર ક્ષમાઓ

ક્ષમાના પાંચ પ્રકાર છે, તેમાંથી ચાર તો પુણ્યબંધના કારણરૂપ છે અને પાંચમી ક્ષમાને 'ઉત્તમ ક્ષમા' કહેવાય છે, તે ધર્મ છે.

(૧) 'જો હું ક્રોધ કરીશ તો મને નુકશાન થશે, જો અત્યારે હું સહન નહિ કરું તો મને ભવિષ્યમાં મોટું નુકશાન કરશે'—એવા ભાવથી ક્ષમા કરે તે રાગરૂપ ક્ષમા છે. જેમ નિર્બળ મનુષ્ય સબળાનો વિરોધ ન કરે તેમ, 'હું ક્ષમા કરું તો મને કોઈ હેરાન ન કરે' એવા ભાવથી ક્ષમા રાખવી તે બંધનું જ કારણ છે. કેમકે તેમાં ક્રોધાદિ કરવાની ભાવના તો ટળી નથી. મારું સ્વરૂપ જ કોઈ પ્રસંગે ક્રોધ કરવાનું નથી, 'હું તો જ્ઞાન જ કરનાર છું' એવા ભાન વગર કદી પણ ક્ષમાધર્મ હોય નહિ; પણ શુભરાગરૂપ ક્ષમા હોય, તે બંધનું કારણ છે, પણ ધર્મ નથી.

(૨) 'હું ક્ષમા કરું તો બીજા તરફથી મને લાભ થાય,–એવા ભાવથી શેઠ વગેરેનો ઠપકો સહન કરે, અને ક્રોધ ન કરે, તે પણ ખરી ક્ષમા નથી.

(૩) હું ક્ષમા નહિ કરું તો કર્મ બંધાશે અને નરકાદિ દુર્ગતિમાં જવું પડશે, માટે હું ક્ષમા કરું તો કર્મબંધન અટકે–એવા ભાવથી ક્ષમા કરે તે સાચી ક્ષમા નથી, તે ક્ષમા તો બંધનું કારણ છે.

(૪) ક્રોધાદિ ન કરવા એવી વીતરાગની આજ્ઞા છે અને શાસ્ત્રોમાં પણ તેમ કહ્યું છે. માટે મારે ક્ષમા કરવી જોઈએ, જેથી મને પાપ ન બંધાય. આવા ભાવે ક્ષમા રાખવી તે પણ પરાધીન ક્ષમા છે, રાગ છે, તેનાથી ધર્મ નથી.

## ઉત્તમ ક્ષમા ધર્મ

ઉપરની ચારે ક્ષમા બંધનું કારણ છે, તે ચારેમાં ક્યાંય સ્વ આત્માનું તો લક્ષ આવ્યું નહિ, પણ પર લક્ષે જ રાગ ઘટાડીને ક્ષમા રાખી, તે સહજ ક્ષમા નથી. ઉત્તમ ક્ષમા તો સહજ વીતરાગતારૂપ છે. આત્માના સ્વરૂપને ભૂલીને પુણ્ય પાપની રુચિ કરવી તે મહાન ક્રોધ છે, અને આત્માના ત્રિકાળી સ્વરૂપની રુચિવડે તે શુભાશુભની રુચિ છોડી દેવાથી વીતરાગી ક્ષમાભાવ પ્રગટે છે. મુનિદશામાં શરીરને સિંહ-વાઘ ખાઈ જતા હોય છતાં તે તરફની કોઈ લાગણી જ ન ઊઠે—અશુભ લાગણી તો ન ઊઠે અને શુભ લાગણી પણ ન ઊઠે–એવી જે આત્માની ઉત્કટ આનંદમય વીતરાગદશા તે જ ઉત્તમ ક્ષમા છે, તે જ ધર્મ છે. તેમાં દુઃખ નથી પણ આનંદ છે. આજે તે ઉત્તમ ક્ષમાધર્મનો દિવસ છે. તેથી શ્રી પદ્મનંદિમુનિએ ઉત્તમ ક્ષમાનું જે વર્ણન કર્યું છે તે આજે વંચાય છે.

## સાધકની સહચરી ઉત્તમ ક્ષમા

આ ગાથામાં અજ્ઞાની જીવોને 'જડ જન' કહ્યા છે. જેમને ચૈતન્યસ્વરૂપ આત્માની ખબર નથી અને રાગાદિને જ આત્મા માને છે તેને પરમાર્થે 'જડ' કહેવાય છે. એવા અજ્ઞાનીઓના કઠોર વચનો સ્વભાવના આશ્રયે રહીને જ્ઞાનીઓ સહન કરે છે, તે ઉત્તમ ક્ષમા છે. સાધુઓ ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગે પોતાના ધીર અને વીર સ્વભાવથી ચ્યૂત થતા નથી. આત્મસ્વભાવની અરુચિ જેનું લક્ષણ છે એવો ક્રોધ છોડીને જેમણે સાધકદશા પ્રગટ કરી છે અને પછી સ્થિરતાના વિશેષ પુરુષાર્થ વડે ધીર થઈને જ્ઞાનસ્વરૂપમાં સમાઈ ગયા છે, એવા સંતોને, બાહ્યમાં કોણ પ્રતિકૂળ છે કે કોણ અનુકૂળ છે તેની દરકાર હોતી નથી, પણ પોતાના પુરુષાર્થને સ્વભાવમાં જ સમેટીને જેઓ સમભાવરૂપ પરિણમે છે તેમને ઉત્તમ ક્ષમા છે. મોક્ષમાર્ગે વિચરતા સાધુઓને તે ઉત્તમ ક્ષમા સૌથી પહેલાં સહાય કરનાર છે.

આત્માને મોક્ષમાર્ગમાં જતાં કોઈ પર પદાર્થ સહાયક નથી, પણ ઉત્તમ ક્ષમારૂપ પોતાનો નિર્મળ પર્યાય તે જ પોતાને સહાયક છે–એમ કહીને આચાર્યદેવે માંગળિક કર્યું.

## જ્ઞાનીની ક્ષમા મોક્ષનું કારણ; અજ્ઞાનીની ક્ષમા સંસારનું કારણ

જેમણે પોતાના ચૈતન્યસ્વરૂપના ભાન વડે પુણ્ય-પાપ બંનેને સમાન ગણ્યા છે અને જ્ઞાયકદશા પ્રગટ થઈ છે એવા મુનિનું ચિત્ત ધીર અને વીર હોય છે. પરિણતિમાં અનંત ધીરજ પ્રગટી છે તેથી મન ક્ષોભ પામતું નથી અને પુરુષાર્થમાં વીરતા છે એટલે તે સ્વભાવમાં ઠરવાનું કાર્ય કરે છે. 'બહારમાં કોઈ ગાળ દે તો પણ કોને? અને સ્તુતિ કરે તો પણ કોની? બંધન કરે તો કોને? ને સેવા કરે તો કોની? આ શરીર તો હું નથી અને મારા આત્માને કોઈ બંધનાદિવડે નુકશાન કરી શકતાં નથી.' આવું ભાન તો સમ્યગ્દૃષ્ટિને હોય છે, પરંતુ ત્યાર પછી વિશેષ પુરુષાર્થવડે ચારિત્રદશા પ્રગટતાં વિકલ્પ પણ ન ઊઠે અને સહજ ક્ષમા પ્રગટે તે ઉત્તમ ક્ષમાધર્મ છે. પરંતુ કોઈ જીવ મને લાકડી મારે ને હું સહન કરું એમ માનીને જે ક્ષમા રાખે તે ધર્મ નથી. પહેલાં તો લાકડી શરીરને લાગે છે છતાં 'મને લાકડી લાગી' એમ માનવું તે જ મિથ્યાત્વ છે. ઘણો લાઠીમાર સહન કરે અને બંદૂકની ગોળી ઉઘાડા શરીરે સહન કરે–અને એમ માને કે 'હું ઘણું સહન કરું છું તેથી બીજાનું હિત થશે, બીજાના હિત માટે જ હું ક્ષમા કરું છું.' તો એમ માનનાર જીવ મિથ્યાદૃષ્ટિ જ છે, તેને કિંચિત્ ધર્મ નથી. પરમાર્થે તો તેને સ્વરૂપની અરુચિરૂપ મહાન ક્રોધ વર્તે છે. એવા જીવોની રાગરૂપ ક્ષમા તે કદી મોક્ષની સહાયક નથી, પણ તે તો સંસારનું જ કારણ છે. અને ઉપર જે વીતરાગી ઉત્તમ ક્ષમા જણાવી છે તે જ મોક્ષની સહાયક છે; તે ઉત્તમ ક્ષમારૂપ ચારિત્રવડે મુનિઓ સંપૂર્ણ વીતરાગતા મેળવવા પ્રયત્ન કરે છે. જેમને સમ્યગ્દર્શન હોય તેમને ચારિત્ર દશા પ્રગટ કરવા માટે અનંત પુરુષાર્થ કરવો બાકી છે. ચારિત્ર તે ધર્મ છે; ધર્મ વીતરાગતારૂપ છે. સમ્યક્આત્મભાનપૂર્વક સ્વભાવની સેવના વડે વીતરાગતા પ્રગટ કરવી તે આરાધના છે, ને તે મોક્ષમાર્ગ છે.

## પહેલાં ઓળખાણ પછી ભાવના

એવો ઉત્તમ ક્ષમાધર્મ પ્રગટ કરવા માટે પહેલાં તો ઉપયોગસ્વરૂપ આત્માને ક્રોધાદિથી ભિન્ન ઓળખવો જોઈએ. એ ઓળખાણ પછી જ ઉત્તમ ક્ષમાદિ સાચી ભાવના હોઈ શકે છે. ૮૨

ચૈતન્યસ્વરૂપ આત્માની રુચિ પ્રગટ કરીને શુભાશુભભાવોની રુચિ છોડી

દેવાથી જે વીતરાગી ભાવ પ્રગટે છે તે ઉત્તમ ક્ષમા છે. અને એ ઉત્તમ ક્ષમા સાધક જીવને મોક્ષમાર્ગમાં સહચારિણી છે,–એ વાત પહેલા શ્લોકમાં જણાવી. હવે, ઉત્તમ ક્ષમાધર્મથી વિરુદ્ધ એવો જે ક્રોધભાવ તે મુનિશ્વરોએ દૂરથી જ છોડવો જોઈએ —એમ શ્રી આચાર્યદેવ કહે છે:—

( વસંતતિલકા )

श्रामण्यपुण्यतरुरुच्च गुणौघशाखा-
पत्रप्रसूननिचितोऽपि फलान्यदत्वा ।
याति क्षयं क्षणत एव घनोग्रकोप-
दावानलात् त्यजत तं यतयोऽतिदूरम् ।।૮૩।।

શ્રી પદ્મનંદિ આચાર્યદેવ કહે છે કે, સમ્યગ્દર્શનાદિ ગુણો સહિત મુનિવરો પવિત્ર વૃક્ષ સમાન છે, અને ઉત્તમ ક્ષમા વગેરે ગુણો તેની શાખા-પાન અને ફૂલ સમાન છે; અલ્પકાળમાં જ એ વૃક્ષ ઉપર મોક્ષરૂપી ફળ આવવાના છે. પરંતુ જો ક્રોધરૂપી ભયંકર દાવાનલ પ્રવેશ કરી જાય તો તે મુનિદશારૂપી વૃક્ષ કાંઈપણ ફળ દીધા વગર વાત વાતમાં નાશ પામી જાય છે; માટે મુનિવરો ક્રોધાદિને દૂરથી જ છોડો.

મુનિરાજો વૃક્ષ સમાન છે, ને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તેની શાખાઓ છે, ને મોક્ષદશા તેનું ફળ છે. ઉત્તમ ક્ષમા વગેરે દશધર્મો સમ્યક્ચારિત્રના જ ભેદો છે. સમ્યક્ચારિત્રરૂપી વૃક્ષ વગર મોક્ષરૂપી ફળ આવતું નથી. જો તે યતિરૂપી વૃક્ષમાં ક્રોધરૂપી અગ્નિ લાગે તો તે ઝાડ નષ્ટ થઈ જાય છે, ને મોક્ષફળ આવતું નથી. મુનિદશા તે મોક્ષની નિકટતમ સાધક છે. મુનિ તો મોક્ષફળ આવવાની તૈયારીવાળું પાકેલું વૃક્ષ છે; ઉત્તમ ક્ષમા વડે મુનિવરો અલ્પકાળમાં મોક્ષ પામે છે. પણ જો આત્મસ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન-પૂર્વક ક્ષમાથી ખસીને ક્રોધ કરે તો તે ક્રોધરૂપી અગ્નિવડે યતિરૂપી વૃક્ષ બળી જાય છે. માટે ક્રોધને દૂરથી જ છોડવા યોગ્ય છે એટલે કે ક્રોધ થવા જ ન દેવો.

અહીં મુખ્યપણે મુનિઓને ઉદ્દેશીને કથન છે, શ્રાવક–ગૃહસ્થો ગૌણપણે છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને પણ અંશે ઉત્તમ ક્ષમાધર્મ હોય છે. વિકાર થતો હોવા છતાં તે રહિત મારું સ્વરૂપ છે—એવી ઓળખાણપૂર્વક સ્વભાવનો આદર છે ને વિકારનો આદર નથી તેથી તેમને ઉત્તમ ક્ષમા છે. સ્વભાવને વિકારવાળો માનીને વિકારનો

આદર કરવો ને વિકાર રહિત જ્ઞાનસ્વભાવનો અનાદર કરવો એ જ ક્રોધ છે.

સમ્યગ્દર્શનપૂર્વક વિશેષ સ્વરૂપ સ્થિરતા કરીને જેઓ મુનિ થયા છે, તેઓએ પોતાના ચારિત્ર સ્વભાવમાં ક્રોધને પેસવા દેવો નહિ. અનંતાનુબંધી વગેરે ત્રણ પ્રકારના કષાયો તો ટાળ્યા જ છે ને તેટલી ઉત્તમ ક્ષમા તો પ્રગટી જ છે. પણ હજી સંજ્વલન કષાય છે તેનાથી આત્માના ગુણનો પર્યાય બળે છે. જે ત્રણ કષાય ટાળ્યા છે તે તો ન જ થવા દેવા, અને જે અત્યંત મંદ કષાય રહ્યો છે તેને પણ તોડીને સંપૂર્ણ વીતરાગતા કરવી. અહીં કોઈ બીજા પાસેથી ક્ષમા લેવાની નથી. 'ભાઈ, તમે મને ક્ષમા કરજો'—એવા શુભ પરિણામ તે ઉત્તમ ક્ષમા નથી. બીજા પાસે ક્ષમા માગે પણ બીજો ક્ષમા ન આપે—તો શું આ જીવ પોતે ક્ષમાભાવ ન કરી શકે? ખરી ક્ષમા તો પોતે પોતાના આત્માને આપે છે. પૂર્વે આત્માને રાગવાળો-વિકારવાળો માનીને આત્મસ્વભાવ ઉપર ક્રોધ કર્યો તે દોષની આત્મા એમ ક્ષમા માગે છે કે હે આત્મા, તને ક્ષમા હો. હવે હું તને ખમાવું છું. તારા અખંડ જ્ઞાન સ્વભાવમાં એક વિકલ્પ પણ ન થવા દઉં. હે આત્મા, ક્ષમા હો તારા પરમાત્મ સ્વભાવને. હવે હું તારા આદરને છોડીને એક વિકલ્પમાત્રનો આદર નહિ કરું. આમ પોતે પોતાના સ્વરૂપને ઓળખીને અખંડ આનંદપણે ટકાવી રાખવાની ભાવના કરે છે. તેમાં જેટલો રાગ ટળીને વીતરાગભાવ પ્રગટ્યો તેટલી ઉત્તમ ક્ષમા છે, તે ધર્મ છે ને તેનું ફળ મોક્ષ છે.

ઉત્તમ ક્ષમાનું પાલન કરવામાં શ્રી અરિહંત શૂરવીર છે. સાધકદશામાં તેમણે એવી ઉત્તમ ક્ષમા લીધી કે વિકલ્પને પણ છોડીને વીતરાગભાવ ધારણ કરીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. શ્રી પાર્શ્વનાથ ભગવાન મુનિદશામાં હતા ને ધ્યાનમાં બેઠા હતા ત્યારે કમઠે મહા ઉપસર્ગ કર્યા. પરંતુ તેમણે તો આત્માના સ્વરૂપની એકાગ્રતારૂપ ઉત્તમ ક્ષમા ધારણ કરીને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ઉપસર્ગ કરનાર કમઠ ઉપર દ્વેષનો વિકલ્પ નથી, ને સેવા કરનાર ઇન્દ્ર ઉપર રાગનો વિકલ્પ નથી, એકરૂપ સ્વભાવમાં લીનતા થતાં સંપૂર્ણ વીતરાગભાવ પ્રગટીને કેવળજ્ઞાન થાય છે. આવો વીતરાગી ભાવ તે જ ઉત્તમ ક્ષમા છે. આત્માનું સ્વરૂપ સમજીને તેનું બહુમાન કરવું તે જ ઉત્તમ ક્ષમાની આરાધનાનું સાચું પર્વ છે. મારો જ્ઞાનસ્વભાવ અંતરમાં સહજ ક્ષમા સ્વરૂપ છે. ક્રોધની વૃત્તિ મારામાં છે જ નહિ—આમ પોતાના સ્વભાવના અને ક્રોધના ભેદજ્ઞાનપૂર્વક

સ્વભાવની એકાગ્રતા તે સહજ ક્ષમા છે, ને તે જ ધર્મ છે. એવો ક્ષમાભાવ જે આત્મા પોતામાં પ્રગટ કરે તે જ પર્વનું સાચું આરાધન કરનાર છે.

ઉત્તમ ક્ષમાને ધારણ કરનારા ધર્માત્મા કેવી ભાવના કરે છે તે હવે બતાવે છે–

( શાર્દૂલવિક્રીડિત )

तिष्ठामो वयमुज्ज्वलेन मनसा रागादिदोषोज्झिताः
लोकः किंचिदपि स्वकीयहृदये स्वेच्छाचरो मन्यताम् ।
साध्या शुद्धिरिहात्मनः शमवतामत्रापरेण द्विषा
मित्रेणापि किमु स्वचेष्टितफलं स्वार्थः स्वयं लप्स्यते ॥८४॥

ધર્માત્મા જીવ ઉત્તમ ક્ષમાધર્મનું ચિંતવન કરતાં એમ ભાવના કરે છે કે, આ સ્વેચ્છાચારી લોક પોતાના હૃદયમાં મને ભલો કે બૂરો–ગમે તેવો માને, પણ હું તો રાગ-દ્વેષ રહિત થઈને મારા ઉજ્જ્વળ જ્ઞાનમાં જ સ્થિત રહીશ. ઉત્તમ ક્ષમાના ધારક પુરુષોને એક પોતાના આત્માની શુદ્ધિ જ સાધ્ય છે. આ જગતમાં બીજો વેરી હો કે મિત્ર હો–તેથી મારે શું? વેરી કે મિત્ર મારું તો કાંઈ કરી શકતા નથી. જે દ્વેષરૂપ તે પ્રીતિરૂપ પરિણામ કરશે તેને સ્વયં તેનું ફળ મળી જશે.

ધર્માત્મા ભાવના કરે છે કે અમારા સ્વભાવમાં રાગ-દ્વેષ નથી. મિત્ર ઉપર રાગ કે દુશ્મન ઉપર દ્વેષ કરવાનું અમારા હૃદયમાં નથી. ખરેખર આ જગતમાં કોઈ કોઈનો શત્રુ કે મિત્ર જ નથી. સ્વેચ્છાચારી આ લોક અમને ભલા કહો કે બુરા કહો–તેથી અમને શું? કોઈ વેરી મારા આત્માને નુકશાન કરવા સમર્થ નથી, ને કોઈ ભક્તો મારા આત્માને લાભ કરતા નથી. ભક્તો ભક્તિ કરે તે તેના પોતાના શુભ રાગ ને લીધે, ને દુશ્મન નિંદા કરે તે તેના પોતાના દ્વેષ પરિણામને લીધે કરે છે. હું તો બંનેનો જાણનાર છું. મારા જ્ઞાનમાં તો બંને જ્ઞેયરૂપ છે. આમ પોતાના જ્ઞાનસ્વભાવની ભાવનાના બળે જ્ઞાનીસંતોને રાગદ્વેષરહિત ક્ષમાભાવ હોય છે, તે જ ઉત્તમ ક્ષમાધર્મ છે. જેને પોતાના જ્ઞાનસ્વભાવની ભાવના ન હોય તે જીવને કદાચ બહારમાં શુભ પરિણામ દેખાતા હોય પરંતુ તે શુભરાગને આત્માનું સ્વરૂપ માનીને તે જ્ઞાનસ્વભાવના અનાદરરૂપ અનંત ક્રોધસ્વભાવને સેવે છે. સમ્યગ્દર્શનપૂર્વકની ક્ષમા તે જ ઉત્તમ ક્ષમા છે, ને તે જ ધર્મ છે.

ઉત્તમ ક્ષમાધર્મને ધારણ કરનારા ધર્માત્મા કેવા પ્રકારનું ચિંતવન કરે છે તે હવે વિશેષપણે બતાવે છે—

( સ્રગ્ધરા )

दोषानाघुष्य लोके मम भवतु सुखी दुर्जनश्चेद्धनार्थी
मत्सर्वस्वं गृहीत्वा रिपुरथ सहसा जीवितं स्थानमन्य: ।
मध्यस्थस्त्वेवमेवाखिलमिह हि जगज्जायतां सौख्यराशि:
मत्तौ माभूदसौखयं कथमपि भविन: कस्यचित्पूत्करोमि ।।૮૫।।

મારા દોષોને બધાની સામે પ્રગટ કરીને સંસારમાં દુર્જનો સુખી થાવ, ધનના અર્થી મારું સર્વસ્વ ગ્રહણ કરીને સુખી થાવ, વેરી મારું જીવન લઈને સુખી થાવ અને જેને મારું સ્થાન લેવાની અભિલાષા હોય તે સ્થાન લઈને સુખથી રહે, તથા જેઓ રાગદ્વેષ રહિત મધ્યસ્થ થઈને રહેવા ચાહે તેઓ મધ્યસ્થ રહીને સુખી રહે.—આ પ્રમાણે સમસ્ત જગત સુખથી રહો, પરંતુ કોઈ પણ સંસારી જીવને મારાથી દુઃખ ન પહોંચો—એમ હું બધાની સામે પોકાર કરું છું.

આખા જગતના જીવોથી નિરપેક્ષ થઈને, પોતાના આત્મામાં વીતરાગ ભાવે રહેવાની આમાં ભાવના છે, મારા જ્ઞાનમાં રાગ-દ્વેષ કરવાનો સ્વભાવ જ નથી. પોતે પોતાના આત્માની આરાધનાની ઉગ્રતા કરતા થકા મુનિ પોકાર કરે છે કે આ જગતના જીવો તેમને સુખ ઉપજે તેમ વર્તો પણ હું મારા જ્ઞાતાભાવરૂપ ક્ષમાને નહિ છોડું. કોઈ મારા દોષ કાઢીને, કે પીંછી-કમંડલ લઈને, કે સ્થાન લઈને ભલે સુખ માને અને બીજા કોઈ વીતરાગભાવપણે રહીને સુખી થાય પણ મને બંને ઉપર સમભાવ છે. સમસ્ત જગત સુખી રહો. જગતમાં કોઈ જીવ દુઃખી થાય તેવી ભાવના નથી, એટલે ખરેખર પોતે વીતરાગપણે રહેવા માગે છે.

મુનિઓ પાસે ધન વગેરે તો હોતાં નથી, પણ પીંછી કમંડળ કે પુસ્તક હોય છે. તે કોઈ લઈ જાય તો ભલે લઈ જાવ. પીંછી વગેરે મારાં નથી ને તેના લઈ જનાર ઉપર મને દ્વેષ નથી; હું તો જ્ઞાયક છું. વીતરાગ ભાવે મધ્યસ્થ રહેનાર જ્ઞાનીઓ ઉપર મને રાગ નથી. ને જીવન હરનાર અજ્ઞાની ઉપર દ્વેષ નથી. મારા નિમિત્તે કોઈ દુઃખી થશો નહિ. હું તો જગતમાં જેમ થાય તેને જાણ્યા કરું અને મારા આત્માના વીતરાગ ભાવમાં ટકી રહું.—આ પ્રમાણે સંપૂર્ણ પરિગ્રહરહિત

જ્ઞાયકભાવની ભાવનાનો પોકાર કર્યો છે.

મુનિદશામાં સ્વરૂપના અનુભવની એકાગ્રતામાં ટકીને ક્રોધાદિભાવો થવા જ ન દેવા તે ઉત્તમ ક્ષમા છે. અને ગૃહસ્થને ક્રોધાદિભાવો થાય ખરા. પરંતુ ક્રોધાદિભાવો થવા છતાં 'મારું જ્ઞાનસ્વરૂપ આ ક્રોધાદિથી જુદું છે, ક્રોધ મારા સ્વરૂપમાં નથી, ખરેખર તો મારું જ્ઞાન તો ક્રોધને પણ જાણનાર છે' આમ, ક્રોધથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન ટકાવી રાખવા તે પણ ઉત્તમ ક્ષમા છે. જે રાગને પોતાનું સ્વરૂપ માને છે તે પોતાના આત્માની હિંસા કરનાર છે, તે અનંત ક્રોધી છે. અહીં મુખ્યપણે તો મુનિદશાના ધર્મની વાત છે, પણ ગૌણપણે સમ્યગ્દૃષ્ટિ શ્રાવકની ક્ષમા આવી જાય છે એમ સમજવું.

શ્રી પદ્મનંદિ આચાર્યદેવે ઉત્તમ ક્ષમાધર્મ સંબંધી પાંચ શ્લોકો કહ્યા છે, તેમાંથી ચાર પૂરા થયા. હવે વીતરાગભાવ છોડીને જો રાગ-દ્વેષની વૃત્તિ ઊઠે તો સ્વભાવની ઉગ્ર ભાવના–વડે તે વૃત્તિ તોડી નાખવી—તે ઉત્તમ ક્ષમા છે એમ છેલ્લા શ્લોકમાં કહે છે:—

( શાર્દૂલવિક્રીડિત )

किं जानासि न वीतरागमखिलत्रैलोक्यचूडामणिं
किं तद्धर्ममुपाश्रितं न भवता किं वा न लोको जडः ।
मिथ्यादृग्भिरसज्जनैरपटुभिः किंचित्कृतोपद्रवा-
द्यत्कर्मार्जनहेतुमस्थिरतया बाधां मनोमन्यसे ॥८६॥

પોતાના સ્વરૂપની વીતરાગી સ્થિરતામાંથી બહાર નીકળીને પર સન્મુખ વૃત્તિ જતાં કાંઈક રાગ કે દ્વેષનો વિકલ્પ ઊઠે તે તોડીને સંપૂર્ણ વીતરાગતા પ્રગટ કરવા માટે પોતે પોતાને સંબોધીને કહે છે કે, રે મન! મિથ્યાદૃષ્ટિ દુર્જન મૂર્ખજનો દ્વારા કરવામાં આવતા ઉપદ્રવોથી ચંચળ થઈને કર્મો આવવાના કારણભૂત એવી વેદનાનો તું અનુભવ કરે છે, તો ત્રણલોકમાં સર્વથી શ્રેષ્ઠ પૂજનિક એવા તારા વીતરાગ ભાવને શું તું નથી જાણતો? તેમજ જે ધર્મનો તેં આશ્રય કર્યો છે તે ધર્મને શું તું નથી જાણતો? અને આ સમસ્ત લોક અજ્ઞાની–જડ છે તે વાતનું શું તને જ્ઞાન નથી? અર્થાત્–ત્રણે લોકમાં વીતરાગભાવ એ જ સર્વશ્રેષ્ઠ છે એમ જાણીને, સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક વીતરાગ ભાવરૂપ ચારિત્ર તે જ ધર્મ છે એમ જાણીને અને આ લોકો જડ–મૂર્ખ છે એમ જાણીને હે જીવ!

મૂર્ખ અજ્ઞાનીઓ વડે કરવામાં આવતા ઉપસર્ગોથી તું તારા વીતરાગ ભાવને ન છોડ, તું રાગ-દ્વેષ કરીને દુઃખી ન થા.

ઉત્તમ ક્ષમાનો સંબંધ પર જીવો સાથે નથી. પર જીવને ક્ષમા કરવી કે પર જીવો પોતાને ક્ષમા કરે—એવી ક્ષમાની વાત નથી.'બધાય પર જીવો પોતાને ક્ષમા કરે ત્યારે જ ક્ષમા થઈ કહેવાય'—એમ જો હોય તો, જ્યાં સુધી બીજા જીવો ક્રોધ ટાળીને ક્ષમાભાવ ન કરે ત્યાં સુધી પોતાને પણ વીતરાગી ક્ષમાભાવ ન થઈ શકે એટલે કે ક્ષમા તો પરાધીન થઈ, પણ પરાધીનતામાં કદી ધર્મ હોઈ શકે નહિ. અહીં તો, પોતે પોતાના જ્ઞાનસ્વભાવને રાગાદિ વિકારોથી જુદો જાણીને, ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોમાં રાગ-દ્વેષ ન કરવો ને વીતરાગી જ્ઞાતાભાવે ટકી રહેવું તે જ ઉત્તમ ક્ષમા છે; એ સ્વાધીન છે. પર જીવો ક્ષમા આપે કે ન આપે તો પણ પોતે પોતામાં ઉત્તમ ક્ષમાભાવ પ્રગટાવી શકે છે.

અહીં તો મુનિદશામાં શુભ કે અશુભ વિકલ્પ ઊઠે તે પણ ઉત્તમ ક્ષમામાં ભંગ છે, તેને ટાળીને વીતરાગભાવની ભાવના કરતાં મુનિવર પોતે પોતાને સંબોધીને કહે છે કે-રે આત્મા! અજ્ઞાની જીવો દ્વારા કરવામાં આવેલા ઉપદ્રવોથી તું દુઃખિત થઈને ક્લેશ કરે છે, તો શું ત્રિલોકપૂજ્ય એવા તારા વીતરાગીભાવને તું નથી જાણતો?—કે જેથી વીતરાગતાને છોડીને તું આવા દ્વેષભાવને કરે છે?

એકલો વીતરાગભાવ તે જ ઉત્તમ ક્ષમાધર્મ છે. 'હું વીતરાગ થઉં ને રાગ ટાળું' એવા વિકલ્પની મુખ્યતા નથી, વિકલ્પ તે ક્ષમા નથી, પણ સ્વભાવની એકાગ્રતામાં વીતરાગીપણે પરિણમી જવું ને રાગદ્વેષની ઉત્પત્તિ જ થવા ન દેવી તે ઉત્તમક્ષમા છે. જેટલો રાગાદિનો વિકલ્પ ઊઠે તેટલો ઉત્તમ ક્ષમામાં ભંગ પડે છે. આવું ઉત્તમ ક્ષમાધર્મનું સ્વરૂપ છે. તેનું સંપૂર્ણપણે પાલન ન કરી શકાય તો પણ તેના યથાર્થ સ્વરૂપને ઓળખીને શ્રદ્ધા-જ્ઞાન કરવાં અને રાગાદિભાવો થાય તેનો આદર ન કરવો તે પણ ઉત્તમ ક્ષમાધર્મનો અંશ છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં અખંડ ચૈતન્યસ્વભાવ તરફનું જોર ટકી રહેતાં ક્રોધાદિભાવો જેટલે અંશે ન થાય તેટલે અંશે સહજ ક્ષમા છે.

વળી આ શ્લોકમાં આચાર્યદેવે લોકોને જડ કહ્યા છે, ત્યાં લોકો ઉપર દ્વેષ નથી પણ પોતાના આરાધકપણાની ઉગ્રતા છે. પોતાનું જ્ઞાન કેવળજ્ઞાન થવા માટે ઊછળી રહ્યું છે, લોકો શું બોલે છે તે જોવાની જરૂર નથી. લોકો તો જડ જેવા

છે, તે ગમે તેમ બોલશે; પણ હે મુનિ! કેવળજ્ઞાન લેવાની તૈયારીમાં તને જે ઉપસર્ગ આવે તેની સામે શું જોવું છે? તને તારામાં શુભ વિકલ્પ ઊઠે તેનું પણ જોર નથી, ને તારા પર્યાય સામે પણ તારે જોવાનું નથી, પણ એકલો જ્ઞાયક સ્વભાવ પૂરો છે તેમાં જ લક્ષ કરીને લીન થઈ જા. આ રીતે, પોતાના જ્ઞાયક સ્વભાવની ભાવનાના જોરે ચૈતન્ય સંમુદ્ર ફાટીને જાણે હમણાં કેવળજ્ઞાન થશે –એવી દશા મુનિરાજને વર્તે છે. મારામાં પૂર્ણ જ્ઞાયકપણું છે, તેથી હું પૂર્ણ જ્ઞાયક રહીને બધાય જીવો પ્રત્યે ક્ષમા કરું છું. બધા પ્રત્યેનો રાગ–દ્વેષ છોડીને હું વીતરાગ ભાવે મારા સ્વભાવમાં રહું છું, મારે પરની ઉપેક્ષા છે ને સ્વભાવની એકાગ્રતા છે. આમ પોતાના જ્ઞાયક સ્વભાવની રુચિ અને એકાગ્રતા કરીને આરાધના કરવી તે જ મહાનપર્વ છે.

પરમાં લક્ષ જઈને કલ્પના ઊઠે કે 'આમ કેમ?' અથવા તો ઉપસર્ગ ઉપર લક્ષ જાય, કે હું ઉપસર્ગ સહન કરું—એવી વૃત્તિ ઊઠે તે વૃત્તિ તોડવા કહે છે કે– અરે મુનિ! સ્વભાવની એકાગ્રતા વડે તને કેવળજ્ઞાન કેમ નહિ, ને આ વૃત્તિનું ઉત્થાન કેમ?–આમ અપ્રતિહતભાવે આરાધના ટકાવી રાખવી તેનું નામ મુનિની ઉત્તમક્ષમા છે.

* * *

# ૨ ઉત્તમ માર્દવધર્મ

ભાદરવા સુદ : ૬

આજે દશ લક્ષણ પર્વનો બીજો દિવસ છે. ગઈ કાલે ઉત્તમ ક્ષમાધર્મનો દિવસ હતો, આજે ઉત્તમ માર્દવધર્મનો દિવસ છે. સનાતન જૈનધર્મના અનાદિ નિયમ પ્રમાણે આ ભાદ્રપદ સુદ ૫ થી ૧૪ સુધીના દશ દિવસોને 'દશલક્ષણ-પર્વ' કહેવાય છે અને તે જ સાચા પર્યુષણ છે. આજે ઉત્તમ માર્દવધર્મનો દિવસ હોવાથી પદ્મનંદિપંચવિંશતિકા શાસ્ત્રમાંથી તેનું વર્ણન વંચાય છે, તેના વર્ણનના બે શ્લોક છે. ઉત્તમ માર્દવ એટલે ઉત્તમ નિરાભિમાનતા. સમ્યગ્દર્શન સહિત નિરાભિમાનતા તે ઉત્તમ માર્દવધર્મ છે. ઉત્તમ ક્ષમામાર્દવ વગેરે દશ ધર્મો સમ્યગ્દર્શન સહિત જીવને જ હોય છે–એ ધ્યાન રાખવું.

( વસંતતિલકા )

धर्मांगमेतदिह मार्दवनामधेयं
जात्यादिगर्वपरिहारमुषन्ति सन्तः ।
तद्धार्यते किमु न बोधदृशा समस्तं
स्वप्नेन्द्रजालसदृशं जगदीक्षमाणैः ॥८७॥

**અર્થ** :—ઉત્તમ જાતિ, કુળ, બળ, જ્ઞાન વગેરેના અભિમાનનો ત્યાગ તે માર્દવ છે; આ માર્દવધર્મનું અંગ છે. જેઓ પોતાની સમ્યગ્જ્ઞાનરૂપી દૃષ્ટિથી સમસ્ત જગતને સ્વપ્ન તથા ઇન્દ્રજાલની સમાન દેખે છે તેઓ તે ઉત્તમ માર્દવને કેમ ન ધારે? અર્થાત્ અવશ્ય ધારણ કરે છે.

અહીં મુખ્યપણે મુનિની અપેક્ષાએ કથન છે. ઉત્તમક્ષમા વગેરે દશધર્મો છે તે સમ્યક્ચારિત્રના જ ભેદો છે. સમ્યગ્દર્શન વગર તે ધર્મ હોય નહિ. શરીર, મન, વાણીની ક્રિયા આત્મા કરતો નથી, તેનાથી આત્મા જુદો જ છે, દયા-ભક્તિ કે વ્રત વગેરે શુભરાગ તે ધર્મ નથી. તેમ જ તે ધર્મમાં મદદગાર નથી. આત્મા ચૈતન્યસ્વરૂપ છે, તે વિકાર રહિત છે, આમ પોતાના નિશ્ચયસ્વભાવની ઓળખાણ વડે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યા પછી વિશેષ સ્વરૂપસ્થિરતાથી

ચારિત્રદશા પ્રગટે છે, તે દશામાં ધર્મીજીવને એવી આત્મસ્થિરતા હોય છે કે જાતિ–કુળ વગેરેના અભિમાનનો વિકલ્પ પણ ઊઠતો નથી, એનું નામ ઉત્તમ માર્દવધર્મ છે. જે ચૈતન્યસ્વરૂપ આત્માને ઓળખે નહિ અને શરીર–કુટુંબ કુળ વગેરેને પોતાનાં માને તેને કદી જાતિમદ વગેરે ટળે નહિ અને તેને ઉત્તમ માર્દવધર્મ હોય નહિ. ધર્મી જીવને ખરેખર જાતિ-કુળ-ધન વગેરેનો મદ હોતો નથી. કેમ કે તે જાણે છે કે હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા છું, આત્માને શરીર જ નથી, અને માતા-પિતા, કુળ, જાતિ, ધન વગેરે પણ આત્માને નથી.–આમ પોતાના સમ્યગ્જ્ઞાનવડે સમસ્ત જગતને પોતાથી જુદું દેખનારને નિરાભિમાનપણું કેમ ન હોય? હોય જ. આત્માની જાતિ શુદ્ધચૈતન્યધાતુ નિત્ય આનંદકંદ છે, વીતરાગતા આત્માનું કુળ છે ને ચૈતન્ય કેવળજ્ઞાન લક્ષ્મીનો પોતે સ્વામી છે. એ સિવાય બીજા કોઈ જાતિ–કુળ કે લક્ષ્મીને જ્ઞાની પોતાનું માનતા નથી. તેથી તેમને તેનું અભિમાન હોતું નથી. શરીર કે શરીર સંબંધી કોઈ પદાર્થો જ્ઞાનીને પોતાપણે ભાસતા નથી, રાગ કે અધૂરા જ્ઞાનને પણ તે પોતાનું સ્વરૂપ માનતા નથી. પણ પરિપૂર્ણ સ્વભાવને જ પોતાનો જાણીને તેની શ્રદ્ધા કરે છે. આમ હોવાથી જ્ઞાનીને જાતિમદ–કુળમદ–જ્ઞાનમદ કે બળમદ હોતા નથી. જાતિ–કુળ વગેરેને પોતાથી જુદા જાણ્યા છે તેથી તેનું અભિમાન થતું નથી. એ રીતે, સમ્યગ્જ્ઞાન જ ઉત્તમ માર્દવધર્મનું મૂળ છે—એમ અહીં બતાવ્યું છે.

જાતિ-કુળ વગેરેથી જુદું પોતાનું ચૈતન્યસ્વરૂપ જાણ્યા પછી સમ્યગ્દષ્ટિ ધર્માત્મા ગૃહસ્થને અસ્થિરતાના રાગને લીધે કુળમદ વગેરેની વૃત્તિ ઊઠે. પણ ધર્માત્માને રાગ રહિત સ્વભાવમાં એકતાના જોરે તેનો નિષેધ છે, તે રાગને પોતાનું સ્વરૂપ જાણતા નથી, રાગનો આદર નથી પણ સ્વભાવનો જ આદર છે, તેથી પરમાર્થે તો તેઓ સમ્યગ્જ્ઞાનવડે તેના જ્ઞાતા જ છે. માટે ખરેખર ધર્મી જીવોને જાતિમદ વગેરે હોતા નથી. ધર્મી જીવને માતા-પિતાથી કે કુળ જાતિ વગેરેથી ઓળખવા તે બરાબર નથી, પણ તેમના અંતરના શ્રદ્ધા-જ્ઞાન વડે તેમને ઓળખવા તે યથાર્થ છે. ધર્મી જીવો કોઈ પણ બાહ્ય પદાર્થોથી મોટાઈ માનતા નથી પણ સ્વભાવના સમ્યક્શ્રદ્ધાજ્ઞાનપૂર્વક અભેદતા થઈને જેટલો રાગ તૂટ્યો તેટલી મોટાઈ છે ને જેટલો રાગ રહ્યો તેટલી હીનતા છે–એમ જાણે છે. બહારના પદાર્થોથી પોતાને મોટો માનવો તે મદ છે, અને મારી જાતિ હલકી, મારું કુળ

હલકું વગેરે પ્રકારે બહારના પદાર્થોથી પોતાને હલકો માનવો તે પણ મદ છે, કેમ કે તેણે જાતિ–કુળમાં અહંપણું કર્યું છે.

પહેલાં સમ્યક્‌શ્રદ્ધા–જ્ઞાન કર્યા પછી વિશેષ પુરુષાર્થ વડે સ્વરૂપ સ્થિરતા પ્રગટ કરીને સંત-મુનિદશામાં જાતિ-કુળ વગેરેના વિકલ્પ તોડીને વીતરાગી સ્થિરતા વધારવાની વાત છે. પણ ઉત્તમ નિર્માનતા કોને કહેવાય તેનું જ જેને ભાન નથી એને ઉત્તમ માર્દવધર્મ ક્યાંથી હોય? આત્મા નિત્ય જ્ઞાનઘન છે, દેહાદિ અનિત્ય સંયોગો તે આત્માનું સ્વરૂપ નથી. જેમ 'ઘીનો ઘડો' એમ બોલાય છે પણ તે ખરું વસ્તુસ્વરૂપ નથી, તેમ જ્ઞાનીને ઓળખવા માટે એમ બોલાય કે આ માતા, આ પિતા, આ કુળ, આ જાતિ, પરંતુ ખરું સ્વરૂપ એમ નથી. જ્ઞાનીને તેમના આત્માથી ઓળખવા તે જ સાચી ઓળખાણ છે. આત્માનો સંસાર માતા–પિતા–સ્ત્રી શરીર વગેરેમાં નથી પણ પોતાના પર્યાયમાં જ જે અજ્ઞાન અને રાગદ્વેષ છે તે જ સંસાર છે. આત્માનો સંસાર ભાવ આત્માની દશામાં જ છે. અજ્ઞાની જીવ ભ્રમથી એમ માને છે કે આ મારા પિતા, આ મારી માતા વગેરે એ તેની ભ્રમણા જ સંસાર છે. પોતે પોતાને ચૈતન્ય સ્વરૂપે ન જાણ્યો ને શરીરવાળો માન્યો તેથી શરીરના સંબંધી માતા-પિતાને પોતાના જ માતા-પિતા માને છે, અને તેથી જીવને શરીરના રૂપ વગેરેનું અભિમાન હોય છે.

ખરેખર તો પોતે ચૈતન્ય સ્વરૂપ છે ને માતા–પિતા વગેરેનો આત્મા પણ ચૈતન્ય રૂપ છે, કોઈ આત્મા શરીર રૂપ નથી, પછી કોણ કોના માતા-પિતા ને કોણ કોનો પુત્ર? આવી જેને દૃષ્ટિ છે તેને જ પરનો અહંકાર ટળે છે. આ શરીર તો જડ પરમાણુઓ છે–માટી છે. જે જીવ શરીરના બળનું અભિમાન કરે છે તે જીવ જડનો ધણી થાય છે. શરીરથી સદાય જુદો ચૈતન્યસ્વરૂપી અરૂપી સ્વભાવ છું એવું તેને ભાન નથી. ચૈતન્ય સ્વરૂપનો અનાદર કરીને શરીરના બળ વગેરેનો અહંકાર કરનાર જીવ મોટો હિંસક છે. શરીર મારું, શરીરની ક્રિયા હું કરી શકું અને શરીર બળ સારું હોય તો ધર્મધ્યાન બરાબર થઈ શકે–એમ જે માને છે તે જીવ આત્માની હિંસા કરનારો છે. આત્મા શરીરાદિનું કાંઈ કરી શકે નહિ. આત્માનું બળ (-પુરુષાર્થ) કાં તો અજ્ઞાનભાવે પુણ્ય–પાપમાં અટકે અને કાં તો અસંગ સ્વભાવને ઓળખીને તેમાં રાગ-દ્વેષ રહિત સ્થિરતા પ્રગટ કરે.

જ્ઞાની જીવ જાણે છે કે સંપૂર્ણ જ્ઞાન અને આનંદ તે જ એક મારું રૂપ છે,

જાતિ, કુળ, શરીરબળ, વિદ્યાઓ કે અધૂરું જ્ઞાન–તે કોઈ મારું રૂપ નથી. ખરેખર તો આમ જુદાપણું જાણ્યું ત્યાં જ પરનો અહંકાર ટળી ગયો છે. પછી જે અલ્પ રાગની વૃત્તિ ઊઠે તેનો જ્ઞાનીને નિષેધ છે. અહીં તો એવી વાત છે કે તે રાગની વૃત્તિ ઊઠવા જ ન દેવી, ને વીતરાગપણે સ્થિર રહેવું—તે ઉત્તમ માર્દવધર્મ છે, અને તે ધર્મ મોક્ષમાર્ગમાં વિચરતા મુનિઓને સહચારીપણે હોય છે.

જૈન એટલે જીતનાર; આત્માનું પરથી ભિન્ન સ્વરૂપ જાણીને જેણે મિથ્યાત્વ-અજ્ઞાનને જીતી લીધું છે. અર્થાત્ નષ્ટ કર્યું છે, તેમજ આત્મસ્વરૂપમાં સ્થિરતા વડે જેણે રાગદ્વેષને જીતી લીધા છે તે જ જૈન છે. જે જૈન હોય તે 'પરનું હું કરું' એવું અભિમાન કરે નહિ, રાગ-દ્વેષને પોતાનું સ્વરૂપ માને નહિ.

જ્ઞાનીઓને જ્ઞાનમદ હોતો નથી. શાસ્ત્રનું જ્ઞાન કે અવધિ-મનઃપર્યયજ્ઞાન થાય તેનું અભિમાન જ્ઞાનીને હોતું નથી. પૂરો જ્ઞાનસ્વભાવ જ જાણ્યો છે તેને અધૂરા જ્ઞાનમાં સંતોષ કે તેનું અભિમાન કેમ હોય? બારમા ગુણસ્થાન સુધીનું બધુંય જ્ઞાન અલ્પ છે, કેવળજ્ઞાનના અનંતમા ભાગનું છે, તે તુચ્છ પર્યાયનું અભિમાન જ્ઞાનીને નથી, પણ અનંત ચૈતન્ય સ્વભાવના વિનય અને મહિમાથી સ્વભાવમાં લીન થઈને, અધૂરા જ્ઞાનનો વિકલ્પ છોડીને કેવળજ્ઞાન પ્રગટ કરે છે. થોડુંક સાંભળ્યું ને થોડાક શાસ્ત્રો વાંચ્યા, ત્યાં તો 'હું ઘણું જાણું છું' એવું જેને અભિમાન થાય છે તે જીવ પર્યાયદષ્ટિવાળો મિથ્યાદષ્ટિ છે, તેણે પૂરા સ્વભાવને જાણ્યો નથી તેથી થોડાક જાણપણાનો મહિમા અને અભિમાન થાય છે. કોઈ જીવો સત્ સ્વભાવ સમજ્યા વગર મંદ કષાય કરીને નિર્માનતા રાખે તે તો પુણ્યબંધનું કારણ છે, અહીં તેની વાત નથી, પણ ધર્માત્માને સ્વભાવની જાગૃતિપૂર્વક વીતરાગભાવ પ્રગટતાં મદનો વિકલ્પ જ થતો નથી, તે જ સાચો માર્દવધર્મ છે. સ્વભાવ જાણ્યા વગર પર્યાયનું અભિમાન ટળે નહિ, ને તેને ધર્મ થાય નહિ.

આ દશ ધર્મોનું વર્ણન કરનાર શ્રી પદ્મનંદિઆચાર્ય મહાન સંતમુનિ છે, સાતમા છઠ્ઠા ગુણસ્થાનની શ્રેણીમાં ઝૂલી રહ્યા છે, ઘણી વીતરાગતા પ્રગટી છે, ને અલ્પ રાગ રહ્યો છે તેથી કહે છે કે અહો, સિદ્ધભગવાનના વખાણ અમે શું કરી શકીએ? અમારું જ્ઞાન અત્યંત અલ્પ છે, અમે તો મૂઢમતિ–જડબુદ્ધિ છીએ. જ્યાં સૂધી પૂર્ણ કેવળજ્ઞાન પરમાત્મદશા પામ્યા નથી ત્યાં સુધી પામરતા છે. આચાર્યો સંતો તો મહા જ્ઞાનના સાગર છે, અગાધ બુદ્ધિવાળા છે, એકદમ

આરાધક દશા પ્રગટી છે, છતાં તેમને કેટલી નિર્માનતા છે? જ્ઞાનનો જરા પણ ગર્વ કરતા નથી. અધૂરી દશા કે પૂરી દશા એવો વિકલ્પ તોડીને વારંવાર સ્વરૂપમાં લીન થઈ જાય છે.–આનું નામ માર્દવધર્મ છે. પર્યાયદષ્ટિ છોડીને અખંડ સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન ટકાવી રાખવા તે ગૃહસ્થનો ધર્મ છે. પરંતુ શુભરાગ કરવો કે પૂજા–ભક્તિ કરવાં તે કાંઈ ગૃહસ્થનો ધર્મ નથી. અશુભ-રાગથી બચવા માટે ધર્મી ગૃહસ્થને પૂજા–ભક્તિ વગેરેનો શુભ રાગ હોય છે ખરો, પરંતુ તે શુભરાગ કાંઈ ધર્મ નથી, પણ રાગરહિત ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન પૂર્વક જેટલો રાગ ટળ્યો તેટલો ધર્મ છે. રાગ રહ્યો તે ધર્મ નથી.

જ્ઞાની પોતાના જ્ઞાયકસ્વરૂપમાં જાગૃત છે. માન–અપમાનની વૃત્તિ મારા સ્વરૂપમાં નથી. આ સમસ્ત જગત ઇન્દ્રજાળ સમાન છે અને સ્વપ્ન સમાન છે એટલે કે મારા સ્વભાવમાં સમસ્ત જગતનો અભાવ છે, મારે જગતમાં કોઈની સાથે સંબંધ જ નથી.–આવું જાણનારા જ્ઞાનીઓને માન ક્યાંથી હોય? અર્થાત્ ન જ હોય. મુનિને તો માનની વૃત્તિ જ ઊઠે નહિ તે નિર્માનતા છે, અને ગૃહસ્થને કોઈ માનાદિની લાગણી થઈ જાય તો પણ તે તેનો જ્ઞાતા જ છે. માનાદિથી ભિન્ન સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાનની જ દઢતા તેમને થાય છે. નિત્ય અબંધ ચૈતન્યસ્વભાવ છું. એમ સ્વભાવની પ્રભુતા પાસે જ્ઞાનીને અધૂરા પર્યાયની પામરતા ભાસે છે, તેમને ક્ષણિક પર્યાયનું અભિમાન હોતું નથી. તેમને જ સ્વભાવના આશ્રયે વીતરાગ-ભાવ થતાં ઉત્તમ માર્દવધર્મ હોય છે.

હવે કહે છે કે—સ્વ–પરના જુદાપણાના વિવેકવડે શરીરની અનિત્યતાનું ચિંતવન કરનારા મુનિઓને કોઈપણ પદાર્થોમાં અહંકાર કરવાનો અવસર જ મળતો નથી:–

( શાર્દૂલવિક્રીડિત )

कास्था सद्मनि सुन्दरेऽपि परितो दन्दह्यमानेऽग्निभि:<br>
कायादौ तु जरादिभि: प्रतिदिनं गच्छत्यवस्थांतरम् ।<br>
इत्यालोचयतो हृदि प्रशमिन: भास्वद्विवेकोज्ज्वले<br>
गर्वस्यावसर: कुतोऽत्र घटते भावेषु सर्वेष्वपि ।।८८।।

જે સુંદર મનોહર હોય પરંતુ જે બધી બાજુથી અગ્નિથી સળગી રહ્યું હોય એવા ઘરના બચવાની અંશમાત્ર આશા નથી, તેમ આ શરીર વૃદ્ધાવસ્થા સહિત

છે. તથા પ્રતિદિન એક અવસ્થા છોડીને બીજી અવસ્થા ધારણ કરે છે,–એમ નિરંતર પોતાના નિર્મળ હૃદયમાં સમ્યગ્જ્ઞાનરૂપી ઉજ્જ્વળ વિવેકથી શરીરની અનિત્યતાનું ચિંતવન કરનારા મુનિને જગતના સર્વ પદાર્થોમાં ગર્વ કરવાનો અવસર જ કઈ રીતે છે? અર્થાત્ જેઓ ધ્રુવ નિત્ય ચૈતન્ય સ્વભાવને જાણીને અને શરીરની અનિત્યતાને જાણીને, નિર્મળ આત્મધ્યાનમાં મગ્ન છે તે મુનિઓને જગતમાં કોઈ પદાર્થોનો ગર્વ હોતો જ નથી.

અત્યંત મનોહર બાગ બગીચાવાળું ઘર હોય, તે ચારેકોરથી અગ્નિમાં બળવા માંડે અને તે બચવાની જરાય આશા ન હોય ત્યારે લોકો તેનું ધણીપણું છોડીને બહાર ભાગે છે.–આમ અનિત્યતાનું દ્રષ્ટાંત આપીને આચાર્યદેવ સમજાવે છે કે આ શરીર અનિત્ય છે, વૃદ્ધાવસ્થાવાળું છે, સદાય તે પોતાની દશા બદલતું બદલતું જીર્ણતાને પામે છે, જેવી અવસ્થા આજ હોય છે તેવી અવસ્થા કાલ દેખાતી નથી, એવા આ અનિત્ય શરીરને કોઈ રીતે રોકી શકાય તેમ નથી. જ્યાં આ શરીર જ પોતાનું નથી ત્યાં બીજા ક્યા પદાર્થો પોતાના હોય? આત્માનો ચૈતન્યસ્વભાવ જ ધ્રુવ અને નિત્ય એકરૂપ છે, તે કદી જીર્ણ થતો નથી, ને તેમાં આગ લાગતી નથી. આમ, શરીરાદિની અનિત્યતા અને પોતાના ચૈતન્ય-સ્વભાવની નિત્યતાનો પોતાના અંતરમાં ભેદજ્ઞાનવડે વિચાર કરનારા જીવોને આ જગતમાં કોઈ પદાર્થોનો ગર્વ થવાનો અવકાશ જ નથી. જ્યાં શરીરને જ પર જાણ્યું ત્યાં બીજા કોનો અહંકાર કરે!

શરીર તેના સ્વભાવથી જ નિરંતર એક અવસ્થા બદલીને બીજી અવસ્થા ધારે છે. વૃદ્ધાવસ્થા થઈ તેનો કર્તા આત્મા નથી. ધર્મી જીવને શરીરની કોઈ અવસ્થાનો અહંકાર નથી. કેમ કે આત્મા પોતે તો અરૂપી ચૈતન્યસ્વરૂપ છે, અને શરીર તો જડ પરમાણુનું બનેલું છે. આત્મા કદી પણ શરીરાદિને અડયો પણ નથી, આત્મા તો અસ્પર્શી છે.

શરીર ક્ષણે ક્ષણે વિનાશ થનારું છે, તે કાયમ રહેશે નહિ. હું ત્રિકાળ જ્ઞાનાનંદસ્વરૂપી છું, મારા સ્વરૂપના આશ્રયે મારી નિર્મળદશા ક્ષણે ક્ષણે પલટે છે. મારા સ્વભાવના આશ્રયે પલટીને જે કેવળજ્ઞાન દશા થશે, તે તો દ્રવ્યમાં અભેદ એકાકાર થઈને સદાય એવી ને એવી રહેશે, પણ શરીરની કોઈ અવસ્થા મારી સાથે રહેનાર નથી. આમ જાણીને પોતાના જ્ઞાનમાં સ્થિરતા પ્રગટ કરીને જે

ધર્માત્માઓએ દેહાદિના અભિમાનનો વિકલ્પ છોડી દીધો છે ને સ્વભાવની દઢતા પ્રાપ્ત કરી છે તેમને ઉત્તમ માર્દવધર્મ હોય છે.

હાલવું, ચાલવું, બોલવું, સ્થિર રહેવું, મૌન રહેવું, ખાવું વગેરે આત્મા કરતો નથી, એ તો બધી શરીરની ક્રિયાઓ છે. તે ક્રિયાઓ હું કરું છું એમ જે માને છે તે મિથ્યાદષ્ટિ છે, તેને જડનો અહંકાર છે. દેહના પરમાણુઓની અવસ્થા સમયે સમયે એની મેળે જ બદલે છે, તેની સાથે મારો સંબંધ નથી. મારા પર્યાયનો સંબંધ મારા ત્રિકાળી દ્રવ્ય સાથે છે. નિર્મળ જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ મારી દશા સમયે સમયે બદલીને ધ્રુવ સ્વભાવમાં એકતા વધતી જાય છે. એ રીતે સ્વભાવની એકતા હોવાથી પરનું અભિમાન જ્ઞાનીને કયાંથી થાય? અહો, મુનિવરોને અનેક ઋદ્ધિઓ પ્રાપ્ત થઈ હોય, અવધિ–મનઃપર્યાયજ્ઞાન પ્રગટ થયું હોય છતાંય અભિમાનનો જરાય વિકલ્પ પણ થતો નથી, ઊલટા નમ્ર થઈને સ્વભાવમાં ઢળીને પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરે છે. મુનિને પર્યાય તરફ લક્ષ જઈને વિકલ્પ ઊઠે કે 'કેવળજ્ઞાન પ્રગટ કરું' તે પણ રાગ છે. એવા વિકલ્પને પણ તોડીને વીતરાગ સ્વરૂપ–સ્થિરતા તે ઉત્કૃષ્ટ માર્દવધર્મ છે, ને તે જ મોક્ષનું કારણ છે.

મારા ઉપદેશથી બીજા ધર્મ પામ્યા, કે હું બીજાને ધર્મ પમાડું એવી બુદ્ધિ જ્ઞાનીઓને હોતી નથી. વાણી જડ છે, તે વાણીનો કર્તા જ આત્મા નથી. તો પછી બીજાને ધર્મ પમાડું એ વાત તો કયાં રહી? માટે પરથી ભિન્ન પોતાનું સ્વરૂપ ઓળખીને મુનિવરોએ તો નિરંતર જ્ઞાયક સાક્ષી સ્વરૂપ આત્માના નિર્મળ સ્વભાવનું જ ધ્યાન કરવું જોઈએ એ રીતે બીજા ઉત્તમ માર્દવધર્મનું વ્યાખ્યાન પૂર્ણ થયું.

* * *

# ૩. ઉત્તમ આર્જવધર્મ

ભાદરવા સુદ : ૭

આજે દશ લક્ષણ પર્વનો ત્રીજો દિવસ છે; આજે 'ઉત્તમ આર્જવધર્મ'નો દિવસ કહેવાય છે. ઉત્તમ આર્જવ એટલે સમ્યગ્દર્શનપૂર્વકની વીતરાગી સરળતા. આત્માના જ્ઞાયકસ્વરૂપમાં કપટનો ભાવ જ ઉત્પન્ન થવા ન દેવો તે ઉત્તમ સરળતા છે. આત્મા જ્ઞાન–આનંદની મૂર્તિ, ક્રોધ–માન—માયા–લોભ રહિત છે, તેને જેવો છે તેવો સમજવો અને શ્રદ્ધામાં વક્રતા ન કરવી તે સમ્યગ્દર્શનરૂપ સરળતા છે. અને ચૈતન્યસ્વરૂપને જેમ છે તેમ ન માનતાં, સ્વરૂપની આડાઈ કરીને પુણ્ય–પાપવાળું માનવું તે અનંત કપટ છે. કોઈ પરના સંગથી કે પુણ્ય પરિણામથી આત્માને લાભ માનવો તે વક્રતા છે, અનાર્યતા છે. આર્ય એટલે સરળ, જેવું સહજ જ્ઞાયકમૂર્તિ આત્મસ્વરૂપ છે તેવું જ માનવું, જરાય વિપરીત ન માનવું તે સરળતા છે. અને ચૈતન્યસ્વરૂપની સમજણમાં આડાઈ કરીને કોઈ વિકલ્પ કે વ્યવહારના આશ્રયે લાભ માનવો તે અનાર્યતા છે. વ્યવહારરત્નત્રય પણ રાગરૂપ છે, તે આત્માનું સ્વરૂપ નથી. આત્માનું જ્ઞાયક સ્વરૂપ પુણ્ય–પાપ રહિત છે. વ્યવહારરત્નત્રયરૂપ પરાશ્રિત ભાવથી તેને લાભ માનવો તે અનંત કપટનું સેવન છે. અને તે વ્યવહારનો આશ્રય છોડીને, નિશ્ચય શુદ્ધ જ્ઞાતાસ્વભાવને જાણવો–માનવો અને તેમાં સ્થિર થવું તે ઉત્તમ આર્જવધર્મ છે. સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાન થયા પછી મુનિદશામાં જે વ્યવહારરત્નત્રયની વૃત્તિ ઊઠે તે રાગ છે, તે કાંઈ ઉત્તમ આર્જવધર્મ નથી, પણ રાગ રહિત થઈને જેટલો સ્વરૂપમાં ઠર્યો તેટલો ઉત્તમ આર્જવધર્મ છે. ખરેખર તો આત્માના વીતરાગ ભાવમાં જ ઉત્તમ ક્ષમાદિ દશે ધર્મો આવી જાય છે, દશે ધર્મોમાં વીતરાગભાવ એક જ પ્રકારનો છે, પણ તે વીતરાગભાવ થયા પહેલાં ક્ષમાદિ જે જાતનો વિકલ્પ હોય તે અનુસાર ઉત્તમ ક્ષમાધર્મ વગેરે નામથી તે વીતરાગભાવને ઓળખાવવામાં આવે છે. અને તે શુભ વિકલ્પને ઉપચારથી ઉત્તમ ક્ષમાદિ ધર્મ કહેવામાં આવે છે. આચાર્યદેવ ઉત્તમ આર્જવધર્મનું વર્ણન કરે છે—

( આર્યા )

हृदि यत्तद्वाचि वहिः फलति तदेवार्जवं भवत्येतत् ।
धर्मो निकृतिरधर्मो द्वाविह सुरसद्मनरकपथौ ॥८९॥

જે વાત મનમાં હોય તે જ વચનથી પ્રગટ કરવી તેને આર્જવધર્મ કહેવાય છે, અને તેનાથી વિરુદ્ધ—એટલે કે માયાથી બીજાને ઠગવાના પરિણામ તે અધર્મ છે. આ બંનેમાં આર્જવધર્મ સ્વર્ગનો પંથ છે ને અધર્મ નરકનો પંથ છે. જેવું હૃદયમાં હોય તેવું જ બોલવાના પરિણામ તે તો શુભ પરિણામ છે, વાણીથી ભિન્ન સ્વરૂપી છું અને જે શુભ પરિણામ છે તે પણ મારું સ્વરૂપ નથી—એમ, સમ્યક્-સ્વભાવના ભાનપૂર્વક શુભનો નિષેધ વર્તે છે તેના શુભ પરિણામને વ્યવહારે ઉત્તમ આર્જવ કહેવાય છે. પરમાર્થથી તો જેવો શુદ્ધ આત્મસ્વભાવ જાણ્યો તેવું જ પર્યાયમાં પરિણમન થઈ જવું તે જ ઉત્તમ સરળતા ધર્મ છે. જેવો સ્વભાવ છે તેવો જ પરિણમી ગયો પણ જરાય વક્રતા (વિકાર) ન થયો તે પરમાર્થથી ઉત્તમ આર્જવધર્મ છે.  અને તે સ્વભાવમાં વિકૃતિ થઈને જેટલા રાગાદિ ઉત્પન્ન થાય તેટલો ઉત્તમ આર્જવધર્મ ભંગ છે.

અહીં આર્જવધર્મના ફળથી સ્વર્ગની પ્રાપ્તિ કહી છે. સમ્યગ્દર્શનપૂર્વક રાગ તોડીને જેટલો વીતરાગ ભાવરૂપ આર્જવધર્મ પ્રગટ કર્યો છે તે તો મોક્ષનું કારણ છે, પરંતુ અત્યારે પૂર્ણ વીતરાગતા નથી અને રાગ રહી જાય છે તેથી તે શુભરાગરૂપ આર્જવધર્મના ફળમાં સ્વર્ગ મળે છે. રાગને લીધે વચ્ચે ભવ કરવો પડે છે. પરંતુ જેને સ્વભાવનું ભાન નથી અને ધર્મનો અનાદર કરીને વક્રતાથી વર્તે છે તે તો નરકગતિમાં જાય છે. આત્મસ્વભાવને ઊંધી રીતે માનવો તે જ સૌથી મોટી વક્રતા છે. સરળતાના શુભ પરિણામ કે વક્રતાના અશુભ પરિણામ એ બંનેથી રહિત એક જ્ઞાયકસ્વરૂપી આત્મા છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન ટકાવી રાખવાં તે ધર્મ છે, દરેક ગૃહસ્થને પણ તે ધર્મ થઈ શકે છે અને એવા સમ્યક્-શ્રદ્ધાજ્ઞાનપૂર્વક જેમના આત્મામાં અત્યંત સરળતા પ્રગટી ગઈ છે તેમને ઉત્તમ આર્જવધર્મ છે. ચારિત્રદશામાં કપટભાવ તો થવા જ ન દેવો અને 'સરળતા કરું' એવો શુભભાવ થાય તે પણ છોડીને વીતરાગી સરળતા પ્રગટ કરવી તેનું નામ ઉત્તમ આર્જવધર્મ છે.

હવે આચાર્યદેવ કહે છે કે માયાચાર કરવાથી અહિંસા વગેરે ઉત્તમ ગુણો પણ ઢંકાઈ જાય છે—

( શાર્દૂલવિક્રીડિત )

मायित्वं कुरुते कृतं सकृदपि च्छायाविघातं गुणे-
ष्वाजातेर्यमिनोऽर्जितेष्विह गुरूक्लेशैः शमादिष्वलम्
सर्वे तत्र यदासतेऽतिनिभृता क्रोधादयस्तत्त्वत-
स्तत्पापं वत येन दुर्गतिपथे जीवश्चिरं भ्राम्यति ॥९०॥

જો એક વાર પણ માયાચારી કરવામાં આવે તો, ઘણી કઠિનતાથી સંચય કરેલા અહિંસા–સત્ય વગેરે મુનિના ગુણોને તે ઢાંકી દે છે અર્થાત્ માયાચારી પુરુષના અહિંસા વગેરે ગુણો પણ આદરણીય રહેતા નથી. અને તે માયાચારરૂપી મકાનમાં ક્રોધ વગેરે કષાયો પણ છુપાયેલા હોય છે, તે માયાચારથી ઊપજતું પાપ જીવને અનેક પ્રકારની દુર્ગતિમાં ભમાવે છે. માટે મુનિઓએ માયાચારને ઉત્પન્ન જ થવા ન દેવા જોઈએ.

પોતાના રાગાદિ દોષને દોષ તરીકે જે જાણતો નથી ને તેને ધર્મ માને છે તે ખરેખરો માયાચારી છે. પોતાના દોષ છુપાવવાનો ભાવ તે માયાચાર છે. સજ્જન પુરુષોની યથાર્થ વાત જેને રુચતી નથી અને પોતાના દોષની વાત સાંભળીને ઊલટો એમ કહે છે કે ‘અરે, શું અમે કપટી છીએ? અમારો કહેવાનો આશય બીજો હતો અને તમે બીજી રીતે સમજ્યા છો.’ એમ જે પોતાનો બચાવ કરવા માગે છે તે પાપી માયાચારી છે. તેવા જીવમાં અહિંસા-બ્રહ્મચર્ય વગેરે હોય તોપણ ખરેખર તે પ્રશંસનીય નથી. મુનિને પણ જેટલે અંશે રાગ થાય છે તેટલે અંશે ઉત્તમ ક્ષમા-નિર્માનતા વગેરે ધર્મોમાં કચાશ છે. પહેલાં પોતાને સત્‌ની કાંઈ જ સમજણ ન હતી ને જે સત્પુરુષ પાસેથી અપૂર્વ સત્‌ની સમજણ મળી તે સત્પુરુષના ઉપકારને ન સ્વીકારે, પોતાની મોટાઈ ખાતર તેમનું નામ વગેરે ગોપવે, તેને યાદ ન કરે–પ્રગટ ન કરે તો તે જીવ કપટી છે, ખરેખર તેણે પોતાના સ્વભાવને જ ગોપવ્યો છે.

અહીં મુખ્યતાથી તો મુનિદશાની વાત છે. પરંતુ શ્રાવક ગૃહસ્થોએ પણ સ્વભાવના ભાનપૂર્વક માયારહિત ઉત્તમ સરળ સ્વભાવ પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, અને ઉત્તમ ક્ષમાદિ ધર્મોનું જેટલું બને તેટલું પાલન કરવું જોઈએ. મુનિને કાંઈ દોષ થયો હોય અને તે દોષ ગુરુ પાસે પ્રગટ કરતાં જો સંકોચ થાય તો તે માયા છે. દોષ છુપાવવાની બુદ્ધિથી ગુરુ પાસે પ્રગટ ન કરે અને પોતાની

મેળે પ્રાયશ્ચિત લે અગર તો 'હું મારો આ દોષ જાહેર કરીશ તો બહારમાં મારી નિંદા થશે' એવા ભયથી દોષ પ્રગટ ન કરે અથવા તો દોષને ઢીલો કરીને પ્રગટ કરે તો તે માયા છે. અને પોતાને લાગેલા બધાય દોષો સરળપણે પ્રગટ કરી દેવાના ભાવ તે પણ શુભભાવ છે, તે શુભભાવનો પણ આદર નથી તેથી મુનિને તે વ્યવહારથી ઉત્તમ આર્જવ છે. અને વીતરાગ ભાવે ટકી રહીને દોષની ઉત્પત્તિ જ થવા ન દેવી તે પરમાર્થ ઉત્તમ આર્જવધર્મ છે. શુભ રાગથી ધર્મ માને એવો અજ્ઞાની જીવ ગમે તેવી સરળતાના પરિણામ રાખે, જરાક જરાક દોષને પ્રગટ કરીને પ્રાયશ્ચિત લે, તોપણ તેને ઉત્તમ આર્જવધર્મ જરાય નથી. કેમ કે રાગમાં ધર્મ માન્યો ત્યાં મૂળ મિથ્યાત્વરૂપી દોષ છે, તેનું તો તેને ભાન નથી. જે દોષ છે તેને જ ગુણ માની બેઠો છે તેને સરળતા કેવી? સમ્યગ્દર્શનપૂર્વક જ ઉત્તમ સરળતા હોઈ શકે. અને તે જ ધર્મ છે. જેવું મનમાં હોય તેવું જ વચનમાં બોલે-એવી સરળતા રાખે. પણ માન્યતા એવી હોય કે આ વચન બોલવાની ક્રિયા હું કરું છું અને એનાથી મને લાભ થાય છે-તો તેવા જીવને સાચી સરળતા નથી. તેણે વક્ર માન્યતા કરીને પોતાના આખા ચૈતન્ય સ્વભાવને છુપાવ્યો તે જ પરમાર્થ અનંત કપટ છે.

શ્રી ગુરુ વગેરેના ઉપકારને જે છૂપાવે છે તે તો વ્યવહારમાં પણ સરળ નથી, તેને ઉત્તમ વીતરાગી સરળતા તો હોય જ નહિ. જેને વ્યવહાર સરળતા પ્રગટી હોય તે જીવ ગુરુ પાસે એમ વિનયથી પ્રગટ કરે કે પ્રભો, હું પામર મૂઢ હતો, પામર હતો, આજ સુધી મને કાંઈ જ ખબર ન હતી, આપની કૃપાથી જ મને અપૂર્વ સત્ય મળ્યું-એમ સીધો સરળ થઈને, અર્પણતા લાવીને સ્વભાવનું બહુમાન કર્યા વગર તો વ્યવહાર સરળતા પણ હોય નહિ, અને તેને દોષ ટાળીને વીતરાગતા પ્રગટે નહિ. પહેલાં તો બરોબર ઓળખાણ કરવી જોઈએ કે શું ધર્મ છે ને શું દોષ છે? પોતાના પરમાર્થ સ્વભાવને જાણીને તેના આશ્રયે સ્થિર રહેતાં રાગ-દ્વેષરૂપ માયાની ઉત્પત્તિ જ ન થાય-એ ઉત્તમ આર્જવધર્મ છે. મુનિઓને તેવી ઘણી સ્થિરતા પ્રગટી હોય છે, પણ તેમને જે અલ્પ રાગ હોય તે ટાળીને સંપૂર્ણ વીતરાગી સ્થિરતા પ્રગટાવવાનો પુરુષાર્થ તેઓ કરે છે. અને ગૃહસ્થોએ પ્રથમ તો એવી સાચી ઓળખાણ કરવી જોઈએ અને દોષ ટાળીને સ્થિરતા વધારવાની ભાવના કરવી જોઈએ. જે પોતાના આત્મામાં આવી સાચી ઓળખાણ કરે અને વીતરાગભાવ પ્રગટ કરે તેણે જ સાચા દશ લક્ષણ પર્વ ઊજવ્યા કહેવાય.

એ રીતે ઉત્તમ આર્જવધર્મનું વ્યાખ્યાન પૂરું થયું. ❀

# ૪. ઉત્તમ સત્યધર્મ

ભાદરવા સુદ : ૮

આજે દશ લક્ષણ પર્વનો ચોથો દિવસ છે. ઉત્તમ ક્ષમા, માર્દવ અને આર્જવ એ ત્રણ ધર્મોનું સ્વરૂપ કહેવાય ગયું છે. આજે ઉત્તમ સત્યધર્મનો દિવસ છે. આ ઉત્તમ ક્ષમાધિ ધર્મોનું આરાધન સમ્યગ્દર્શનપૂર્વક જ થઈ શકે છે. આ ભાદરવા સુદ ૫ થી ૧૪ સુધીના દિવસોને દશ લક્ષણ પર્વ કહેવાય છે અને તે જ પર્યુષણ પર્વ છે.

નિર્ગ્રંથ સંત મુનિવરોને સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક ઉત્તમ સત્યધર્મ કેવો હોય તેનું વર્ણન શ્રીપદ્મનંદિ આચાર્યદેવ કરે છે-

( આર્યા )

स्वपरहितमेव मुनिभिर्मितममृतसम सदैव सत्यं च ।
वक्तव्यं वचनमथ प्रविधेयं धीधनैर्मौनम् ॥९१॥

ઉત્કૃષ્ટ જ્ઞાનને ધારણ કરનારા મુનિવરોએ, પ્રથમ તો મૌન જ રહેવું જોઈએ. એટલે કે પરમ સત્ય આત્મસ્વભાવની એકાગ્રતામાં રહીને બોલવાનો વિકલ્પ જ ન થવા દેવો જોઈએ. અને જો વિકલ્પ ઉઠે તો એવા વચન બોલવા જોઈએ કે જે સદાય સ્વ-પરને હિતકારી હોય, અમૃત સમાન મિષ્ટ હોય અને સત્ય હોય.

સમ્યગ્જ્ઞાન તે જ ઉત્કૃષ્ટ જ્ઞાન છે. એવા સમ્યગ્જ્ઞાનના ધારક મુનિઓને જ ઉત્તમ સત્ય હોય છે. ઉત્તમ સત્ય તે સમ્યક્ચારિત્રનો એક પ્રકાર છે. જેને સમ્યગ્જ્ઞાન ન હોય અને આત્મા પરનું કરે પુણ્યથી ધર્મ થાય, ઈશ્વર જગતના કર્તા છે-એમ માનતો હોય તે જીવ લૌકિકમાં સત્ય બોલતો હોય તોપણ તેને ઉત્તમ સત્યધર્મ હોતો નથી. અહીં તો સમ્યગ્દર્શન પછી મુનિદશાની મુખ્યપણે વાત છે. ઉત્તમ સમ્યગ્જ્ઞાનને ધરનારા મુનિવરોએ પ્રથમ તો મૌન જ રહેવું શ્રેષ્ઠ છે, એટલે કે ચૈતન્યસ્વરૂપમાં વીતરાગી સ્થિરતા પ્રગટ કરીને વાણી તરફનો વિકલ્પ જ થવા દેવો નહિ. આવો વીતરાગી ભાવ તે જ પરમાર્થે ઉત્તમ સત્ય ધર્મ

છે. અને અસ્થિરતાને લીધે જ્યારે વિકલ્પ ઊઠે ત્યારે પોતાને અને પરને હિતકારી એવા સત્ય તથા પ્રિય વચનો બોલવાનો શુભરાગ તે વ્યવહારે ઉત્તમ સત્ય ધર્મ છે. તેમાં જે રાગ છે તે ધર્મ નથી પણ તે વખતે જેટલો વીતરાગભાવ છે તેટલો ધર્મ છે. વાણી બોલાય કે ન બોલાય તે તો જડ પરમાણુઓની સ્વતંત્ર અવસ્થા છે, આત્મા તેનો કર્તા નથી. વાણીનો કર્તા આત્મા છે–એમ જે માને તે અજ્ઞાની છે, તેને સત્યધર્મ હોય નહિ.

**પ્રશ્ન**:—જો વાણીનો કર્તા આત્મા નથી તો 'મુનિઓએ સત્ય વચનો બોલવાં' એમ અહીં આચાર્યદેવે શા માટે કહ્યું?

**ઉત્તર**:—સમ્યગ્જ્ઞાનપૂર્વક સત્ય બોલવાનો ભાવ હોય ત્યારે, જો વાણી નીકળે તો તે વાણી સત્ય જ હોય–એવો મેળ બતાવવા માટે નિમિત્તથી કહેવાય કે 'મુનિઓએ સત્ય બોલવું', તેમાં એવો આશય છે કે, મુનિવરોએ આત્મસ્વરૂપમાં સ્થિર રહીને વાણી તરફનો વિકલ્પ જ થવા ન દેવો, અને જો વિકલ્પ થાય તો અસત્ય વચન તરફનો અશુભરાગ તો ન જ થવા દેવો. પરંતુ 'આત્મા જડ વાણીનો કર્તા છે' એમ કહેવાનો આશય નથી.

વાણી બોલાય કે ન બોલાય તેનો કર્તા જીવ નથી. જ્ઞાની પોતાને વાણીનો કર્તા માનતા નથી અને સત્ય બોલવાનો વિકલ્પ થાય તેના પણ સ્વામી જ્ઞાની થતા નથી; તેઓ વાણી અને વિકલ્પ રહિત ચિદાનંદસ્વભાવને જ પોતાનું સ્વરૂપ માનીને આદરે છે. તેથી શ્રદ્ધા અને જ્ઞાન અપેક્ષાએ તો ચોથા ગુણસ્થાને ધર્માત્માને પણ ઉત્તમ સત્ય વગેરે ધર્મ હોય છે. વસ્તુસ્વરૂપ જેવું છે તેવું સત્ય જાણવું ધર્મ છે. જેવું છે તેવું સત્ય વસ્તુ જાણ્યા વગર સત્યધર્મ હોઈ શકે નહિ. સમ્યગ્જ્ઞાનથી વાણી–વિકલ્પો રહિત આત્મસ્વરૂપને જાણ્યા પછી તે સ્વરૂપમાં સ્થિરતા કરવી તેમાં ઉત્તમ ક્ષમાદિ દશે ધર્મો આવી જાય છે. અને સત્ય બોલવાનો–ઉપદેશાદિનો–વિકલ્પ ઊઠે તે વ્યવહારે ઉત્તમ સત્ય છે. સત્ય બોલવાના વિકલ્પને કે વાણીને જ્ઞાની પોતાનું સ્વરૂપ માનતા નથી. હું વીતરાગભાવનો કર્તા છું, ઈચ્છા કે ભાષાનો હું કર્તા નથી, ને તેઓ મારું કર્મ નથી.

સત્ય બોલાય તે શબ્દોનો હું કર્તા છુ—એમ જે જીવ માને તે જીવ મોટો જૂઠા બોલો છે, કેમકે શરીર, વાણી વગેરે પદાર્થો પોતાના નથી ને પોતે તેનો કર્તા નથી, છતાં હું તે પદાર્થોનો કર્તા છું–એમ તે અસત્ય માને છે. અને એ

જ રીતે જગતના અનંત પરદ્રવ્યોને તે પોતાના માને છે તેથી તેને મિથ્યાત્વરૂપ મહાન અસત્યનું સેવન છે.

અહીં આચાર્યદેવ કહે છે કે મુનિવરોએ મૌન રહેવું. તેનો સાચો અર્થ એ છે કે મુનિઓએ વાણી તરફનું લક્ષ છોડીને આત્મામાં એકાગ્ર રહેવું. વાણીને રોકવાની ક્રિયા આત્માની નથી, પણ આત્મા જ્યારે બોલવાના વિકલ્પને તોડીને વીતરાગભાવે આત્માના અનુભવમાં લીન થાય ત્યારે બહારમાં વાણી બોલતી ન હોય-એવું પરમાણુઓનું સ્વતંત્ર પરિણમન હોય છે. "મૌન રહેવું" એ તો 'ઘીનો ઘડો' કહેવાની જેમ ઉપચારકથન છે. ખરેખર ભાષા કરવી કે ભાષાને અટકાવવી તે ચેતનને આધીન નથી. ધર્મોપદેશ કરું, સ્વાધ્યાય કરું એવા પ્રકારનો શુભ વિકલ્પ મુનિને થાય અને પરમ સત્ય ઉપદેશ નીકળે પણ ખરો, પરંતુ તે વખતે સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક અશુભરાગને છેદીને જેટલો વીતરાગભાવ છે તે જ ધર્મ છે, જે શુભરાગ છે તેને મુનિ ધર્મ માનતા નથી, ને તે રાગને આદરણીય માનતા નથી, તેથી તેમને ઉત્તમ સત્યધર્મ છે. પણ જો રાગને આદરણીય માને તો ત્યાં તો સમ્યગ્દર્શન પણ હોતું નથી, ઉત્તમ સત્યધર્મ તો સમ્યક્ ચારિત્રનો ભેદ છે તે તો હોય જ ક્યાંથી?

મારા શુભરાગથી કે વાણીથી મને કે બીજાને લાભ થાય અગર તો હું નિમિત્ત થઈને બીજાને સમજાવી દઉં એવો જેનો અભિપ્રાય છે તે જીવ મહા અસત્ય અભિપ્રાયનું સેવન કરનાર મિથ્યાદૃષ્ટિ છે. શુભરાગ કે વ્યવહાર મહાવ્રતનું પાલન કરતાં કરતાં ધર્મ થાય એવો ઉપદેશ આપે અગર તો નિમિત્તથી બીજાનું કાર્ય થાય, પુણ્યથી ધર્મ થાય-એવા એવા પ્રકારનો ઉપદેશ આપે તે જીવ અસત્ય વક્તા છે અને મિથ્યાદૃષ્ટિ છે. એવા જીવોની તો વાત નથી. અહીં તો, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક સમ્યક્ચારિત્રદશા પ્રગટ કરીને જે મુનિ થયા છે અને કેવળજ્ઞાન પ્રગટ કરવાની તૈયારીવાળા છે એવા મુનિવરોને સંબોધન કરીને આચાર્યદેવ કહે છે કે-અહો મુનિવરો! તમારે સ્વરૂપસ્થિરતામાં લીન રહીને સંપૂર્ણ વીતરાગતા જ પ્રગટ કરવી યોગ્ય છે. મુનિઓને કોઈ પ્રકારનો શુભરાગ પણ કરવો ભલો નથી. સત્ય વાણી તરફની ઇચ્છા તોડીને પરમ સત્ય આત્મસ્વભાવમાં સ્થિર રહીને કેવળજ્ઞાન પ્રગટ કરવું યોગ્ય છે.

શ્રી આચાર્યદેવ ઉત્તમ સત્યધર્મનો મહિમા બતાવે છે-૦

सति सन्ति व्रतान्येव सूनृते वचसि स्थिते ।
भवत्याराधिता सद्भिः जगत्पूज्या च भारती ।।९२।।

જે જીવ સત્યવચન બોલનાર છે તેને સમસ્ત વ્રત વિદ્યમાન રહે છે અર્થાત્ સત્યવ્રતનું પાલન કરવાથી સમસ્ત વ્રતોનું પાલન થાય છે અને તે સત્યવાદી પુરુષ જગત્ પૂજ્ય એવી સરસ્વતીને પણ સિદ્ધ કરી લે છે.

શાસ્ત્રોમાં એવી કથન શૈલી હોય છે કે, જ્યારે જેનું વર્ણન કરવું હોય તેને મુખ્ય કરે છે અને બીજાને ગૌણ કરે છે. અહીં સત્યવ્રતનું વર્ણન કરવું છે તેથી તેને મુખ્ય કરીને કહ્યું કે એક સત્યવ્રતના પાલનમાં બધા વ્રતો સમાઈ જાય છે. જ્યારે બ્રહ્મચર્યનું વર્ણન કરવું હોય ત્યારે એમ કહેવાય કે બ્રહ્મચર્ય વ્રતમાં સર્વ વ્રતો સમાઈ જાય છે, તેમ જ જ્યારે અહિંસાનું વર્ણન ચાલતું હોય ત્યારે એમ કહે કે–અહિંસાના પાલનમાં જ સર્વે વ્રતો આવી જાય છે. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય ઇત્યાદિ ભેદો વ્યવહારધર્મની અપેક્ષાથી છે. પરમાર્થે તો એક વીતરાગભાવમાં જ અહિંસા, સત્ય વગેરે બધા ધર્મો આવી જાય છે.

સત્ય-અસત્ય વચન તરફના શુભ કે અશુભ વિકલ્પ તે આત્માનું સ્વરૂપ નથી. સત્ય-અસત્ય વચનો તેમ જ તે તરફનો શુભ–અશુભરાગ તે બંનેથી જુદો રહીને આત્મા તેનો જ્ઞાતા છે; એવા આત્મસ્વભાવના આશ્રય વગર યથાર્થ સત્યવ્રત હોઈ શકે નહિ. શુદ્ધ આત્મસ્વભાવની શ્રદ્ધા પછી ચારિત્ર દશામાં આગળ વધતાં સત્યવ્રતાદિના જે વિકલ્પ આવે છે તેને ઉપચારથી–વ્યવહારથી નિમિત્તથી ઉત્તમ સત્યધર્મ કહેવાય છે. પરમાર્થથી તો સત્ય વચન તરફનો રાગ પણ છોડીને જે વીતરાગભાવ થયો છે તે જ ઉત્તમ સત્ય ધર્મ છે. તે વીતરાગભાવ જ ઉત્તમ અહિંસા છે, તે વીતરાગ ભાવ જ બ્રહ્મચર્ય ઇત્યાદિ છે. ને તે વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે. એવો વીતરાગભાવ મુનિવરોને હોય છે. જે શુભરાગ થાય છે તે પણ ખરેખર અસત્ય છે, હિંસા છે. સમ્યક્શ્રદ્ધાપૂર્વક વીતરાગભાવરૂપ ઉત્તમ સત્યધર્મમાં બીજા બધા ધર્મો આવી જાય છે. જેઓ એવા ઉત્તમ સત્યવ્રતનું પાલન કરે છે તેઓ જગત્પૂજ્ય સરસ્વતીને પ્રાપ્ત કરે છે એટલે કે તેઓ કેવળજ્ઞાન પામે છે ને દિવ્યધ્વનિ છૂટે છે. સરસ્વતી એટલે કેવળજ્ઞાન, અને નિમિત્તરૂપે કહીએ તો દિવ્યધ્વનિ તે સરસ્વતી છે. ભગવાનના દિવ્યધ્વનિને સરસ્વતી, અંબા, વગેરે પણ કહેવાય છે.

લૌકિક સત્ય બોલવાના ભાવ તો જીવે અનંતવાર કર્યા છે, પણ પરમાર્થ સત્યનું સ્વરૂપ સમજ્યો નથી. સાચા જ્ઞાનથી વસ્તુના સ્વરૂપનો નિશ્ચય કર્યા વગર પરમાર્થ સત્ય હોય નહિ. અજ્ઞાની જે કાંઈ બોલે છે તે લૌકિક સત્ય હોય તોપણ પરમાર્થે તે અસત્ય જ છે. સમ્યગ્દર્શનપૂર્વક જ પરમાર્થ સત્ય હોઈ શકે છે. આત્માના ત્રિકાળી શુદ્ધસ્વભાવને ઓળખીને તેમાં વિશેષ સ્થિરતાના પુરુષાર્થ વડે અસત્યને (શુભ–અશુભ રાગને) ટાળે છે તે જ ઉત્તમ સત્યધર્મ છે. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થોને પણ શ્રદ્ધા-જ્ઞાન અપેક્ષાએ ઉત્તમ સત્યાદિ ધર્મો હોય છે.

આચાર્યદેવ ઉત્તમ સત્યધર્મનું વિશેષ મહાત્મ્ય કરે છે–

( શાર્દૂલવિક્રીડિત )

आस्तामेतदमुत्र सूनृतवचा: कालेन यल्लप्स्यते
सद्भुपत्वसुरत्व संसृतिसरित्पाराप्तिमुख्यं फलम् ।
यत्प्राप्नोति यश: शशांकविशदं शिष्टेषु यन्मान्यतां
तत्साधुत्वमिहैव जन्मनि परं तत्केन संवर्ण्यते ।।९३।।

ઉપર કહ્યું તેવા ઉત્તમ સત્યધર્મના સ્વરૂપને જાણીને જે સત્યવાદી મનુષ્ય છે તે પરભવમાં શ્રેષ્ઠ ચક્રવર્તી તથા ઇન્દ્રાદિ પદને પામે છે, અને સંસારસરિતાના પારને પામે છે એ તેનું મુખ્યફળ છે, પરભવની વાત તો દૂર રહો, પરંતુ આ ભવમાં જ તે ચંદ્રમા સમાન ઉત્તમ કીર્તિને પામે છે, તે સજ્જન કહેવાય છે ને સજ્જનો તેને આદરથી જુએ છે. એવા ઉત્તમ સત્યધર્મના ફળને કેમ વર્ણવી શકાય? માટે મુમુક્ષુઓએ સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન-પૂર્વક ઉત્તમ સત્યધર્મનું પાલન કરવું જોઈએ.

આત્માનો વીતરાગ જ્ઞાનમય સ્વભાવ છે, તે પરની ઉપેક્ષા કરનાર છે. પરની ઉપેક્ષા કર્યા વગર વીતરાગભાવ પ્રગટે નહિ અને વીતરાગભાવ વગર ઉત્તમ સત્યં વગેરે ધર્મો હોય નહિ. 'હું પરનું કરી શકું કે નિમિત્ત હોય તો કાર્ય થાય' એવી જેની માન્યતા છે તે જીવ પરપદાર્થોની ઉપેક્ષા કરીને સ્વભાવમાં ઢળી શકશે નહિ. પરથી ભિન્ન પોતાના સ્વભાવને ઓળખીને જે જીવ પરમસત્યનું (આત્મસ્વભાવનું) આરાધન કરે છે તે જીવ વીતરાગ ભાવના ફળમાં મુક્તિ પામે છે અને સાધકદશામાં જે રાગ રહી જાય તેના ફળમાં ઇન્દ્રાદિ પદવી પામે છે. અજ્ઞાનીઓ ગમે તેવા સત્યનો શુભરાગ કરે તો પણ તેને ઇન્દ્ર–ચક્રવર્તી આદિ લોકોત્તર પદવી મળે નહિ. જ્ઞાનીઓને સાધકદશામાં જે રાગ વર્તતો હોય તેનો નિષેધ છે તેથી

તેમને ઇન્દ્રાદિ પદને યોગ્ય ઊંચા પુણ્ય બંધાઈ જાય છે. અને આ લોકમાં પણ એવા સમ્યગ્જ્ઞાની સત્યવાદીને સજ્જનપુરુષો આદર દૃષ્ટિથી દેખે છે, અને તેની ઉજ્જ્વળ કીર્તિ સર્વત્ર થાય છે. આચાર્યદેવ કહે છે કે એ બધા ફળ તો ગૌણ છે. ઉત્તમ સત્યધર્મનું મુખ્ય ફળ તો મોક્ષપદની પ્રાપ્તિ છે. માટે સજ્જનોએ જરૂર સત્ય બોલવું જોઈએ એટલે કે, દરેક વસ્તુ સ્વતંત્ર સત્ છે એમ સમજીને વસ્તુ સ્વભાવની સમ્યક્શ્રદ્ધા અને જ્ઞાન પ્રગટ કરવા જોઈએ, ને એ સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક ઉત્તમ ક્ષમાદિભાવરૂપ વીતરાગ ધર્મનું આરાધન કરવું જોઈએ.—એ રીતે ઉત્તમ સત્યધર્મનું વ્યાખ્યાન પૂરું થયું.

* * *

# ૫. ઉત્તમ શૌચધર્મ

ભાદરવા સુદ : ૯

દશ લક્ષણ પર્વનો આજે પાંચમો દિવસ છે. આજે ઉત્તમ શૌચધર્મનો દિવસ છે. ઉત્તમ શૌચ એટલે સમ્યગ્દર્શનપૂર્વકની પવિત્રતા અથવા નિર્લોભતા. આ દશ ધર્મો મુખ્યપણે મુનિદશામાં હોય છે, ગૃહસ્થધર્મીને ગૌણપણે હોય છે. શ્રી પદ્મનંદિ આચાર્ય શાસ્ત્રમાં શૌચધર્મનું વર્ણન કરે છે–

( આર્યા )

यत्परदारार्थादिषु जन्तुषु निस्पृहमहिंसकं चेतः ।
दुर्भेद्यान्तर्मलहृत्तदेव शौचं परं नान्यत् ।।९४।।

જે પર સ્ત્રી અને પર પદાર્થો પ્રત્યે નિસ્પૃહ છે, સર્વ પ્રાણીઓ પ્રત્યે અહિંસક છે અને દુર્ભેદ્ય એવા અંતરના મેલને જેણે ધોઈ નાખ્યો છે એવું પવિત્ર હૃદય તે જ ઉત્તમ શૌચધર્મ છે, એ સિવાય બીજો કોઈ શૌચધર્મ નથી.

શૌચ એટલે પવિત્રતા જેને પવિત્ર આત્માનું ભાન નથી અને દેહને જ પોતાનો માની રહ્યો છે એવો અજ્ઞાની જીવ શરીરને પવિત્ર રાખવું તેને શૌચધર્મ માને છે. આચાર્યદેવ કહે છે કે એ શૌચધર્મ નથી. શરીરને પોતાનું માનવું તે તો મહાન અશુચિ છે. જે આત્માએ ભેદજ્ઞાનરૂપી જળથી તે મિથ્યામાન્યતારૂપી અશુચિને ધોઈ નાખી છે તે જ આત્મા શૌચધર્મ છે.

જેને પવિત્ર ચૈતન્યસ્વરૂપનું ભાન ન હોય અને પુણ્ય-પાપને જ પોતાનું કર્તવ્ય માને, પરનું હું કરું એમ માને તે જીવ પરપદાર્થોથી નિસ્પૃહ થઈ શકે નહિ. પુણ્ય–પાપરૂપ વિકારભાવોની જેને પક્કડ છે. તેનું જ્ઞાન વિકારથી મલિન છે. પરનું હું કરું એમ જે માને તેનું જ્ઞાન મિથ્યાત્વરૂપ મેલથી મલિન છે. પરની મને મદદ છે, નિમિત્તના આશ્રયે ધર્મ થાય છે–એવી જેની માન્યતા છે તે જીવ પર પદાર્થોમાં આસક્ત છે. જે જીવ પરમાં આસક્ત છે તે જીવ મહાન અશુચિથી ભરેલો છે. જેણે પુણ્યમાં અને તેના ફળમાં સુખ માન્યું છે તે જીવ ખરેખર

સ્ત્રીઓ પ્રત્યે નિસ્પૃહ નથી. જે પુણ્યમાં આસક્ત છે તે જીવને તેના ફળમાં પણ આસક્તિ છે; તે જીવ સ્ત્રી આદિ પદાર્થો પ્રત્યે નિસ્પૃહ નથી અને તેને શૌચધર્મ હોતો નથી.

સ્નાન વગેરેથી શરીરને ચોકખું રાખે તે કાંઈ શૌચધર્મ નથી. શરીરની શુદ્ધિથી આત્માને ધર્મ માનવો તે મિથ્યાત્વ છે. અને પુણ્ય-પાપના ભાવોથી આત્માની પવિત્રતા થાય એમ માને તેને જરાય ધર્મ થાય નહિ, પણ ઉલટો મિથ્યાત્વરૂપી મેલ પુષ્ટ થાય. શરીરથી ભિન્ન અને પુણ્ય-પાપથી રહિત એવા પવિત્ર આત્મસ્વરૂપની સાચી ઓળખાણરૂપી જળ વડે મિથ્યાત્વરૂપી મેલને ધોઈ નાખવો અને પવિત્ર આત્મસ્વરૂપમાં એકાગ્રતાવડે રાગાદિ મેલને ધોઈ નાંખવા તે જ ઉત્તમ શૌચધર્મ છે, એવો ધર્મ મુનિઓને હોય છે. જેટલો રાગાદિ વિકલ્પ થાય તે તો અશુચિ છે. મુનિવરોની પરિણતિ સ્ત્રી-લક્ષ્મી વગેરેથી તદ્દન નિસ્પૃહ છે, શુભ તેમજ અશુભ બંને ભાવોને સરખા માને છે, બંને ભાવો અશુચિરૂપ છે, આત્મસ્વભાવથી વિપરીત અશુદ્ધભાવ છે. મુનિઓને સહજ જ્ઞાનની એકાગ્રતાથી તે રાગાદિ અશુદ્ધભાવો થતા જ નથી; રાગાદિ રહિત વીતરાગભાવ તે ઉત્તમ શૌચધર્મ છે. એ સિવાય બીજો કોઈ ઉત્તમ શૌચધર્મ નથી.

સજ્જનોને પર સ્ત્રીના સંગનો ભાવ હોય જ નહિ, પણ ખરેખર તો શુભભાવ પણ પર સ્ત્રી છે. શુભભાવથી આત્માને લાભ માનીને શુભપરિણતિનો સંગ કરવો તે પરસ્ત્રીગમન છે. ધર્મી જીવો તે શુભપરિણામને પોતાનું સ્વરૂપ માનતા નથી, ને તેમાં એકતા કરતા નથી. તેથી શ્રદ્ધા-જ્ઞાન અપેક્ષાએ તેને પણ શૌચધર્મ છે. આત્મામાં પરભાવનું જે ગ્રહણ કરે છે તે પરમાર્થે પરાયા ધનનું ગ્રહણ છે. જેને પરભાવોમાં ગ્રહણબુદ્ધિ છે તે જીવ તેના ફળરૂપ લક્ષ્મી આદિ બાહ્ય સંયોગોને પણ પોતાના માન્યા વગર રહેશે નહિ. મુનિઓ જ્ઞાનાનંદ સ્વભાવના અનુભવની જાગૃતિ દ્વારા પરભાવોની ઉત્પત્તિ થવા દેતા નથી તેથી તેઓ સમસ્ત પર પદાર્થો ને પરભાવોથી નિસ્પૃહ છે; પરભાવોથી રહિત તેમની પવિત્ર વીતરાગી પરિણતિ તે જ ઉત્તમ શૌચધર્મ છે. બહારમાં સ્નાનાદિ તે શૌચ નથી અને પુણ્ય પરિણામમાં પણ આત્માની શુચિ નથી. જે ભેદવા કઠણ છે એવા પુણ્ય-પાપ ભાવોરૂપ મલિનતાને આત્માની પવિત્રતાના જોરે જેણે ભેદી નાખી છે તેને ઉત્તમ શૌચધર્મ છે.

સ્નાન વગેરેથી શુદ્ધતા થઈ શકતી નથી એ વાત આચાર્યદેવ સ્પષ્ટ કરે છે–

( શાર્દૂલવિક્રીડિત )

गंगासागरपुष्करादिषु सदा तीर्थेषु सर्वेष्वपि
स्नातस्यापि न जायते तनुभृतः प्रायो विशुद्धिः परा ।
मिथ्यात्वादिमलीमसं यदि मनो बाह्येऽतिशुद्धोदकै-
र्धौतः किं बहुशोऽपि शुद्ध्यति सुरापूरप्रपूर्णो घटः ।।९५।।

ગંગા નદી, સમુદ્ર કે પુષ્કરાદિ સર્વે તીર્થોમાં સદા સ્નાન કરાવવાથી પણ શરીરની મલિનતા ટળતી નથી, શરીર કદી પવિત્ર થતું નથી. સ્વભાવથી જ શરીર અશુચિરૂપ છે. જેમ મદિરાથી પરિપૂર્ણ ભરેલા ઘડાને અતિ સ્વચ્છ પાણીથી અનેક વાર ધોવામાં આવે તોપણ તે સ્વચ્છ થતો નથી, તેમ જેનું ચિત્ત મિથ્યાત્વાદિ મલિન ભાવોથી ભરેલું છે તે જીવ બહારમાં શરીરને સ્વચ્છ પાણીથી ગમે તેટલી વાર ધૂએ પણ તેને પવિત્રતા થતી નથી. જે પુણ્યથી આત્માને લાભ માને છે તે જીવ પોતાના આત્મામાં વિકારનું જ લેપન કરીને આત્માની મલિનતા વધારે છે. પુણ્યભાવથી આત્માની શુદ્ધિ થતી નથી. પુણ્ય-પાપરહિત અને શરીરથી ભિન્ન, પવિત્ર આત્મસ્વરૂપની ઓળખાણથી સમ્યક્‌શ્રદ્ધા–જ્ઞાન પ્રગટ કરવા તે જ પવિત્રતા છે, ને તે જ શૌચધર્મ છે. સ્નાન વગેરેમાં જે ધર્મ માને છે તે પોતાના આત્માને મિથ્યાત્વ મળથી મેલો કરે છે. જેના અંતરમાં મિથ્યાત્વ ભરેલું છે તે જીવને કદી પવિત્રતા થઈ શકતી નથી. માટે શરીર અને પુણ્ય–પાપના ભાવો તે બધાંને અશુચિરૂપ જાણીને, તેનાથી રહિત પરમ પવિત્ર ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન–રમણતા વડે પવિત્ર ભાવ પ્રગટ કરવો તે જ ઉત્તમ દશધર્મની સાચી ઉપાસના છે.

અહીં ઉત્તમ શૌચધર્મનું વ્યાખ્યાન પૂરું થયું.

* * *

# ૬. ઉત્તમ સંયમધર્મ

ભાદરવા સુદ : ૧૦

દશ લક્ષણ પર્વમાં છઠ્ઠો દિવસ ઉત્તમ સંયમધર્મનો છે. આત્મસ્વભાવની શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક શુભાશુભ ઇચ્છાઓને રોકીને આત્મામાં એકાગ્ર થવું તે પરમાર્થે ઉત્તમ સંયમધર્મ છે. અને જ્યારે એવો વીતરાગભાવ ન થઈ શકે ત્યારે, સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક અશુભરાગને છોડીને છ કાય જીવોની રક્ષાનો શુભરાગ હોય છે તેને વ્યવહારસંયમ કહેવાય છે. શ્રી આચાર્યદેવ સંયમધર્મનું વર્ણન કરે છે :–

આર્યા

जन्तुकृपार्दितमनसः समितिषु साधोः प्रवर्तमानस्य ।
प्राणेंद्रियपरिहारं संयममाहुर्महामुनयः ।।९६।।

જેનું ચિત્ત દયાથી ભીંજાયેલું છે અને જે સમિતિમાં પ્રવર્તમાન છે તથા ઈન્દ્રિયવિષયોનો ત્યાગ છે એવા મુનિવરોને સંયમધર્મ છે એમ મહામુનિઓ કહે છે. જેઓને આત્મભાનપૂર્વક વીતરાગભાવરૂપ અકષાયી કરુણા પ્રગટી છે તેમને કોઈ પ્રાણીને દુઃખ દેવાનો વિકલ્પ જ થતો નથી, તેથી તેમનું ચિત્ત દયાથી ભીંજાયેલું છે એમ કહેવાય છે. રાગભાવ તે હિંસા છે કેમ કે તેમાં પોતાના આત્માના ચૈતન્યપ્રાણ હણાય છે, તેથી તેમાં સ્વજીવની દયા નથી. વીતરાગભાવ તે જ સાચી દયા છે, કેમ કે તેમાં સ્વ કે પર કોઈ જીવોની હિંસાનો ભાવ નથી. એવી વીતરાગી દયાથી જેનું ચિત્ત ભીંજાયેલું છે તે મુનિવરોને ઉત્તમ સંયમધર્મ છે. અને સંપૂર્ણ વીતરાગભાવ ન હોય ને રાગની વૃત્તિ ઊઠે ત્યારે પાંચ સમિતિમાં પ્રવર્તવારૂપ શુભભાવ હોય છે તેને પણ સંયમધર્મ કહેવાય છે. પરમાર્થે તો વીતરાગભાવ તે જ ધર્મ છે, રાગ તે ધર્મ નથી. ઇન્દ્રિયોના વિષયોનો કે જીવ હિંસાનો તો વિકલ્પ મુનિને હોય જ નહિ. પરંતુ જોઈને ચાલવું ઇત્યાદિ પ્રકારના શુભ વિકલ્પ આવે તેને પણ તોડીને સ્વભાવ તરફ ઢળવાનો પ્રયત્ન વર્તે છે, જેટલે અંશે વિકલ્પનો અભાવ કર્યો એટલે અંશે વીતરાગી સંયમધર્મ છે.

શ્રીમદ્ રાજચંદ્રજી 'અપૂર્વ અવસાર'માં કહે છે કે :–

સંયમના હેતુથી યોગ પ્રવર્તના,
સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો.

આમાં તેઓશ્રી એમ ભાવના કરે છે કે જ્યાં સુધી વીતરાગભાવે સ્વરૂપમાં ન ઠરી શકાય ત્યાં સુધી, સ્વરૂપના લક્ષે અને જિન આજ્ઞા અનુસાર સંયમના હેતુએ યોગનું પ્રવર્તન હો. અહીં જિન આજ્ઞા તરફનું લક્ષ છે તે પણ શુભભાવ છે. તેની ભાવના નથી. પણ પર તરફનો વિકલ્પ પણ ક્ષણે ક્ષણે ઘટતો જાય, અને ક્રમે ક્રમે તેનો અભાવ થઈને સંપૂર્ણ વીતરાગભાવે આત્મસ્વરૂપમાં લીનતા પ્રગટ થઈને કેવળજ્ઞાન થાય–તેવી ભાવના છે. એવા વીતરાગભાવની પહેલાં ઓળખાણ કરવી જોઈએ. વીતરાગભાવ તે જ ઉત્તમ ધર્મ છે.

હવે આચાર્યદેવ સંયમની દુર્લભતા બતાવીને તેની પ્રશંસા કરે છે–

શાર્દૂલવિક્રીડિત

मानुष्यं किल दुर्लभं भवभृतस्तत्रापि जात्यादय-
स्तेष्वेवाप्तवचःश्रुतिःस्थितिरतस्तस्याश्च दृग्बोधने ।
प्राप्ते ते अति निर्मले अपि परं स्यातां न येनोज्झिते
स्वर्मोक्षैकफलप्रदे स च कथं न श्लाघ्यते संयमः ॥१७॥

આ સંસારરૂપી ગહન વનમાં ભ્રમણ કરતાં જીવને મનુષ્યપણું ઘણું દુર્લભ છે. મનુષ્યપણામાં પણ ઉત્તમ જાતિ વગેરે મળવું કઠણ છે. ઉત્તમ જાતિ મળે તો પણ શ્રી અરિહંત ભગવાન વગેરે આપ્ત પુરુષનાં વચનો સાંભળવાની પ્રાપ્તિ થવી મહા દુર્લભ છે. અહીં આચાર્યદેવ દેશનાલબ્ધિનો નિયમ મૂકે છે. જે જીવને જ્ઞાની પુરુષ પાસેથી શુદ્ધ આત્મતત્ત્વના ઉપદેશની પ્રાપ્તિ થઈ નથી તે જીવ ધર્મ પામી શકતો નથી. એથી કાંઈ જીવની પરાધીનતા થતી નથી. જે જીવને શુદ્ધાત્મસ્વભાવ સમજવાની લાયકાત હોય તે જીવને જ્ઞાની પાસેથી શુદ્ધાત્માનો ઉપદેશ મળે જ. રુચિ બહુમાન અને વિનયપૂર્વક જ્ઞાની પુરુષના ઉપદેશને સાક્ષાત્ સાંભળ્યા વગર, માત્ર શાસ્ત્રો વાંચીને કે અજ્ઞાનીનો ઉપદેશ સાંભળીને કદી કોઈ જીવ ધર્મ પામી શકે નહિ. જે જીવ ધર્મ પામે તેને કાં તો વર્તમાન સાક્ષાત્ જ્ઞાનીની વાણીનો યોગ હોય, અને કદાચ તેવો યોગ ન હોય તો, પૂર્વે

જ્ઞાનીનો જે સમાગમ કર્યો હોય તેના સંસ્કારો વર્તમાનમાં યાદ આવ્યા હોય, જીવને જ્ઞાનીનો ઉપદેશ તો અનંતવાર મળ્યો છે, પણ જિજ્ઞાસાપૂર્વક કદી પણ સત્ સાંભળ્યું નથી, તેથી પરમાર્થે તેણે સત્‌નું શ્રવણ કદી કર્યું જ નથી. જિજ્ઞાસાપૂર્વક સંતપુરુષની વાણીનું શ્રવણ મહા દુર્લભ છે. આટલું હોય ત્યાં સુધી પણ ધર્મ નથી, આટલું હોય ત્યારે વ્યવહારશુદ્ધિ થઈ કહેવાય એટલે કે તેનામાં ધર્મી થવા માટેની પાત્રતા પ્રગટી કહેવાય. જેનામાં આટલું ન હોય તે જીવ તો ધર્મ પામી શકતો જ નથી. કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રને જેઓ માને છે તેઓ તો તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે. સાચા દેવ–ગુરુ–શાસ્ત્રનું સ્વરૂપ ઓળખે અને કુદેવાદિની માન્યતા છોડે ત્યારે ગૃહીતમિથ્યાત્વ ટળે છે.

જેને જ્ઞાની પાસેથી સાચા ધર્મનું શ્રવણ મહાભાગ્યથી પ્રાપ્ત થયું છે તેને તેમાં દૃઢ સ્થિતિ થવી દુર્લભ છે. જ્ઞાનમાં યથાર્થ નિર્ણય કરવો તે મહા દુર્લભ છે. સત્ સાંભેળી લે પણ નિર્ણય ન કરે તો યથાર્થ ફળ આવે નહિ. આટલે સુધી આવ્યા પછી હવે અપૂર્વ આત્મધર્મ કેમ થાય તેની વાત કરે છે.

અનંતકાળે દુર્લભ મનુષ્યપણું પામીને, સત્‌ધર્મનું શ્રવણ પામીને અને જ્ઞાનમાં તેનો નિર્ણય કરીને શુદ્ધાત્માનો અનુભવ કરવો તે અપૂર્વ છે. અનંતકાળમાં પૂર્વે કદી નહિ કરેલ એવું નિશ્ચય સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવું તે મહાન પુરુષાર્થ છે. અહીંથી અપૂર્વ ધર્મની શરૂઆત છે. જેણે એક સમયમાત્ર પણ સમ્યગ્દર્શનજ્ઞાનની પ્રાપ્તિ કરી છે તે જીવ અલ્પકાળે અવશ્ય મુક્તિ પામે છે. એવા પવિત્ર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ પરમ પુરુષાર્થ વડે કરીને પછી પણ વીતરાગી સંયમની પ્રાપ્તિ સૌથી દુર્લભ છે.

અહીં આચાર્યદેવ ઉત્કૃષ્ટ વાત બતાવવા માંગે છે. મોક્ષનું સીધું કારણ વીતરાગી ચારિત્ર છે. સમ્યગ્દર્શન જ્ઞાન હોવા છતાં જ્યાં સુધી વીતરાગી સંયમદશા પ્રગટ ન કરે ત્યાં સુધી કેવળજ્ઞાન થતું નથી. માટે વીતરાગી સંયમ ધર્મ પરમ પ્રશંસનીક છે. સમ્યગ્દર્શન–જ્ઞાનને ગૌણપણે મોક્ષમાર્ગ ગણવામાં આવે છે, સાક્ષાત્ મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વકની ચારિત્રદશામાં છે. પ્રવચનસારની ૭ મી ગાથામાં કહ્યું છે કે चारित्तं खलु धम्मो એટલે કે સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્ર તે ધર્મ છે. ચારિત્રદશા વગર તે ભવે તો મોક્ષ હોય નહિ. આચાર્યદેવને પોતાને ચારિત્રદશા વર્તે છે, ઘણો તો વીતરાગભાવ પ્રગટયો

છે, પણ ઉત્કૃષ્ટ વીતરાગી સંયમ પ્રગટ કરીને તે જ ભવે કેવળજ્ઞાન પ્રગટે—એવા પૂર્ણ ચારિત્રની ભાવના કરે છે. આ કાળે સાક્ષાત્ કેવળજ્ઞાન પમાડે એવા ઉત્કૃષ્ટ ચારિત્રનો પુરુષાર્થ નથી. શ્રદ્ધા અપેક્ષાએ તો ચોથા ગુણસ્થાનથી જ વીતરાગ-ભાવ છે; એવી સમ્યક્શ્રદ્ધા પૂર્વક વીતરાગભાવ પ્રગટ કરવો તે અત્યંત પ્રશંસનીય છે. ભાવ સંયમ વગર ઉચ્ચ સ્વર્ગપદ કે મોક્ષપદની પ્રાપ્તિ થતી નથી. વીતરાગી સંયમ દશા ન પ્રગટ કરી શકાય તો, તેની ભાવનાપૂર્વક, નિર્મળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ટકાવી રાખવા જોઈએ. સમ્યગ્દર્શન–જ્ઞાન તે પણ ધર્મ–આરાધના છે, અને ગૃહસ્થો પણ તે કરી શકે છે.

'જે ચારિત્ર છે તે ધર્મ છે' એમ કહ્યું, તે કયું ચારિત્ર? લોકો ઘરબાર છોડી-લુગડાં ફેરવીને ચાલી નીકળે છે તે કાંઈ ચારિત્ર નથી, કોઈક પ્રકારનો વેશ પહેરવો તેમાં અથવા તો લુગડાં તદ્દન કાઢી નાંખવા તેમાં કાંઈ ચારિત્ર નથી. શુભરાગ પણ ચારિત્ર નથી. પણ શરીર અને વિકારથી ભિન્ન સ્વભાવને જાણીને તે સ્વભાવમાં ચરવું તે ચારિત્ર છે. એવું ચારિત્ર સમ્યગ્દર્શન જ્ઞાનપૂર્વક જ હોય છે, ને તે જ મુક્તિનું કારણ છે.

જેને જ્ઞાની પુરુષ પાસેથી સત્ધર્મનું શ્રવણ જ મળ્યું નથી તેને સાચો સંયમ હોય નહિ. સાચા દેવ–ગુરુની ઓળખાણથી ગૃહીતમિથ્યાત્વનો પણ જેણે ત્યાગ કર્યો નથી એવો જીવ બાહ્યમાં ત્યાગી દિગંબર થાય તોય તેને દ્રવ્યલિંગી પણ કહેવાય નહિ. કેમકે ગૃહીતમિથ્યાત્વને ટાળે અને વ્યવહાર પંચમહાવ્રત ચોકખાં પાળે ત્યારે તો દ્રવ્યલિંગ કહેવાય છે એ દ્રવ્યલિંગ પણ ધર્મ નથી. મિથ્યાદષ્ટિ જીવોને સાધુ તરીકે માને તેમાં તો ગૃહીતમિથ્યાત્વ જ છે, સાચા ગુરુ કેવા હોય તેનો પણ વિવેક તેને નથી. જેને નિમિત્ત તરીકે જ કુગુરુને–અજ્ઞાનીને સ્વીકાર્યાં છે તે જીવ પોતે પણ અજ્ઞાની–ગૃહીતમિથ્યાત્વી છે. એવો જીવ ગમે તેવા શુભભાવ કરે તોપણ આઠમા દેવલોકની ઉપર જઈ શકે તેવા શુભભાવ તેને થાય નહિ. કેમ કે જેણે નિમિત્ત તરીકે જ કષાયવાળા દેવ-ગુરુ-શાસ્ત્રને સ્વીકાર્યા છે તેને પોતાના ભાવમાં આઠમા દેવલોકથી ઊંચે જાય તેવી કષાયની મંદતા કરવાની તાકાત નથી. જેને ગૃહીતમિથ્યાત્વ છોડીને નિર્દોષ અકષાયી દેવ-ગુરુ-શાસ્ત્રને સ્વીકાર્યા છે તે જીવને નવમી ગ્રૈવેયક સુધી જઈ શકે તેટલી કષાયની મંદતા થઈ શકે છે; જેણે સાચા નિમિત્તોને ઓળખ્યા નથી તે જીવને વ્યવહાર

સમ્યગ્દર્શન પણ હોતું નથી તેમજ વ્યવહાર ચારિત્ર પણ હોતું નથી. એવો ગૃહીતમિથ્યાદષ્ટિ જીવ નગ્ન-દિગંબર થાય તો પણ તેને દ્રવ્યલિંગ પણ યથાર્થ નથી. તો પછી એને સંયમ ધર્મ કેવો? એ તો મિથ્યાદષ્ટિ છે. ધર્મમાં એક સામાન્યપણે જીવનું માપ કરવાની રીત એ છે કે–જેને ધર્મી જીવનો સીધો ઉપદેશ ન મળ્યો હોય (અગર તો પૂર્વભવના ધર્મ શ્રવણના સંસ્કાર પણ જાગૃત ન થયા હોય) તે જીવને ધર્મ હોતો નથી. જો કોઈ જીવ એમ માને કે હું ધર્મ પામ્યો છું. તો એ નક્કી કરવું જોઈએ કે, ક્યા જ્ઞાની ધર્માત્મા પાસેથી તું ધર્મ સમજ્યો? તને કયા જ્ઞાનીનો સમાગમ થયો? શું તું તારી મેળે સ્વચ્છંદે ધર્મ સમજ્યો? સ્વચ્છંદે ધર્મ સમજાય તેમ નથી, તેમજ અજ્ઞાની જીવની પાસેથી પણ ધર્મ સમજાય તેમ નથી, અને પોતાની મેળે શાસ્ત્રો વાંચીને પણ ધર્મ સમજાય તેમ નથી. ધર્મ ધર્મી જીવ પાસેથી જ સમજાય છે. જે જીવ પોતામાં ધર્મ સમજવાની પાત્રતા પ્રગટ કરે છે તે જીવને ધર્મી જીવનો ઉપદેશ જ નિમિત્તરૂપ હોય છે–એવો નિયમ છે. જો કે નિમિત્ત કાંઈ કરતું નથી, પરંતુ ધર્મ પામવામાં ધર્મી જીવનું જ નિમિત્ત હોય, અધર્મીનું નિમિત્ત હોય નહિ–એવો મેળ છે. માટે મુમુક્ષુ જીવોએ સત્-અસત્ નિમિત્તોની ઓળખાણ કરવી જોઈએ. સત્સમાગમે આત્માની ઓળખાણ કરીને સમ્યગ્દર્શન–જ્ઞાન પ્રગટ કરે, ત્યાર પછી જ વીતરાગભાવરૂપ ઉત્તમ સંયમધર્મ હોય છે. ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મોના યથાર્થ સ્વરૂપને ઓળખવું જોઈએ, ઉત્તમ ક્ષમા વગેરેનાં મૂળ સ્વરૂપને ઓળખ્યા વગર, માત્ર રૂઢિ પ્રમાણે બોલી જાય કે વાંચી જાય તેથી આત્માને લાભ થાય નહિ. દશ લક્ષણ ધર્મનું સ્વરૂપ જાણ્યા વગર તે ધર્મ ઊજવે કઈ રીતે? દશ લક્ષણ ધર્મનું જેવું છે તેવું સ્વરૂપ બરાબર જાણીને, પોતાના આત્મામાં તેવો વીતરાગભાવ જેટલે અંશે પ્રગટે કરે તેટલે અંશે ખરેખર દશ લક્ષણ પર્વ આત્મામાં ઊજવાયું છે. ધર્મના મૂળ સ્વરૂપને સમજે નહિ અને રાગને જ ધર્મ માને તેણે ખરેખર ધર્મનું પર્વ ઊજવ્યું નથી પણ મિથ્યાત્વને પોષણ આપ્યું છે. માટે ધર્મના સાચા સ્વરૂપને સત્સમાગમે ઓળખીને, એવી મિથ્યા માન્યતાઓ છોડવી જોઈએ.

—અહીં ઉત્તમ સંયમધર્મનું વ્યાખ્યાન પૂરું થયું.

* * *

# ૭. ઉત્તમ તપધર્મ

ભાદરવા સુદ : ૧૧

આજે ઉત્તમ તપધર્મનો દિવસ છે. ભાદરવા સુદ પાંચમને દિવસે 'ઉત્તમ ક્ષમાધર્મ' કહેવાય છે, ને અગિયારસને દિવસે 'ઉત્તમ તપધર્મ' કહેવાય છે; પણ તેથી એમ ન સમજવું કે પાંચમને દિવસે ક્ષમા સિવાય બીજા ધર્મો હોય જ નહિ, ને અગિયારસને દિવસે તપ ધર્મ જ હોય. ખરેખર તો આત્માના વીતરાગભાવમાં ઉત્તમ ક્ષમાદિ દશે ધર્મો એક સાથે જ છે, એક દિવસે એક ધર્મ અને બીજા દિવસે બીજો ધર્મ –એમ નથી. પરંતુ એક સાથે દશે ધર્મોનું વ્યાખ્યાન થઈ શકે નહિ તેથી ક્રમસર એકેક ધર્મનું વ્યાખ્યાન કરવાની પદ્ધતિ છે. પાંચમ–છઠ્ઠ વગેરે દિવસો તે તો કાળની અવસ્થા છે–જડ છે, તેમાં કાંઈ ઉત્તમ ક્ષમાદિ ધર્મ રહેલો નથી. સમ્યગ્દર્શનપૂર્વક આત્માના વીતરાગભાવમાં ઉત્તમ ક્ષમાદિ ધર્મો રહેલા છે, જેને આત્માની સાચી ઓળખાણ ન હોય તેને ઉત્તમ ક્ષમાદિ એકેય ધર્મ હોતા નથી. ઉત્તમ ક્ષમાદિ ધર્મો તે સમ્યક્ચારિત્રના ભેદો છે. મુખ્યપણે મુનિદશામાં આ ધર્મો હોય છે. શ્રી પદ્મનંદિ આચાર્યદેવ ઉત્તમ તપધર્મનું વર્ણન કરે છે–

( આર્યા )

कर्ममलविलयहेतोर्बोधदृशा तप्यते तपः प्रोक्तम् ।
तद्द्वेधा द्वादशधा जन्माम्बुधियानपात्रमिदम् ॥९८॥

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વકનું ઉત્તમ તપ આ સંસારસમુદ્રથી પાર થવા માટે જહાજ સમાન છે; સમ્યક્જ્ઞાનરૂપી દૃષ્ટિથી વસ્તુસ્વરૂપને જાણીને તેમાં લીન થતાં ઇચ્છાઓ અટકી જાય છે, તે તપ છે, કર્મમલનો તેનાથી નાશ થાય છે. જે ભાવથી શુભ કે અશુભ કર્મો બંધાય તે ખરેખર તપ નથી, પણ જે ભાવથી જ્ઞાનદર્શનની શુદ્ધિ પ્રગટે ને કર્મનો ક્ષય થાય તે તપ છે; એ તપ આત્માનું વીતરાગી ચારિત્ર છે. નિશ્ચયથી તો વીતરાગભાવરૂપ એક જ પ્રકારનું તપ છે. એવા નિશ્ચયતપની ઓળખાણપૂર્વક જ્યાં પૂર્ણ વીતરાગભાવ ન થાય ત્યાં

શુભરાગરૂપ વ્યવહાર તપ હોય છે. તે વ્યવહાર તપના સામાન્યપણે બે પ્રકાર છે, એક બાહ્યતપ ને બીજું અભ્યંતર તપ. તથા વિશેષપણે ૧-અણશન, ૨-અવમૌદર્ય, ૩-વૃત્તિપરિસંખ્યાન, ૪-રસપરિત્યાગ, ૫-વિવિક્ત શય્યાસન, ૬-કાયક્લેશ, ૭-પ્રાયશ્ચિત્ત, ૮-વિનય, ૯-વૈયાવૃત્ય, ૧૦-વ્યત્સર્ગ, ૧૧-સ્વાધ્યાય અને ૧૨-ધ્યાન એ બાર ભેદ છે. તેમાં પહેલા છ પ્રકારો બાહ્યતપના ભેદો છે અને પછીના છ પ્રકારો આભ્યંતર તપના ભેદો છે. એ ધ્યાનમાં રાખવું કે આ બધાય પ્રકારનાં તપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પછી જ હોય છે. સમ્યગ્દર્શન વગર કાયકલેશ, અણશન કે સ્વાધ્યાય વગેરે કરે તેને નિશ્ચયથી કે વ્યવહારથી કોઈ રીતે તપ કહી શકાતું નથી. ઉત્તમ તપ તે સમ્યક્ચારિત્રનો ભેદ છે, સમ્યક્ચારિત્ર સમ્યગ્દર્શન વગર હોતું નથી; પુણ્ય કે પાપરૂપ કોઈ ઇચ્છા આત્મસ્વભાવમાં નથી. ઇચ્છા-રહિત નિર્મળ ચૈતન્યસ્વરૂપને ઓળખીને તેના અનાકુળ આનંદના અનુભવમાં લીન થતાં વીતરાગભાવથી આત્મા શોભી ઊઠે છે–એનું નામ તપ છે. એવું તપ મુક્તિનું કારણ છે.

શ્રી આચાર્યદેવ તપનો મહિમા બતાવે છે–

( પૃથ્વી )

कषायविषयोद्भटप्रचुरतस्करौघो हठा-
त्तपःसुभटताडितो विघटते यतो दुर्जयः ।
अतो हि निरुपद्रवश्चरति तेन धर्मश्रिया
यतिः समुपलक्षितः पथि विमुक्तिपुर्याः सुखम् ।।९९।।

આચાર્યદેવ કહે છે કે–આ વિષયકષાયરૂપી ઉદ્ધત ચોરોનો સમૂહ દુર્જય છે, તોપણ તપરૂપી યોદ્ધા પાસે તેનું કાંઈ જોર ચાલતું નથી. જો મુનિવરો વીતરાગભાવ વડે સ્વરૂપમાં ઠરે તો વિષયકષાયરૂપી ચોરો સહજમાં નાશ થઈ જાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી રત્નો સાથે રાખીને મોક્ષમાર્ગમાં ચાલનારા મુનિવરોને જો તપરૂપી રક્ષક સાથે ન હોય તો વિષયકષાયરૂપી ચોર તેની લક્ષ્મીને લૂંટી લે છે. અલ્પ પણ રાગ રહી જાય તો તેનાથી રત્નત્રયસંપત્તિ લૂંટાય છે, ને મોક્ષ થતો નથી. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન થયા પછી પણ વિષય-કષાયોને જીતવા દુર્લભ છે, પરંતુ મુનિવરો પરદ્રવ્યોથી પરાઙ્મુખ થઈને જ્યારે સ્વરૂપમાં ઠરે છે ત્યારે તે વિષયકષાયો ક્ષણમાત્રમાં નષ્ટ થઈ જાય છે. માટે

મોક્ષમાર્ગમાં ગમન કરી રહેલા યોગીઓને ભગવાનની ભલામણ છે કે હે મુનિઓ! વિષય-કષાયરૂપી ચોરોથી તમારી રત્નત્રયરૂપી લક્ષ્મીને બચાવવા માટે સમ્યક્તપરૂપી યોદ્ધાને સદા સાથે રાખજો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ધર્મ લક્ષ્મીને સાથે રાખીને મોક્ષ તરફ ગમન કરતાં સ્વભાવની સ્થિરતાના પુરુષાર્થને સાથે રાખવાથી, વચ્ચે કોઈ વિઘ્ન કરવા સમર્થ નથી.

હવે આચાર્યદેવ તપ માટેની પ્રેરણા કરે છે–

મંદાક્રાંતા

मिथ्यात्वादेर्यदिह भविता दुःखमुग्रं तपोभ्यो
जातं तस्मादुदककणिकैकेव सर्वाब्धिनीरात् ।
स्तोकं तेन प्रभवमखिलं कृच्छ्रलब्धे नरत्वे
यद्येतर्हि स्खलसि तदहो का क्षतिर्जीव ते स्यात् ।।૧૦૦।।

કોઈ જીવ ઉત્તમ તપધર્મમાં નિરુત્સાહી થતો હોય અને ખેદથી દુઃખી થતો હોય અને તેથી તપને જ દુઃખરૂપ માનીને છોડી દેતો હોય, તો તેને આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! જેમ સમુદ્રના પાણી પાસે પાણીના કણિયાની ગણતરી નથી તેમ, સમ્યક્તપના અનાદરથી મિથ્યાત્વને લીધે જે અનંતુ દુઃખ થશે તેની પાસે તપના અલ્પ દુઃખની ગણતરી કાંઈ નથી. તપ તે ચારિત્રધર્મ છે અને તે તો પરમ આનંદનું કારણ છે, તે દુઃખનું જરાપણ કારણ નથી, પણ તેની સાથે જે રાગ રહી જાય છે તેનું અલ્પ દુઃખ છે એમ સમજવું. અહીં તો જેને ચારિત્રદશામાં અલ્પ ખેદ થાય છે ને નિરુત્સાહી થઈ જાય છે તેને સમજાવવા કહે છે કે હે જીવ! આ તપમાં તો તને બહુ અલ્પ દુઃખ છે, અને મિથ્યાત્વ-અવ્રત વગેરેના સેવનથી નરકમાં જઈશ ત્યાં તો અનંતુ દુઃખ છે, ને અનંતી પ્રતિકૂળતા છે. એની પાસે તો તારા તપમાં જે પ્રતિકૂળતા છે તેની કાંઈ ગણતરી નથી, છતાં તું તપથી કેમ ભયભીત થાય છે? અહો! સાદિ અનંત પરમાનંદના કારણભૂત એવા ઉત્તમ તપને ધારણ કરવામાં તને શું હાનિ છે? સમ્યક્ તપનું પાલન કરતાં બહારમાં પ્રતિકૂળતા આવે તેનાથી ખેદ ન પામ, સમ્યક્ તપ તને જરાય દુઃખનું કારણ નથી પણ મોક્ષદશાના પરમ સુખનું કારણ છે.

ઉત્તમ તપ તો વીતરાગભાવ છે અને વીતરાગભાવમાં દુઃખ હોય નહિ. મિથ્યાદષ્ટિ જીવનાં આચરણ દુઃખરૂપ છે. આમ હોવા છતાં અહીં ધર્માત્મા

મુનિના ઉત્તમ તપમાં અલ્પ દુઃખ કેમ કહ્યું?–તેનું કારણ એ છે કે કોઈક મંદ પુરુષાર્થી જીવને પ્રતિકૂળતા વગેરેમાં લક્ષ જતાં ખેદ થતો હોય અને કઠણ લાગતું હોય, તેથી સહેજ અણગમો થઈ જતો હોય, તો તે અણગમાને લીધે તેને જરાક દુઃખ લાગે છે. એ અપેક્ષાએ ઉપચારથી તપમાં અલ્પ દુઃખ કહ્યું છે. ખરેખર તો તપનું દુઃખ નથી પણ ખેદનું દુઃખ છે. ખેદભાવ તે તપ નથી અને તપમાં ખેદ નથી. અલ્પ ક્લેશની ગણતરી મુખ્ય કરીને રત્નત્રય સહિત ઉત્તમ તપધર્મમાં ઉત્સાહ ઘટાડવો ઠીક નથી.

ધર્મી જીવ મુનિદશામાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા હોય અને સંથારો કર્યો હોય, છતાં કોઈને નબળાઈને લીધે જરા ક્લેશ-અણગમો થઈ આવે અને પાણીની વૃત્તિ ઊઠે. છતાં અંતરમાં ભાન છે કે આ વૃત્તિ મારું સ્વરૂપ નથી, આ વૃત્તિ થઈ તે ચારિત્રનો ભાગ નથી પણ દોષ છે. વિશેષ સહનશીલતા નથી ને ખેદ થાય છે તેનો આરોપ કરીને તપમાં અલ્પ દુઃખ કહ્યું છે. અને ચારિત્રમાં સ્થિર રહેવા માટે કહ્યું કે અત્યારે જરાક દુઃખથી ડરીને જો ચારિત્રનો જ અનાદર કરી નાખીશ તો મિથ્યાત્વ થશે અને તેના ફળમાં જે અનંત દુઃખ મળશે, તેને તું કેમ સહન કરી શકીશ? અત્યારે અલ્પ દુઃખ સહન કરીશ તો સમ્યક્ તપના ફળમાં અનંત મોક્ષસુખને પામીશ.

જે ખરેખર ચારિત્રને દુઃખનું કારણ માને છે તે તો અજ્ઞાની છે. જે લોકો ઉપવાસને તેમજ ચારિત્રને દુઃખદાયક માને છે તેને સમ્યગ્દર્શન પણ નથી. શુદ્ધ ચિદાનંદ આત્માનું ભાન કરીને તેના આનંદના અનુભવમાં લીન થઈ જતાં ઇચ્છા તૂટી જાય તે ઉત્તમ તપધર્મ છે. આચાર્યદેવ એવા ઉત્કૃષ્ટ તપ માટેની પ્રેરણા કરે છે.

–અહીં ઉત્તમ તપધર્મનું વ્યાખ્યાન પૂરું થયું.

* * *

# ૮. ઉત્તમ ત્યાગધર્મ

ભાદરવા સુદ : ૧૨ પહેલી

દશ ધર્મોમાં આજે ઉત્તમ ત્યાગધર્મનો દિવસ છે. તેનું વર્ણન કરે છે–

શાર્દૂલવિક્રીડિત

व्याख्या या क्रियते श्रुतस्य यतये यद्दीयते पुस्तकं
स्थानं संयमसाधनादिकमपि प्रीत्या सदाचारिणा ।
स त्यागो वपुरादिनिर्ममतया नो किंचनास्ते यते-
राकिंचन्यमिदं च संसृतिहरो धर्मः सतां सम्मतः ॥१०१॥

સમ્યક્પ્રકારે શ્રુતનું વ્યાખ્યાન કરવું અને મુનિ વગેરેને પુસ્તક, સ્થાન તથા પીંછી-કમંડલાદિ સંયમના સાધન આપવા તે ધર્માત્માઓનો ઉત્તમ ત્યાગધર્મ છે. 'હું શુદ્ધ આત્મા છું, મારું કાંઈ પણ નથી' એવા સમ્યગ્જ્ઞાનપૂર્વક અત્યંત નિકટ શરીરમાં પણ મમતાનો ત્યાગ કરીને શુદ્ધસ્વરૂપમાં રમણતા પ્રગટ કરે ત્યાં મુનિઓને સર્વે પરભાવોનો ત્યાગ થઈ જાય છે. આત્માના ભાનપૂર્વક શરીરાદિ સર્વે પદાર્થો ઉપરની મમતાનો ત્યાગ કર્યો તેમાં ઉત્તમ આકિંચન્યધર્મ પણ આવી જાય છે. એક જ શ્લોકમાં આચાર્યદેવે બે ધર્મોનું વર્ણન કર્યું છે.

આત્માના ભાનપૂર્વક મુનિદશા વર્તતી હોય પણ હજી પૂર્ણ સ્થિરતા ન થતી હોય અને વિકલ્પ ઊઠે ત્યારે મુનિઓ શ્રુતની-શાસ્ત્રની ભલી રીતે વ્યાખ્યા કરે તેને અહીં ત્યાગધર્મ કહ્યો છે. ત્યાં ખરેખર શાસ્ત્ર વાંચવાની ક્રિયાને કે રાગને ધર્મ કહ્યો નથી પણ તે વખતે અંતરમાં વીતરાગ સ્વભાવનું ઘોલન થતાં જે રાગનો ત્યાગ થાય છે, તે જ ઉત્તમ ત્યાગ છે. શ્રુતની વ્યાખ્યા કરતી વખતે વાણી કે વિકલ્પ હોય તે કાંઈ ધર્મ નથી. શ્રુતનું રહસ્ય તો આત્મસ્વભાવ છે, વીતરાગભાવ એ જ સર્વ શ્રુતનું પ્રયોજન છે. વિકલ્પ હોવા છતાં તે વખતે વીતરાગી જ્ઞાનસ્વભાવના આશ્રયે સમ્યક્શ્રુતની વૃદ્ધિ થાય છે, અને રાગ ટળતો જાય છે.–આ જ ધર્મ છે. જેવું વસ્તુસ્વરૂપ છે તેવું વ્યાખ્યાન કરતાં, એટલે કે આત્માના સ્વભાવમાં વિપરીતતા ન થાય એવી રીતે સમ્યગ્જ્ઞાનનું ઘોલન કરતાં

મુનિઓને ઉત્તમ ત્યાગધર્મ હોય છે. ગૃહસ્થોને પણ આત્મસ્વભાવને લક્ષે શ્રુતનું ઘોલન-સ્વાધ્યાય કરતાં શ્રુતજ્ઞાનની નિર્મળતા વધે છે ને રાગ તૂટતો જાય છે, તેથી તેટલે અંશે તેને પણ ત્યાગધર્મ છે. મિથ્યાદૃષ્ટિને તો એકલો અધર્મ જ હોય છે. સમ્યગ્દર્શન થયા પછી જ સાધક જીવને નિશ્ચયધર્મ અને વ્યવહારધર્મ એવા બે પ્રકાર છે. જેટલો વીતરાગભાવ થયો છે તેટલો ખરેખર ધર્મ છે, ને શુભરાગ રહ્યો તે ખરેખર ધર્મ તો નથી, પણ ધર્મી જીવને તે રાગનો નિષેધ વર્તે છે તેથી ઉપચારથી તેને ધર્મ કહેવાય છે.

શ્રુતની વ્યાખ્યાના શબ્દો આત્માના નથી, આત્મા તે શબ્દોનો કર્તા નથી; અને શુભરાગ થાય છે તે પણ આત્માનો સ્વભાવ નથી. આવા ભાનપૂર્વક શુદ્ધસ્વભાવના અનુભવમાં લીન ન રહી શકે ત્યારે ધર્મી જીવોને શ્રુતનું વ્યાખ્યાન વગેરે શુભરાગ હોય છે, તે વખતે અશુભરાગ નથી થતો એ અપેક્ષાએ વ્યવહારે ત્યાગ છે, અને જ્ઞાનનું જ્ઞાનમાં જેટલું ઘોલન થાય છે તેટલો પરમાર્થ ત્યાગ છે. પરમાર્થે તો શ્રુતજ્ઞાન તે આત્મા જ છે, તેથી આત્મસ્વભાવનું ઘોલન રહે તે જ નિશ્ચયથી શ્રુતની વ્યાખ્યા છે અને એ જ ઉત્તમ ત્યાગધર્મ છે. ત્યાગના નવ પ્રકાર કે ઓગણપચાસ પ્રકાર તો વ્યવહારથી છે. શુભરાગ વખતે કેવા કેવા પ્રકારના નિમિત્તો હોય છે અને રાગ તોડીને જ્ઞાયકસ્વભાવમાં લીનતા થતાં કેવા કેવા પ્રકારનાં નિમિત્તો ઉપરથી લક્ષ છૂટી જાય છે તે બતાવવા માટે બહારના ભેદોથી વર્ણન છે. જે જીવો મૂળભૂત વસ્તુસ્વરૂપ ન સમજે તેઓ ભંગ-ભેદના કથનમાં અટકી પડે છે.

**પ્રશ્ન**:—આત્મા વચનો તો બોલી શકતો નથી, તો અહીં મુનિઓ શ્રુતની વ્યાખ્યા કરે છે–એવી વાત કેમ કરી?

**ઉત્તર**:—ઉપદેશમાં કથનો તો નિમિત્ત અપેક્ષાએ હોય, પરંતુ દરેક વસ્તુ સ્વતંત્ર છે એવું ભેદજ્ઞાન રાખીને તેના અર્થો સમજવા જોઈએ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વભાવ રાગરહિત છે, જે રાગ છે તે જ્ઞાન નથી. જ્ઞાન અને રાગ જુદા છે, રાગને કારણે વચનો બોલવાની ક્રિયા થતી નથી. બાહ્ય વચનો તો નિમિત્તમાત્ર છે, અને તે વચનો તરફનો રાગ પણ ખરેખર ત્યાગધર્મ નથી, પરંતુ તે વખતે સ્વભાવના આશ્રયે જે જ્ઞાનસામર્થ્ય વધતું જાય છે, તે જ ત્યાગ છે. રાગનો ત્યાગ ત્યાં થઈ જાય છે. યથાર્થ ભેદવિજ્ઞાન વગર ધર્મનું આરાધન થઈ

શકે નહિ અને સાચી ક્ષમાપના થાય નહિ. મિથ્યાત્વ એ જ સૌથી મોટો ક્રોધ છે, સમ્યગ્દર્શનવડે તે મિથ્યાત્વ ટાળ્યા વગર ક્ષમાધર્મ પ્રગટે નહિ.

પોતે અનાદિથી અજ્ઞાનભાવને લીધે પોતાના આત્મસ્વભાવ ઉપર ક્રોધ કર્યો, તે ક્રોધ ટળીને ક્ષમા શી રીતે થાય? તેની વાત કહેવાય છે. ખમ્મા આત્મસ્વભાવને! એટલે કે પુણ્ય-પાપરહિત સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન કરીને વીતરાગભાવ પ્રગટ કરું અને રાગના એક અંશથી પણ સ્વભાવને ખંડિત ન કરું, આનું નામ સાચી ક્ષમા છે. રાગ થાય તેટલો અપરાધ છે. અને રાગને આત્માના સ્વભાવનો માને તે તો આત્મસ્વભાવ ઉપર અનંતો ક્રોધ કરનાર છે.

ધર્મ-પુસ્તકો વગેરેનું દાન કરવું તેને ગૃહસ્થનો ત્યાગ ધર્મ કહ્યો છે. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ ધર્માત્મા જાણે છે કે બહારમાં પુસ્તક વગેરે દેવા લેવાની ક્રિયા તો આત્માની નથી અને અંતરમાં 'વીતરાગ શાસન ટકે, સાધક ધર્માત્માઓ ટકે ને સમ્યક્શ્રુતજ્ઞાનની વૃદ્ધિ થાય' એવી ભાવનારૂપ વિકલ્પ તે પણ રાગ છે. આત્મા તેનો કર્તા નથી. અંતરમાં પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવના ભાનપૂર્વક જ્ઞાનની નિર્મળતા વધે છે અને રાગ ટળે છે તે ત્યાગ છે, અને તે જ ધર્મ છે. પરમાર્થે તો જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું તે જ ત્યાગ છે, આત્માએ રાગને છોડયો એ પણ ઉપચારથી છે. પર્યાયમાં રાગ હતો અને છોડયો એ કથન વ્યવહારનયનું છે–પર્યાય અપેક્ષાનું છે. સ્વભાવથી તો આત્માએ રાગ કર્યો પણ નથી ને છોડયો પણ નથી. રાગ આત્માના સ્વભાવમાં હતો નહિ, તો પછી તેનો ત્યાગ કઈ રીતે કહેવો? રાગ તો પર્યાયદષ્ટિમાં હતો, જ્યાં પર્યાયદષ્ટિ જ ટળી ગઈ ને સ્વભાવદષ્ટિ થઈ ત્યાં રાગ છે જ નહિ. તેથી રાગનો ત્યાગ કરનાર આત્માને કહેવો તે ઉપચાર કથન છે. વળી જે સમયે રાગ થાય છે તે સમયે તો તેનો ત્યાગ હોતો નથી, પણ આત્મા જ્યારે સ્વભાવમાં એકાગ્ર રહે છે ત્યારે રાગની ઉત્પત્તિ જ થતી નથી, એથી 'રાગનો ત્યાગ કર્યો' એમ કહેવાય છે. સ્વભાવની લીનતામાં રહેતાં રાગની ઉત્પત્તિ જ ન થઈ તેનું નામ જ રાગનો ત્યાગ છે. રાગ રહિત જ ત્રિકાળ સ્વભાવ છે–એવી શ્રદ્ધા થતાં સર્વે રાગનો શ્રદ્ધામાંથી તો ત્યાગ થઈ જ ગયો. રાગ રહિત ત્રિકાળી સ્વભાવ છે એનો અનુભવ વગર પર્યાયમાંથી રાગનો ત્યાગ થઈ શકે નહીં. રાગને પોતાનું સ્વરૂપ માનતો હોય તે જીવ રાગનો ત્યાગ કરી શકે જ નહિ.

શ્રી સમયસારજી ગાથા ૩૪ માં જ્ઞાનને જ પ્રત્યાખ્યાન કહ્યું છે. એટલે કે જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમી ગયું ને રાગાદિરૂપે ન પરિણમ્યું તે જ ત્યાગ છે. આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું તો નામ માત્ર છે. પોતે તો જ્ઞાનસ્વભાવ છે. પરદ્રવ્યને પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહિ તે જ ત્યાગ છે એ રીતે સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે. આ નિશ્ચયથી ત્યાગનું સ્વરૂપ છે. એકલા જ્ઞાનસ્વભાવમાં ઠરતાં રાગ થતો જ નથી તેથી તે જ્ઞાન પોતે જ રાગના ત્યાગસ્વરૂપ છે. આત્માએ રાગને છોડયો એમ કહેવું તે પણ વ્યવહાર છે.

અને અહીં પદ્મનંદિમાં તો કહ્યું કે મુનિઓને પીંછી કમંડળ, શાસ્ત્રાદિ આપવાં તે ઉત્તમત્યાગ છે, સમ્યક્શ્રુતની વ્યાખ્યા કરવી તે ઉત્તમ ત્યાગ છે–આ વ્યાખ્યા વ્યવહારથી છે. સમ્યગ્દૃષ્ટિ જીવને આત્મસ્વભાવમાં સ્થિરતા ન રહે ત્યારે કેવા પ્રકારનો શુભરાગ હોય તે જણાવ્યું અને તે રાગ વખતે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વર્તે છે તેનો ઉપચાર કરીને શુભરાગને ત્યાગધર્મ કહ્યો છે. ખરેખર તો અંતરમાં જ્ઞાનનું ઘોલન થતાં વીતરાગભાવની વૃદ્ધિ થાય તે જ ત્યાગ છે. પુસ્તક દેવા-લેવાની કે બોલવાની ક્રિયાનો ખરેખર આત્મા કર્તા છે એમ જે માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેનો તો પરનો અહંકાર છે, તેથી તેને સાચો ત્યાગ હોતો નથી. જ્ઞાનીઓને સ્વભાવના બહુમાનના જોરે જ્ઞાનની એકાગ્રતામાં વૃદ્ધિ થઈ તેથી, તે વખતે બહારમાં વર્તતી શાસ્ત્રાદિ લેવા-દેવાની ક્રિયામાં ઉપચાર કરીને તેને ત્યાગધર્મ કહ્યો છે. બહારની ક્રિયા વખતે તેમ જ રાગ વખતે જ્ઞાનીનો અંતરંગ અભિપ્રાય શું છે તે સમજવું જોઈએ. જો રાગથી ભિન્ન આત્માના જ્ઞાનસ્વભાવનો વિશ્વાસ આવે તો જ્ઞાનીનું અંતર-હૃદય સમજાય. જે પોતે રાગાદિ સાથે જ્ઞાનસ્વભાવને એકમેક માને છે તેને જ્ઞાનીનું હૃદય યથાર્થ સમજાય નહિ. જ્ઞાનીનું જ્ઞાન રાગથી અને જડની ક્રિયાથી જુદું છે. લોકોની ભાષામાં તો બહારથી બોલાય કે આ લીધું ને આ દીધું, પણ ખરેખર જ્ઞાની કોઈ બહારની ક્રિયામાં નથી, રાગમાં પણ નથી, જ્ઞાની તો ચૈતન્યસ્વભાવમાં જ છે, આવું ભેદજ્ઞાન પોતાના આત્મામાં કરવું તે જ સમાધાન છે. પોતે ભેદજ્ઞાન કરે તો જ્ઞાની શું કરે છે તે જાણે. કોઈ એમ કહે કે–આ તો બીજાને નિરુત્તર કરવાનું સાધન છે.–તો કહે છે કે ભાઈ, આ નિરુત્તર કરવા માટે નથી પણ વસ્તુસ્થિતિ જ એવી છે. ઊલટું તને એમ કહ્યું કે તું પહેલાં તારા જ્ઞાનને રાગથી જુદું ઓળખ, એટલે કે

તું પોતે જ્ઞાની થા, તો તને ખબર પડે કે જ્ઞાની શું કરે છે? જ્ઞાની જ્ઞાનભાવ જ કરે છે, રાગ થાય છે તેને સ્વભાવ તરીકે સ્વીકારતા નથી તેથી તેઓ ખરેખર રાગને કરતા નથી પણ છોડે છે. આવું વસ્તુસ્વરૂપ જાણવું તે જ અનંતકાળના મિથ્યાત્વના ત્યાગનો ઉપાય છે. બાહ્યદૃષ્ટિ જીવો બહારના ત્યાગને દેખે છે, પણ આત્મસ્વભાવની સાચી ઓળખાણ કરતાં, અનંતકાળે નહિ થયેલ એવો મિથ્યાત્વનો અપૂર્વ ત્યાગ ધર્માત્માને હોય છે, તેને તેઓ દેખતા નથી. જ્ઞાની કદી પરની ક્રિયાના કર્તા થતા જ નથી, જ્ઞાની તો પોતાના જ્ઞાનનું જ કાર્ય કરે છે, જ્ઞાની રાગને ધર્મ માનતા નથી, જ્ઞાનમાં ઠરતાં રાગનો અભાવ થાય છે તેનું નામ ખરેખર ઉત્તમ ત્યાગધર્મ છે. અહો, જૈનશાસનમાં જ્ઞાન અને રાગની જુદાઈ ચોક્ખી જ કહી છે, પણ અજ્ઞાની તેમને જુદા ન દેખે તેથી શું થાય?

આ દશ ધર્મોના કથન આત્માની ચારિત્રદશા બતાવવા માટે છે. ચારિત્ર-દશા સમ્યગ્દર્શન વગર હોતી નથી. જેને સમ્યગ્દર્શન ન હોય તેને ચારિત્રદશા કેવી હોય તે સમજાશે નહિ અને શાસ્ત્રમાં વ્યવહારના કથનોનો આશય તે સમજી શકશે નહિ.

(ભાદરવા સુદ : ૧૨ બીજી)

બે બારસ હોવાથી આજે ઉત્તમ ત્યાગધર્મના વર્ણનનો બીજો દિવસ છે. આ બધા ધર્મો સંવરધર્મના પેટા ભેદ છે. મૂળ તો વીતરાગભાવરૂપ એક જ પ્રકારનો સંવર છે, પણ રાગના નિમિત્તે ઉપચારથી દશ ભેદ કહ્યા છે. જેટલી વીતરાગતા તેટલો જ ધર્મ છે. પણ કેવા પ્રકારના વિકલ્પથી ખસીને વીતરાગભાવમાં એકાગ્ર થાય છે! અર્થાત્ વીતરાગભાવ પૂર્વે કેવા પ્રકારનો હતો તે બતાવવા માટે આ દશ ભેદો છે. ક્ષમા સંબંધી વિકલ્પ તોડીને વીતરાગ સ્વભાવમાં ઠરે તો તેને 'ઉત્તમ ક્ષમાધર્મ' કહ્યો, એ રીતે અનેક પ્રકારે રાગરહિત આત્માને સમજે અને રાગનાં અનેક પ્રકારો છે તેને સમજે તો જ્ઞાનની દૃઢતા થાય. રાગરહિત ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધાપૂર્વક આરાધના કરતાં વચ્ચે પ્રમાદ થતાં વિકલ્પ ઊઠે છે, તે પ્રમાદને દૂર કરીને સ્વભાવના અવલંબને વિશેષ સ્થિરતા કરવી તેને અહીં ઉત્તમ ત્યાગધર્મ કહ્યો છે. આવો ત્યાગ મુખ્યપણે સાતમા ગુણસ્થાનથી હોય છે અને ગૌણપણે તો ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે.

મુનિદશામાં સ્વભાવની એકાગ્રતાથી અનંતાનુબંધી વગેરે ત્રણ પ્રકારના

કષાયનો અભાવ થઈ ગયો છે, તેટલો ત્યાગ તો સામાન્યપણે છે જ, તેની અહીં વાત નથી કરતા, પણ મુનિને વિકલ્પ ઊઠતાં છઠ્ઠું ગુણસ્થાન આવે ત્યારે વિશેષ પ્રમાદ ન થવા દેવો અને તે વિકલ્પ તોડીને વીતરાગી એકાગ્રતા પ્રગટ કરવી—એવા વિશેષ ત્યાગ માટે આ વાત છે. જેટલી દશા પ્રગટી છે ત્યાંને ત્યાં પ્રમાદ કરીને ન અટકતાં સ્વભાવની સ્થિરતાના જોરપૂર્વક પ્રમાદનો પરિહાર કરીને આગળ વધવા માટેના આ દશ પ્રકારના ઉત્તમ ધર્મોનો ઉપદેશ છે. અહીં બહારના ત્યાગની વાત જ નથી, મુનિને બાહ્યમાં સર્વ પરિગ્રહનો ત્યાગ હોય છે—એવા બાહ્ય ત્યાગની વાત નથી, અંતરમાં મુનિને ઘણો વિભાવ ટળી ગયો છે તેટલો ત્યાગધર્મ તો પ્રગટયો છે, પણ તેની વાત અહીં નથી. સ્વરૂપ સ્થિરતારૂપ ચારિત્રદશા પ્રગટી હોવા છતાં મુનિને જે શુભ વિકલ્પ ઊઠે છે તેને ટાળીને, વિશેષ જ્ઞાન ધ્યાનમાં આગળ વધે–તે ઉત્તમ ત્યાગધર્મ છે.

મુનિઓને ચારિત્રદશા વર્તે છે અને બાહ્ય અભ્યંતર ત્યાગ હોય છે–એવી વાત ત્યાગધર્મના વર્ણનમાં ન કરી. કેમ કે અહીં તો જે મુનિઓને વિકલ્પ ઊઠે છે તેઓની અપેક્ષાએ કથન છે. અર્થાત્ મુનિદશામાં જે વિકલ્પ ઊઠે છે તેનો ત્યાગ કરીને વીતરાગભાવ પ્રગટ કરવાની વાત છે. છતાં અહીં નિમિત્તની અપેક્ષાએ કથન છે. તેથી કહ્યું છે કે મુનિઓ શ્રુતનું વ્યાખ્યાન કરે તે ઉત્તમ ત્યાગ છે. ખરેખર વાણી જડ છે, શબ્દો જડ છે, અને વ્યાખ્યાનનો વિકલ્પ તે રાગ છે, એમાં કાંઈ ત્યાગધર્મ નથી. પણ તે વખતે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સ્વભાવની ભાવનાના જોરે જે જ્ઞાનની એકાગ્રતા વધે છે ને રાગ તૂટે છે–તે જ ત્યાગધર્મ છે.

શાસ્ત્રનું વ્યાખ્યાન કરવું તેને ઉત્તમ ત્યાગ કહો, તેનો આશય શું? શાસ્ત્રનું પ્રયોજન વીતરાગભાવ છે. સર્વ શાસ્ત્રોના સારભૂત શુદ્ધાત્માને ઓળખીને વીતરાગભાવ પ્રગટ કરવો તે જ પરમાર્થથી શ્રુતનું વ્યાખ્યાન છે, ને તે જ ઉત્તમ ત્યાગ છે. માત્ર શાસ્ત્રની વ્યાખ્યા તો અજ્ઞાની પણ કરે ; અભવ્ય જીવ અગિયાર અંગ ભણી જાય ને શાસ્ત્રનું વ્યાખ્યાન કરે, છતાં તેને અંશ માત્ર ત્યાગધર્મ હોતો નથી. એટલે માત્ર શાસ્ત્રની વાત નથી, પણ શુદ્ધ આત્માની ભાવનાના જોરે નિશ્ચય ચારિત્રદશા વધે છે ને રાગ તૂટે છે તે ધર્મ છે. બહારના નિમિત્તથી અહીં કથન કર્યું છે.

મુનિવરોને શાસ્ત્ર વગેરે આપવા તેને પણ ત્યાગધર્મ કહ્યો છે. કોઈ મુનિ

પોતે કોઈ નવું શાસ્ત્ર વાંચતા હોય અને બીજા મુનિને તે શાસ્ત્ર જોવાનું મન થાય તો તરત જ તેમને વાંચવા આપી દે છે, પોતે શાસ્ત્ર તરફનો વિકલ્પ તોડી નાંખીને સ્વભાવમાં ઠરી જાય છે. સ્વભાવના જોરે વિકલ્પનો નકાર છે તેનું નામ ત્યાગ છે. ત્યાં મુનિને ચારિત્રદશાની વૃદ્ધિ થાય છે.

મુનિઓને શાસ્ત્ર વાંચવાનો આગ્રહ નથી–વિકલ્પની પક્કડ નથી, પણ વીતરાગભાવની ભાવના છે. મુનિ શાસ્ત્ર વાંચતા હોય ને બીજા મુનિને તે શાસ્ત્ર જોઈને પ્રમોદ થાય, તો તરત જ પહેલા મુનિ તેમને તે શાસ્ત્ર વાંચવા આપે છે. પણ 'આ નવા શાસ્ત્રમાં શું વિષયો છે તે પહેલાં હું જોઈ લઉં, પછી તેમને આપું'—એવો આગ્રહ થતો નથી. કેમ કે શાસ્ત્રનું પ્રયોજન તો વીતરાગભાવ છે. ને પોતે પણ શાસ્ત્ર તરફનો વિકલ્પ તો તોડવા જ માંગે છે. અંતરમાં સ્વભાવના જોરે વાંચવાની વૃત્તિનો વેગ તોડી નાંખે છે તેનું નામ ઉત્તમ ત્યાગધર્મ છે. શ્રુતની પ્રભાવના થાય એટલે કે ખરેખર તો મારા આત્મામાં સ્વભાવના આશ્રયે રાગ તોડીને જ્ઞાનની વૃદ્ધિ થાય એવા ભાવે શાસ્ત્ર તરફના વિકલ્પને તોડી નાખે છે તે મુનિનો ઉત્તમ ત્યાગધર્મ છે, પુસ્તક વાંચવામાં પણ જ્ઞાનની વૃદ્ધિનું અને રાગ ઘટાડવાનું પ્રયોજન હતું, તે જ પ્રયોજન પુસ્તકની વૃત્તિ તોડીને સિદ્ધ કર્યું. સ્વભાવમાં લીન થતાં પુસ્તક તરફની વૃત્તિને તોડીને અનંત કેવળજ્ઞાનને નિકટ કરે છે. સ્વભાવના ભાનપૂર્વક ગૃહસ્થોને પણ પોતાની ભૂમિકા મુજબ ઉત્તમ ત્યાગધર્મ હોય છે.

અહીં ઉત્તમ ત્યાગધર્મનું વ્યાખ્યાન પૂર્ણ થયું.

* * *

# ૯. ઉત્તમ આકિંચન્ય ધર્મ

ભાદરવા સુદ : ૧૩

શિખરિણી

विमोहा मोक्षाय स्वहितनिरताश्चारुचरिताः
गृहादि त्यक्त्वा ये विदधति तपस्तेऽपि विरलाः ।
तपस्यंतोऽन्यस्मिन्नपि यमिनि शास्त्रादि ददतः
सहायाः स्युर्ये ते जगति यमिनो दुर्लभतराः ॥१०२॥

જેમનો મોહ ગળી ગયો છે અને પોતાના આત્મહિતમાં સદા રત છે તથા પવિત્ર ચારિત્રને ધારણ કરનારા છે અને ગૃહાદિ છોડીને મોક્ષના અર્થે જેઓ તપ કરે છે એવા મુનિઓ વિરલા જ હોય છે. તથા જેઓ પોતાના હિતને માટે તપ કરી રહ્યા છે તેમજ બીજા તપસ્વી મુનિઓને શાસ્ત્રાદિક દાન  કરે છે અને તેમના સહાયી છે એવા યોગીશ્વરો આ જગતમાં અત્યંત દુર્લભ છે.

મુનિઓને શાસ્ત્રનું અગાધ જ્ઞાન હોય તેનું પણ મમત્વ કે અભિમાન હોતું નથી. બીજા મુનિઓને જ્ઞાનનો ઉપદેશ દેવામાં જરાય સંકોચ કરતા નથી, "હું મારું બધું રહસ્ય આને કહી દઈશ તો તે મારાથી આગળ વધી જશે"—એવા ઈર્ષાભાવનો વિકલ્પ પણ મુનિને હોતો નથી. બીજા કોઈ પોતાથી આગળ વધીને પોતાની પહેલાં કેવળજ્ઞાન પામી જતા હોય તો તેમાં અનુમોદના છે. એવી રીતે સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થોને પણ જ્ઞાન–ચારિત્રાદિ ગુણોમાં જે પોતાથી અધિક હોય તેમની પ્રત્યે અનુમોદના અને બહુમાન હોય છે. વિકલ્પ વખતે, અધિક ગુણવાન પ્રત્યે જો અનુમોદના ન હોય તો તેવા જીવને ગુણની રુચિ નથી. મુનિઓ અંતરમાં જરાપણ ગોપવ્યા વગર સરળપણે પાત્ર જીવને સર્વ રહસ્યનો ઉપદેશ કરે છે. ઉપદેશના વિકલ્પને પણ પોતાનો માનતા નથી. શરીરનું અને વિકલ્પનું મમત્વ જેમને નથી અને આહાર તથા ઉપદેશાદિના વિકલ્પને તોડીને વીતરાગ સ્વભાવમાં સ્થિત છે તેવા ઉત્તમ આકિંચન્યધર્મમાં રત મુનિઓ આ જગતમાં ધન્ય છે. તેમને ચારિત્રદશા તો છે, કેવળજ્ઞાન લેવાની ઉગ્ર તૈયારીવાળા છે, બાર અંગનું જ્ઞાન હોય તેમાં પણ આસક્તિ નથી; હજી કયારેક જરાક ઉપદેશાદિની વૃત્તિ ઊઠે છે

તેને છોડીને સ્વભાવમાં એકદમ સંપૂર્ણ સ્થિરતા વડે કેવળજ્ઞાન પ્રગટ કરવાના કામી છે–એવા મુનિઓ દુર્લભ છે. મુનિઓ ઉપદેશાદિ દેવામાં કોઈ ઊંચી વાતને કે મહિમાવંત ન્યાયને છૂપાવતા નથી; જ્ઞાનદાન આપવાથી તે કાંઈ ખૂટે તેમ નથી, પણ ઊલટી પોતાને જ્ઞાનસ્વભાવની ભાવના ઘૂંટતાં જ્ઞાન એકદમ ખીલતું જાય છે. લૌકિકમાં પણ જેને પોતાના પુણ્યનો વિશ્વાસ હોય છે તે જીવ દાનમાં લક્ષ્મી વગેરે ખરચવામાં સહજપણે ઉદાર હોય છે, દાનમાં વધારે લક્ષ્મી ખરચવાથી મારી લક્ષ્મી ખૂટી જશે.—એવી તેને શંકા પડતી નથી, તેમ લોકોત્તર મુનિવરોને પોતાના પુરુષાર્થની પ્રતીતિ છે કે મારા જ્ઞાનનો વિકાસ અટકવાનો નથી, મારા સ્વભાવના આશ્રયે મારા જ્ઞાનની વૃદ્ધિ જ છે; તે મુનિઓ બીજાને શાસ્ત્રજ્ઞાન દેતાં જરાય અચકાતા નથી. પોતાને ઉપદેશની વૃત્તિમાં અટકવાની ભાવના નથી, પણ વૃત્તિ તોડીને સ્વભાવમાં જ એકાગ્ર રહીને પૂર્ણ જ્ઞાનની ભાવના છે–આવા મુનિવરોને ઉત્તમ આકિંચન્ય ધર્મ હોય છે. આકિંચન્ય એટલે પરિગ્રહ રહિતપણું. મમતા તે જ પરિગ્રહ છે, મમતા-રહિત વીતરાગભાવ તે ઉત્તમ આકિંચન્ય ધર્મ છે. ભેદજ્ઞાન વડે પરથી જુદા સ્વભાવને જાણ્યા વગર પર ઉપરની મમતા ટળે નહિ ને ધર્મ થાય નહિ.

શ્રી મુનિઓના આકિંચન્ય ધર્મને હજી વિશેષપણે સમજાવે છે—

શિખરિણી

परं मत्वा सर्वं परिहृतमशेषं श्रुतविदा
वपुः पुस्ताद्यास्ते तदपि निकटं चेदिति मतिः ।
ममत्वाभावे तत्सदपि न सदन्यत्र घटते
जिनेन्द्राज्ञाभंगो भवति च हठात् कल्मषमृषेः ।।१०३।।

શ્રુતના રહસ્યને જાણનારા વીતરાગી મુનિઓએ સમસ્ત પરવસ્તુઓને પોતાના આત્માથી ભિન્ન જાણીને તેનો ત્યાગ કરી દીધો છે. તેથી તેમને ઉત્તમ આકિંચન્યધર્મ છે. કોઈ પૂછે કે–શરીર અને પુસ્તકાદિ નિકટ છે તેનો ત્યાગ કેમ ન કર્યો? તેનો ઉત્તર–તે પણ ત્યાગ સમાન જ છે. શરીરાદિમાં મમતાનો અભાવ હોવાથી તે નહિ હોવા સમાન જ છે. આયુકર્મના નાશ વગર શરીર છૂટે નહિ, પણ શરીર ઉપરનું મમત્વ છૂટી શકે છે. અરિહંતોને પણ બહારમાં શરીર તો વિદ્યમાન છે પણ તેમને મમત્વનો તદ્દન અભાવ છે તેથી તેમને શરીરનો પણ

પરિગ્રહ નથી. મુનિઓ જો હઠથી શરીરને છોડે તો જિનાજ્ઞાનો ભંગ થાય છે. હઠથી પ્રાણત્યાગ કરવો તે તો હિંસા છે.

દેહનો સંયોગ છૂટવો તે મુનિને આધીન નથી, વસ્ત્રાદિનો રાગ છૂટી જતાં બહારમાં વસ્ત્રાદિ પણ છૂટી જાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે; પણ વસ્ત્રની જેમ, શરીર ઉપરનું મમત્વ છૂટી જતાં શરીર પણ છૂટું પડી જાય–એવો નિયમ નથી. દેહ તો પરમાણુઓનો સંયોગ છે. તેનો વિયોગ આયુકર્મની સ્થિતિ પૂરી થાય ત્યારે થાય છે; પણ તેના ઉપરનું મમત્વ છોડીને નિર્મોહી ચૈતન્ય-સ્વભાવમાં જાગૃત રહેવું તે ઉત્તમ આકિંચન્યધર્મ છે. મુનિઓને શરીર, વાણી, પુસ્તક વગેરે વિદ્યમાન હોય છે તોપણ તે પ્રત્યે જરાપણ મમત્વ રાખતાં નથી તેથી તેમને ઉત્તમ આકિંચન્યધર્મ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે–મુનિઓને જેમ શરીરાદિ મમત્વ વગર હોય છે તેમ મમત્વ વગર વસ્ત્ર પણ માનવામાં આવે તો શું વાંધો? તેનો ઉત્તર–શરીર, આહાર, પુસ્તક વગેરે તો સંયમના નિમિત્તો છે, વસ્ત્ર કાંઈ સંયમનું નિમિત્ત નથી, વસ્ત્ર તો રાગનું–અસંયમનું–નિમિત્ત છે. બુદ્ધિપૂર્વક વસ્ત્ર રાખે–વસ્ત્ર તરફનો વિકલ્પ હોય છતાં કોઈ કહે કે મને તે પ્રત્યે રાગ નથી, તો તેની વાત જૂઠી છે. નિર્મમત્વપણે વસ્ત્રનો સંયોગ ક્યારે ગણાય? જ્યારે મુનિરાજ સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક આત્મધ્યાનમાં લીન હોય, અને બહારના પદાર્થોનું લક્ષ જ ન હોય તે વખતે કોઈ બીજા આવીને તેના ઉપર વસ્ત્ર નાંખી જાય તો તે વખતે પરિષહ ગણાય અને તે વખતે તે મુનિને તે વસ્ત્ર રાગનું નિમિત્ત નથી પણ જ્ઞાનનું નિમિત્ત છે. તે વસ્ત્ર સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. વસ્ત્ર ધારણ કરવાનો રાગ હોવા છતાં જો મુનિપણું માને તો તે જીવને સમ્યગ્દર્શન પણ હોતું નથી. મુનિદશાને અને નિર્ગ્રન્થતાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ મુનિદશાને અને વસ્ત્રને નિમિત્તનૈમિત્તિક સંબંધ નથી. વસ્ત્ર ઉપરનું મમત્વ છૂટી ગયા પછી વસ્ત્ર ધારણ કરવાની બુદ્ધિ થાય–એમ બને જ નહિ. વસ્ત્ર છોડવાની ક્રિયા આત્માની નથી, વસ્ત્ર તો એના કારણે સ્વયં જ છૂટે છે. પણ વસ્ત્રનો રાગ છોડતાં બહારમાં બુદ્ધિપૂર્વક વસ્ત્રનો સંગ હોય જ નહિ એવો નિયમ છે. મુનિદશામાં વિકલ્પ ઊઠે ત્યારે શાસ્ત્ર વગેરેનું આલંબન હોય, પરંતુ તેનો પણ આગ્રહ હોતો નથી, પણ વસ્ત્ર ધારણ કરવાનો રાગ તે તો અશુભભાવ છે, તે તો મુનિદશામાં હોતો જ

નથી. શાસ્ત્ર તો ખરેખર વીતરાગભાવનું નિમિત્ત છે, જ્યારે સાક્ષાત્ વીતરાગભાવમાં લીનતા થતી નથી અને વિકલ્પ ઊઠે છે ત્યારે વીતરાગભાવનાં નિમિત્તો પ્રત્યે લક્ષ હોય છે. ત્યારે અશુભભાવથી બચીને જેટલો વીતરાગભાવ ટકાવી રાખે છે, તેટલો પરમાર્થે આકિંચન્ય ધર્મ છે, તે વખતના શુભરાગને ઉપચારથી આકિંચન્ય ધર્મ કહેવાય છે. જેને શુભરાગની મમતા છે તેને તો એકલો અધર્મ છે. રાગનું મમત્વ છોડીને રાગરહિત સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન પૂર્વક જ ધર્મ હોય છે.

કોઈ સ્વછંદી જીવ એમ કહે કે—જેમ મુનિઓને મમત્વ વગર શરીર હોય છે તેમ અમને બ્રહ્મચર્યનો ભાવ અંતરમાં વર્તે છે અને બહારમાં સ્ત્રીનો સંગ હોય તો શું વિરોધ છે? એની વાત તદ્દન ઊંધી છે. શરીર તો આયુષ્યકર્મને લીધે મમતા વગર પણ હોઈ શકે છે, પરંતુ અબ્રહ્મચર્યરૂપ પાપભાવ વગર સ્ત્રીનો સંગ હોઈ શકે નહિ. બ્રહ્મચર્યભાવ હોય અને સ્ત્રી સંગની બુદ્ધિ હોય–એમ બને જ નહિ. શરીર અને શાસ્ત્ર પ્રત્યે જે મમતા કરે તે મુનિને પણ જિન-આજ્ઞાનો ભંગ છે. મુનિદશા એટલે અત્યંત નિસ્પૃહ વીતરાગતા; મુનિઓ આકાશની જેમ નિરાલંબીવૃત્તિવાળા હોય છે. એક વખત આહાર હોય છે; તે પણ શરીરની મમતા ખાતર હોતો નથી, પરંતુ સંયમના નિભાવની વૃત્તિથી હોય છે. આહાર લેવા જતાં આહારમાં દોષનો વિકલ્પ ઊઠે તો અંતરાય જાણીને, આહારની વૃત્તિ તોડીને જરાપણ ખેદ વગર પાછા ફરી જાય છે, ને પાછા આત્માના અનુભવમાં લીન થઈ જાય છે; આ રીતે શરીરથી પણ અત્યંત વિરક્ત હોય છે, ને પોતાના સ્વભાવમાં વીતરાગતાને ઘૂંટે છે. એવા મુનિઓને ઉત્તમ આકિંચન્યધર્મ હોય છે, તે મોક્ષનું કારણ છે.

–અહીં ઉત્તમ આકિંચન્યધર્મનું વ્યાખ્યાન પૂરું થયું.

* * *

# ૧૦. ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ

ભાદરવા સુદ : ૧૪

આજે દશ લક્ષણ પર્વનો છેલ્લો દિવસ છે. આજે ઉત્તમ બ્રહ્મચર્યધર્મનો દિવસ ગણાય છે. 'બ્રહ્મ' એટલે આત્માનો સ્વભાવ, તેમાં ચરવું–પરિણમવું–લીન થવું–તે બ્રહ્મચર્ય છે. વિકાર અને પરના સંગરહિત આત્મસ્વભાવ કેવો છે તે જાણ્યા વગર ઉત્તમ બ્રહ્મચર્ય હોય નહિ. લૌકિક બ્રહ્મચર્ય તે શુભરાગ છે, ધર્મ નથી, અને ઉત્તમ બ્રહ્મચર્ય તે ધર્મ છે–રાગ નથી. શુદ્ધ આત્મસ્વભાવની રુચિ વગર વિષયોની રુચિ છૂટે નહિ. મારા સ્વભાવમાંથી જ મારી સુખદશા પ્રગટે છે, મારી દશા પ્રગટવા માટે મારે કોઈની અપેક્ષા નથી—એમ પરથી ભિન્ન સ્વભાવની દૃષ્ટિ થયા વગર વિષયોની રુચી છૂટે નહિ. બહારમાં વિષયો છોડે પણ અંતરમાંથી વિષયોની રુચિ ન છોડે તો તે બ્રહ્મચર્ય નથી. સ્ત્રી-ઘરબાર છોડીને ત્યાગી થઈ જાય, અશુભભાવ છોડીને શુભ કરે, પરંતુ તે શુભભાવમાં જેને રુચિ અને ધર્મબુદ્ધિ છે તેને ખરેખર વિષયોની રુચિ છૂટી નથી. શુભ કે અશુભ વિકાર પરિણામમાં એકતાબુદ્ધિ તે જ અબ્રહ્મ પરિણતિ છે, અને વિકારરહિત શુદ્ધ આત્મામાં પરિણામની એકતા તે જ બ્રહ્મ પરિણતિ છે. એ જ પરમાર્થ બ્રહ્મચર્ય ધર્મ છે.

અહીં સમ્યગ્દર્શનપૂર્વક મુનિની ચારિત્રદશાના બ્રહ્મચર્યની વાત છે. જગતના સર્વ વિષયોથી ઉદાસીન થઈને આત્મસ્વભાવમાં ચર્યા પ્રગટી છે તે બ્રહ્મચર્ય છે અને તેના ફળમાં તેમને પરમાત્મપદ મળ્યે જ છૂટકો. સ્વભાવમાં એકતા કરી અને પરથી નિરપેક્ષ થયા ત્યાં જે વીતરાગભાવ પ્રગટયો તે બ્રહ્મચર્યધર્મ છે. અહીં શ્રી પદ્મનંદિ મુનિરાજ બ્રહ્મચર્યધર્મનું વર્ણન કરે છે–

સ્રગ્ધરા

यत्संगाधारमेतच्चलति लघु च यत्तीक्ष्णदुःखौघधारं
मृत्पिण्डीभूतभूतं कृतबहुविकृति भ्रान्ति संसारचक्रम् ।
ता नित्यं यन्मुमुक्षुर्यतिरमलमतिः शान्तमोहः प्रपश्ये-
ज्जामीः पुत्रीः सवित्रीरिव हरिणदृशस्तत्परं ब्रह्मचर्यम् ।।१०४।।

આ શ્લોકમાં 'अमलमति' શબ્દ ઉપર વજન છે. અમલમતિ એટલે પવિત્ર જ્ઞાન–સમ્યગ્જ્ઞાન. જેને સમ્યગ્જ્ઞાન થયું છે એવા આત્માઓ કદાપિ સ્ત્રી આદિમાં સુખબુદ્ધિ ન કરે. આત્મામાં એકાગ્ર રહેનારા મુમુક્ષુઓ અને મુનિઓ કદી સ્ત્રીનો સંગ-પરિચય ન કરે. સ્ત્રી આદિ વિષયોમાં સુખબુદ્ધિથી જીવ સંસારમાં રખડે છે, તેથી અહીં આચાર્યદેવ કહે છે કે જેમ કુંભારના ચાકનો આધાર ખીલી છે અને તે ચાક ઉપર રહેલા માટીના પિંડના અનેક આકાર થાય છે તેમ આ સંસારરૂપી ચાકનો આધાર સ્ત્રી છે અને સંસારમાં જીવ અનેક પ્રકારના વિકાર કરીને ચાર ગતિમાં રખડે છે. જે મોક્ષાભિલાષી જીવ સમ્યગ્જ્ઞાનપૂર્વક વિષયોની રુચિ છોડીને તે સ્ત્રીઓને માતા સમાન, બહેન સમાન કે પુત્રી સમાન જાણે છે તેને જ ઉત્તમ બ્રહ્મચર્યધર્મનું પાલન થાય છે. જેની નિર્મળ બુદ્ધિ થઈ છે અને જેનો મોહ શાંત થઈ ગયો છે એવા બ્રહ્મચારી આત્માઓ કદાપિ સ્ત્રીસંગ ન કરે.

ઉપદેશમાં નિમિત્તની મુખ્યતાથી વચનો આવે, ત્યાં તેનો સાચો ભાવાર્થ સમજી લેવો જોઈએ. અહી સ્ત્રીને સંસારનો આધાર કહ્યો તે નિમિત્તની અપેક્ષાથી છે, ખરેખર સ્ત્રી કાંઈ જીવને રખડાવતી નથી પણ પોતાના સ્વભાવથી ખસીને સ્ત્રીની સુંદરતામાં અને વિષયમાં જીવને રુચિ થઈ તે મિથ્યાત્વપરિણતિ છે અને તે જ સંસારનો આધાર છે. સ્વભાવની અપેક્ષા ને પરની ઉપેક્ષા તે બ્રહ્મચર્ય છે, ને તે મોક્ષનો આધાર છે. સમ્યગ્દર્શન પહેલાં પણ જિજ્ઞાસુ જીવોને વિષયોની મીઠાશ છૂટીને બ્રહ્મચર્યનો પ્રેમ હોય. જેને અંતરમાં વિષયોની મીઠાશ પડી છે તે જીવને ચૈતન્યતત્ત્વની પ્રીતિ નથી. ચૈતન્યનો સહજાનંદ વિષયરહિત છે. તે સહજ–આનંદમય ચૈતન્યસ્વરૂપની રુચિ છૂટીને જેને ઇન્દ્રાણી વગેરે પ્રત્યેના રાગમાં મીઠાશ આવે છે તે જીવ મિથ્યાદષ્ટિ છે. નિમિત્તોની ઉપેક્ષા કરીને સ્વભાવમાં એકતા કરવી તે બ્રહ્મચર્ય છે, તે મુક્તિનું કારણ છે; અને આત્માને નિમિત્તોની અપેક્ષા છે એવી પરાશ્રિતદષ્ટિ તે વિષય છે અને તે સંસારનું કારણ છે.

આત્મસ્વભાવના ભાન વગર સ્ત્રી છોડીને બ્રહ્મચર્ય પાળે તો તે પુણ્યનું કારણ છે. પણ તે ઉત્તમ બ્રહ્મચર્યધર્મ નથી, ને તેનાથી કલ્યાણ નથી. વિષયોમાં સુખબુદ્ધિ અથવા નિમિત્તની અપેક્ષાનો ઉત્સાહ તે સંસારનું કારણ છે. અહીં જેમ પુરુષને માટે સ્ત્રીને સંસારના કારણરૂપ કહી છે તેમ સ્ત્રીઓને પણ પુરુષની રુચિ તે સંસારનું કારણ છે.

આચાર્યદેવ કહે છે કે જો આ જગતમાં સ્ત્રી ન હોત તો સંસાર ન હોત એટલે કે જો જીવની દૃષ્ટિ સ્ત્રી આદિ નિમિત્ત ઉપર ન હોત તો તેની દૃષ્ટિ સ્વભાવ ઉપર હોત, ને સ્વભાવદૃષ્ટિ હોત તો સંસાર ન હોત. સ્વભાવદૃષ્ટિથી સ્વભાવનો આનંદ પ્રગટ્યા વગર રહે નહિ. સ્વભાવદૃષ્ટિ છોડીને મિથ્યાત્વથી સ્ત્રી આદિમાં સુખ માન્યું ત્યારે સ્ત્રીને સંસારનું કારણ કહેવાયું. સ્ત્રી આદિ નિમિત્તના આશ્રયે રાગ કરીને એમ માને કે 'આમાં શું વાંધો છે?' અથવા તો 'આમાં સુખ છે'--એમ માનનાર જીવ સ્વભાવનો આશ્રય ચૂકીને સંસારમાં રખડે છે. આત્માનો શુદ્ધ ઉપાદાન સ્વભાવ તો પરમ આનંદનું કારણ છે; પણ તેને ભૂલીને નિમિત્તનો આશ્રય કર્યો તેથી તે નિમિત્તને જ સંસારનું કારણ કહ્યું છે. એ ક્ષણિક સંસારભાવ જીવના સ્વભાવના આધારે થતા નથી—પણ નિમિત્તના આધારે થાય છે એમ બતાવવા માટે સ્ત્રીને સંસારનો આધાર કહ્યો છે. જેમ નાની ખીલીના આધારે ચાક ઘૂમે છે તેમ પોતાની પરિણતિમાં ઊંડે ઊંડે પરાશ્રયમાં સુખ માને છે, તે માન્યતારૂપી ધરી ઉપર જીવ અનંત પ્રકારના સંસારમાં ભમે છે, જીવના સંસારચક્રની ધરી મિંથ્યાત્વ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે–

'આ સઘળા સંસારની રમણી નાયક રૂપ,
એ ત્યાગી ત્યાગ્યું બધું કેવળ શોક સ્વરૂપ.'

એ તો નિમિત્તની અપેક્ષાએ વાત છે. ખરેખર સ્ત્રી સંસારનું કારણ નથી. પૂર્વે અનંતવાર દ્રવ્યલિંગી સાધુ થઈને સ્ત્રીનો સંગ છોડયો અને બ્રહ્મચર્યવ્રત પાળ્યું છતાં કલ્યાણ થયું નહિ. પોતાના સ્વભાવનો આશ્રય ચૂકીને નિમિત્તનો–પુણ્યનો-વ્યવહારનો આશ્રય માન્યો તે જ મૈથુન છે; પુણ્ય–પાપ ભાવોની રુચિ તે જ મહાન ભોગ છે. તેને બહારમાં સંયોગ કદાચ ન દેખાય પણ અંતરમાં તો ક્ષણે ક્ષણે વિકારનો જ ભોગવટો કરે છે.

પૂર્ણ વીતરાગી બ્રહ્મચર્યદશા પુરુષને જ હોઈ શકે છે તેથી પુરુષની મુખ્યતાથી કથન છે, સ્ત્રીને પાંચમા ગુણસ્થાન સુધીની દશા હોય છે, વિશેષ ઊંચી દશા હોતી નથી, પંચપરમેષ્ઠીપદમાં તેનું સ્થાન નથી; તેથી શાસ્ત્રોમાં તેની વાત મુખ્યપણે હોતી નથી, પણ ગૌણપણે તેની ભૂમિકા મુજબ સમજવું. સ્ત્રીને માટે પુરુષના સંગની રુચિ તે સંસારનું કારણ છે.

શાસ્ત્રોમાં બ્રહ્મચર્યની નવ વાડ કહી છે, તે નવ વાડ તેવા પ્રકારના રાગથી બચવા માટે છે, પણ 'પરદ્રવ્ય નુકશાન કરે છે' એમ બતાવવા માટે કહ્યું નથી. 'આપણા ભાવ શુદ્ધ છે ને પરદ્રવ્ય તો નુકશાન કરતું નથી માટે વાડ તોડવામાં શું વાંધો છે? સ્ત્રી આદિના પરિચયમાં શું વાંધો છે'—આવા કુતર્કથી જો રુચિપૂર્વક બ્રહ્મચર્યની વાડ તોડે તો તે જીવ જિન-આજ્ઞાનો ભંગ કરનાર મિથ્યાદૃષ્ટિ છે. 'પરદ્રવ્ય નુકસાન કરતું નથી માટે બ્રહ્મચર્યની વાડનો ભંગ કરવામાં બાધ શું છે?' એટલે કે સ્વદ્રવ્યનું અવલંબન છોડીને પરદ્રવ્યને અનુસરવામાં બાધ શું છે? —આવી બુદ્ધિવાળો જીવ મિથ્યાદૃષ્ટિ છે. હે સ્વચ્છંદી! પરદ્રવ્ય નુકશાન કરતું નથી—એ વાત તો એમ જ છે પરંતુ એ જાણવાનું પ્રયોજન તો પરદ્રવ્યથી પરાઙ્મુખ થઈને સ્વભાવમાં વળવાનું હતું કે પરદ્રવ્યોને સ્વચ્છંદપણે અનુસરવાનું હતું? જેમ પરદ્રવ્ય નુકશાન કરતું નથી તેમ પરદ્રવ્યથી તને લાભ પણ થતો નથી—આમ સમજનારને પરના સંગની ભાવના જ કેમ હોય? પરથી નુકશાન નથી માટે પરનો સંગ કરવામાં બાધ નથી—આવી જેની ભાવના છે તે સ્વચ્છંદી મિથ્યાદૃષ્ટિ છે, તે તત્ત્વને સમજ્યો નથી. જે તત્ત્વજ્ઞાન વીતરાગતાને પોષે છે તે તત્ત્વજ્ઞાનની ઓથે સ્વચ્છંદી જીવ પોતાના રાગને પોષે છે, તેને કદી તત્ત્વજ્ઞાન સાચું પરિણમતું નથી. 'અહો! મારા આત્માને પરથી કાંઈ લાભ કે નુકશાન નથી' એમ સમજતાં તો પરની ભાવના છૂટીને સ્વભાવની ભાવના થાય. તેને બદલે, જેને સ્વભાવની ભાવના ન થઈ ને પરના સંગની રુચિ થઈ–તે મિથ્યાદૃષ્ટિ છે, વીતરાગ માર્ગથી ભ્રષ્ટ છે, તેણે વિકારને વિઘ્નકારક માન્યો નથી. પહેલાં તો સ્ત્રી આદિના સંગથી પાપ માનીને તેનાથી ભયભીત રહેતો, અને હવે તો પરથી નુકશાન નથી એમ માનીને ઊલટો નિઃશંકપણે રાગના પ્રસંગમાં જોડાઈને સ્વચ્છંદને પોષે છે, તેવા જીવને વિકાર અને સ્વભાવનું ભેદજ્ઞાન કરવાનો મહિમા નથી. તેનામાં સત્ સમજવાની કે સાંભળવાની પણ પાત્રતા નથી.

જ્ઞાનમૂર્તિ ચૈતન્યસ્વભાવના ભાનપૂર્વક જે નવ વાડ છે તે તેવા પ્રકારના અશુભરાગનો અભાવ બતાવે છે. બ્રહ્મચારી જીવને તેવા પ્રકારનો અશુભરાગ સહેજે ટળી ગયો હોય છે. બ્રહ્મચારી હોય અને સ્ત્રીના પરિચયનો ભાવ આવે– એમ બને નહિ. કોઈ જીવ બ્રહ્મચર્યની વાડ તોડીને સ્ત્રીનો સંગ–પરિચય કરે, તેની સાથે એકાંતવાસ સેવે અને એમ કહે કે 'હું તો બ્રહ્મચર્યની પરીક્ષા કરું છું!' તો એવો જીવ પરાશ્રયની રુચિથી સંસારમાં રખડશે. હે ભાઈ! તને સ્ત્રીનો

પરિચય કરવાની હોંશ થઈ ત્યાં જ તારી પરીક્ષા થઈ ગઈ છે કે તને બ્રહ્મચર્યનો ખરો રંગ નથી. તારે પરીક્ષા કરવી હોય તો સ્વભાવના આશ્રયે કેટલો વીતરાગભાવ ટકે  છે તે ઉપરથી પરીક્ષા કર.

અહીં તો સમ્યગ્દર્શનપૂર્વક મુનિઓને કેવું ઉત્તમ બ્રહ્મચર્ય હોય તેની ઉત્કૃષ્ટ વાત છે. ખરેખર તો વીતરાગભાવ તે જ ધર્મ છે, પણ તેની પૂર્વે નિમિત્તરૂપે બ્રહ્મચર્યનો શુભરાગ હતો, તેને છોડીને વીતરાગભાવ થયો એમ બતાવવા તે વીતરાગભાવને ઉત્તમ બ્રહ્મચર્યધર્મ કહ્યો છે. મુનિરાજને જ્યારે શુદ્ધોપયોગમાં રમણતા ન રહે અને વિકલ્પ ઊઠે ત્યારે બ્રહ્મચર્ય વગેરે પંચમહાવ્રત પાળે છે; તે વખતે કદાચ સ્ત્રી તરફ લક્ષ જાય તો કોઈ અશુભવૃત્તિ ન થાય તે પ્રત્યે માતા, બહેન કે પુત્રી તરીકેનો વિકલ્પ થાય અને તે શુભવિકલ્પનો પણ નિષેધ વર્તતો હોય છે. તેથી ત્યાં પણ ઉત્તમ બ્રહ્મચર્યધર્મ છે. સ્ત્રી આદિ પરલક્ષે જે શુભ-વિકલ્પ ઊઠ્યો  છે તે તો રાગ છે, તે પરમાર્થે બ્રહ્મચર્ય નથી, પણ ત્રિકાળી શુદ્ધસ્વભાવની રુચિના જોરે તે સ્ત્રી આદિ તરફના વિકલ્પની રુચિ ઉડાડતો વિકલ્પ થયો છે તેથી તેને બ્રહ્મચર્ય કહેવાય છે. અને તે વિકલ્પ પણ છેદીને સાક્ષાત્ વીતરાગભાવ પ્રગટાવવો તે પરમાર્થે ઉત્તમ બ્રહ્મચર્યધર્મ છે, તે કેવળજ્ઞાનનું સાક્ષાત્ કારણ છે.

સ્વભાવદૃષ્ટિ છોડીને જેણે સ્ત્રીમાં જ સુખ માન્યું છે તેને અનંત સંસારનું ભ્રમણ થાય છે, અને તેને માટે સ્ત્રી જ સંસારનું કારણ છે એમ કહેવામાં આવે છે. ભરતચક્રવર્તી ગૃહસ્થદશામાં ક્ષાયકસમ્યગ્દૃષ્ટિ હતા અને હજારો રાણીઓ હતી છતાં તેમાં સુખની માન્યતા સ્વપ્નેય ન હતી; તેમજ તેમાં જે રાગ હતો તેને પણ પોતાનું સ્વરૂપ માનતા નહિ. તેથી સ્વભાવદૃષ્ટિના જોરે તે રાગ છેદીને ત્યાગી થઈ તે જ ભવે કેવળજ્ઞાન અને મુક્તિ પામ્યા.

એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે સંબંધ છે—એવી જે બે પદાર્થના સંબંધની બુદ્ધિ તે વ્યભિચારિણી બુદ્ધિ છે, તે મિથ્યાત્વ છે, તે જ અબ્રહ્મચર્ય છે અને તે જ ખરેખર સંસારપરિભ્રમણનો આધાર છે. જેને એક પણ અન્ય દ્રવ્યની સાથે  સંબંધની વૃત્તિ છે તેને ખરેખર બધાય પદાર્થોમાં એકત્વબુદ્ધિ રહેલી છે, તેને ભેદજ્ઞાન નથી, અને ભેદજ્ઞાન વગર બ્રહ્મચર્યધર્મ હોતો નથી. માટે, આચાર્યદેવ કહે છે કે સ્વપરનું ભેદજ્ઞાન કરીને,—સ્ત્રી આદિમાં સુખ કિંચિત્ નથી એમ સમજીને બ્રહ્મચારી—સંતો—

મુમુક્ષુઓએ સ્ત્રી આદિ સામું જોવું નહિ, તેનો પરિચય-સંગ કરવો નહિ, સર્વ પર દ્રવ્યો તરફની વૃત્તિ તોડીને સ્વભાવમાં સ્થિરતાનો અભ્યાસ કરવો :

હવે આચાર્યદેવ વીતરાગી બ્રહ્મચારી પુરુષોનો મહિમા બતાવે છે—

માલિની

अविरतमिह तावत्पुण्यभाजो मनुष्याः
हृदि विरचितरागाः कामिनीनां वसन्ति ।
कथमपि न पुनस्ता जातु येषां तदंघ्री
प्रतिदिनमतिनम्रास्तेऽपि नित्यं स्तुवन्ति ॥१०५॥

આચાર્યદેવ પુણ્ય અને પવિત્રતાને જુદા પાડીને સમજાવે છે. આ સંસારમાં જેને સ્ત્રીઓ ચાહે એવું સુંદર રૂપ વગેરે છે તે પુણ્યવંત છે; પરંતુ એવા પુણ્યવંતો-ઇન્દ્રો, ચક્રવર્તીઓ વગેરે-પણ, જેમના હૃદયમાં સ્ત્રી સંબંધી જરા પણ વિકલ્પ નથી એવા વીતરાગી સંતના ચરણમાં શીર ઝુકાવી ઝુકાવીને નમસ્કાર કરે છે. માટે પુણ્ય કરતાં પવિત્રતા જ શ્રેષ્ઠ છે. તેથી જીવોએ પુણ્યની અને તેના ફળની-સ્ત્રી આદિની-રુચિમાં ન રોકાતાં આત્માના વીતરાગી સ્વભાવની રુચિ અને મહિમા કરવો.

જે પુરુષનું શરીર રૂપાળું છે તેનો સ્ત્રીના હૃદયમાં વાસ છે અને તે પુણ્યવંત છે. પણ એવા પુણ્યવંતો ય પવિત્રતા પાસે નમી જાય છે. જેમના હૃદયમાં સ્ત્રીઓ સ્વપ્ને પણ વાસ કરતી નથી, સ્ત્રી સંબંધી જેને વિકલ્પ નથી અર્થાત્ આત્મ-ભાનપૂર્વક સ્ત્રી આદિનો રાગ છોડીને જેઓ વીતરાગી મુનિ થયા છે તે પુરુષો જ આ જગતમાં ધન્ય છે. જેને સ્ત્રીઓ ચાહે છે એવા ઇન્દ્રો અને ચક્રવર્તી વગેરે મોટા પુરુષો પણ, જેના હૃદયમાંથી સ્ત્રી ટળી ગઈ છે એવા પવિત્ર પુરુષોને નમસ્કાર કરે છે-સ્તવે છે. સ્ત્રીઓ પુણ્યવંતને ચાહે છે અને પુણ્યવંતો ધર્માત્મા સંતને નમે છે, માટે પુણ્ય કરતાં પવિત્રતાનો-ધર્મનો પુરુષાર્થ ઊંચો છે.

ઇન્દ્રાણી ઇન્દ્રને ચાહે છે, પદ્મિણી સ્ત્રી (સ્ત્રી રત્ન) ચક્રવર્તી ને ચાહે છે, એ રીતે સ્ત્રીઓ પુણ્યવંતને ચાહે છે અને પુણ્યવંતને જગતના જીવો શ્રેષ્ઠ માને છે, પરંતુ તે ચક્રવર્તી વગેરે પુણ્યવંત પુરુષો પણ મુનિરાજ વગેરે પવિત્ર પુરુષોને નમી પડે છે, માટે પવિત્રતા જ શ્રેષ્ઠ છે. પવિત્રતા ઇચ્છવા યોગ્ય છે, પુણ્ય ઇચ્છવા યોગ્ય નથી.

પૂર્વના પુણ્ય ઊંચા? કે વર્તમાનમાં સ્વભાવનો આશ્રય કરીને પુણ્યનો વિકલ્પ તોડી નાંખ્યો છે તે ઊંચો? અહીં આચાર્યદેવ એમ બતાવે છે કે જેણે આત્માના સ્વભાવનો આશ્રય કરવાનો પુરુષાર્થ કર્યો છે તે જ શ્રેષ્ઠ છે, પુણ્ય કરીને સ્ત્રી આદિને પ્રિય થાય તેમાં કાંઈ આત્માની શ્રેષ્ઠતા નથી, તે આદરણીય નથી. પૂર્વે પુણ્ય કરીને તેના ફળમાં સ્ત્રી આદિ મળી તેના રાગમાં અટકવું તે સારું નથી, પણ પુણ્યને તરણાં તુલ્ય જાણીને અને સ્ત્રી પ્રત્યેના રાગને છોડીને સ્વભાવના આશ્રયે વીતરાગતા પ્રગટ કરવી તે જ શ્રેષ્ઠ છે. માટે હે જીવ! તું સ્ત્રી આદિ સંયોગની તેમ જ પુણ્યની પ્રશંસા છોડીને સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતાનો પુરુષાર્થ કર, તે ધર્મ છે.

ચૈતન્યરૂપી જહાજમાં ચડીને જેઓ સંસાર સમદ્રનો પાર પામી રહ્યા છે એવા સંતોના ચરણમાં ઇન્દ્રો-ચક્રવર્તીઓ પણ નમસ્કાર કરે છે, તે સંતોને સ્વભાવની લીનતાથી પર તરફનો રાગ જ તૂટી ગયો છે, તેનું જ નામ ઉત્તમ બ્રહ્મચર્ય છે. પર લક્ષે બ્રહ્મચર્યનો શુભરાગ તે તો પુણ્યબંધનું કારણ છે, તે ઉત્તમ બ્રહ્મચર્યધર્મ નથી.

પુણ્ય અને તેનાં ફળ તો નાશવંત છે અને વર્તમાન પણ આકુળતા–દુઃખનાં કારણો છે, પુણ્યરહિત આત્મસ્વભાવ ધ્રુવ છે, તેના આશ્રયે જે બ્રહ્મચર્ય પ્રગટ્યું તે જ પ્રશંસનીય છે, પુણ્ય પ્રશંસનીય નથી. બ્રહ્માનંદ–આત્માના જ્ઞાનસ્વરૂપનો આનંદ–તેનું સેવન કરીને મુનિઓ મોક્ષરૂપી સ્ત્રીને સાધે છે. પુણ્યવંતને તો જેટલો કાળ પુણ્ય હોય તેટલો કાળ તે સ્ત્રીના હૃદયમાં પ્રિય લાગશે, પણ ચૈતન્યના આશ્રયે જેણે બ્રહ્મચર્ય પ્રગટ કર્યું છે તેને મોક્ષરૂપી સ્ત્રીની સદાકાળ પ્રાપ્તિ રહે છે અને ઇન્દ્ર વગેરે સર્વે ઉત્તમ જીવો પણ તેને નમસ્કાર કરે છે. માટે તે જ ભવ્ય જીવોએ આદરણીય છે. પહેલાં જ, આત્મસ્વભાવમાં સુખ છે ને સ્ત્રી આદિ કોઈ વિષયોમાં સુખ નથી–એમ સાચી શ્રદ્ધા તથા સાચું જ્ઞાન કરવું તે ધર્મ છે.

–અહીં ઉત્તમ બ્રહ્મચર્યધર્મનું વ્યાખ્યાન પૂરું થયું.

આ રીતે ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મોનું વર્ણન કરીને હવે આચાર્યદેવ તે ધર્મોનો મહિમા બતાવે છે—

સ્રગ્ધરા

वैराग्यत्यागदारुद्वयकृतरचना चारु निश्रेणिका यैः
पादस्थानैरुदारैर्दशभिरनुगता निश्चलैर्ज्ञानदृष्टेः ।
योग्या स्यादारुरुक्षोः शिवपदसदनं गन्तुमिष्येतु केषाम्
नो धर्मेषु त्रिलोकीपतिभिरपि सदा स्तूयमानेषु दृष्टिः ॥१०६॥

શ્રી આચાર્યદેવ કહે છે કે–ત્રણ લોકના સ્વામી એવા ઇન્દ્રોથી પણ જે વંદનીક છે એવા આ દશ ઉત્તમ ધર્મોને ધારણ કરવામાં કોને હર્ષ ન થાય? સર્વે મોક્ષાર્થી જીવો તેનું હર્ષસહિત પાલન કરે છે. મુનિદશામાં આ દશ ધર્મો હોય છે. મુનિદશા મોક્ષમહેલની સીડી છે, તેની એક બાજુ વૈરાગ્યરૂપી અને બીજી બાજુ ત્યાગરૂપી સુંદર અને મજબૂત કાષ્ટ લાગેલાં છે, તથા દશ ધર્મરૂપી દશ મોટા મજબૂત પગથિયાં છે. મોક્ષમહેલમાં ચડવાની ભાવનાવાળા પુરુષોએ આવી સીડી ચડવા યોગ્ય છે. અર્થાત્ આ દશ ધર્મોના પાલનથી જીવ મુક્તિ પામે છે. આવા ઉત્તમ દશ ધર્મો પ્રત્યે કયા મોક્ષાર્થીને ઉલ્લાસ ન આવે?

આચાર્યદેવ કહે છે કે અહો! વીતરાગી દશ ધર્મોનું આવું સુંદર વર્ણન સાંભળીને કોને વ્રતાદિની ભાવના નહિ ઊછળે? રાગરહિત ચૈતન્યસ્વભાવના આશ્રયની ભાવના કોને નહિ થાય? પોતે હોંશથી દસ ધર્મોને પાળે છે તેથી આચાર્યદેવ કહે છે કે આ દશ ધર્મ સાંભળતાં આખી દુનિયાને હર્ષ થશે. બધા જીવોને આ દશ ધર્મ સાંભળીને નિશ્ચલ સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક ઉત્તમ ત્યાગ-વૈરાગ્યાદિની હોંશ થશે. એમ માંગળિકપૂર્વક આ અધિકાર પૂરો થાય છે.

દશ લક્ષણ ધર્મના વ્યાખ્યાનો પૂર્ણ થયા.

* * *

# ધર્મનું સ્વરૂપ

'दंसण मूलो धम्मो'–ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. પ્રથમ ધર્મ સમ્યગ્દર્શન જ છે અને સમ્યગ્દર્શન જ આત્માના જ્ઞાન–ચારિત્ર વગેરે બધા ધર્મોનું મૂળ છે. સમ્યગ્દર્શન વગર ભગવાને ધર્મ કહ્યો નથી. સમ્યગ્દર્શન આ જગતમાં સર્વ શ્રેષ્ઠ કલ્યાણકારી ચીજ છે. સમ્યગ્દર્શનનો અપૂર્વ મહિમા છે.

હે ભવ્ય! અનંતકાળે આત્મસ્વરૂપ સમજવાનાં ટાણાં આવ્યા અને જો સમ્યગ્દર્શન વડે સાચું નહિ સમજ તો તને કોઈ શરણભૂત નથી. પુણ્ય-પાપરહિત ચૈતન્યસ્વભાવની પ્રતીતિ વગરનો તારો ત્યાગ વગેરે બધું મફતનું છે, તેનાથી સંસાર દુઃખનો અંત નહિ આવે.

જેવો આત્મસ્વભાવ છે તેવી જ તેની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે; અને તે સમ્યગ્દર્શન જ અહિંસા, સત્ય વગેરે બધા ધર્મોનું મૂળ છે. વસ્તુ-સ્વભાવના ભાનદ્વારા સમ્યગ્દર્શન પ્રગટ કર્યા વગર કોઈ પણ જીવને કદાપિ અહિંસા કે સત્ય વગેરે ધર્મ હોઈ શકે જ નહિ, પરંતુ અજ્ઞાનપણે મિથ્યાત્વરૂપ મહાહિંસા અને અસત્યનું જ નિરંતર સેવન હોય. આત્માની સમજણ વગરનું લૌકિક સત્ય તે પણ પરમાર્થે હિંસા જ છે. પર જીવોનું હું કાંઈ કરી શકું એમ માનવું તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ તે સર્વે પાપનું મૂળ છે. જે જીવને સમ્યગ્દર્શન હોતું નથી તે જીવને બીજો કોઈ પણ ધર્મ હોતો નથી.

સર્વજ્ઞદેવે ઉપદેશેલા ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. સર્વજ્ઞદેવની પરંપરાથી જે જિનમત પ્રવર્તે છે તેમાં ધર્મના સ્વરૂપનું યથાર્થ નિરૂપણ છે; તેમાં નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારે ધર્મનું કથન કર્યું છે. ધર્મની પ્રરુપણા ચાર પ્રકારે છે— ૧. વસ્તુ સ્વભાવરૂપ ધર્મ. ૨. ઉત્તમ ક્ષમાદિક દશ પ્રકાર ધર્મ. ૩. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ અને ૪. જીવરક્ષારૂપ ધર્મ. ત્યાં જો નિશ્ચયથી વિચારીએ તો આ ચારેય પ્રકારમાં શુદ્ધચેતનારૂપ ધર્મ એક જ પ્રકારનો છે, તે સમજાવવામાં આવે છે–

* દર્શનપ્રાભૃત ગાથા ૨ ઉપર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીનું પ્રવચન

**૧. વસ્તુ સ્વભાવ તે ધર્મ :** દર્શન-જ્ઞાન-પરિણામમયી ચેતના તે જીવવસ્તુનો પરમાર્થ સ્વભાવ છે, જ્યારે તે ચેતનાના પરિણામ સર્વ વિકાર રહિત શુદ્ધ ચેતનારૂપ પરિણમે ત્યારે તે ધર્મ છે. આ રીતે વસ્તુનો સ્વભાવ તે ધર્મ એમ કહેતાં શુદ્ધચેતનારૂપ ધર્મ સિદ્ધ થાય છે.

અહીં શુદ્ધ ચેતનપરિણામને જ ધર્મ કહ્યો છે, જેટલી પરજીવની દયા, દાન, પૂજા, વ્રત, ભક્તિ વગેરેની શુભ કે હિંસાદિની અશુભ લાગણી ઊઠે તે બધો અધર્મભાવ છે; દેહાદિની ક્રિયા તો આત્મા કરી જ શકતો નથી, પરંતુ શુભ પરિણામ કરે તે પણ ધર્મ નથી. ધર્મ તો શુદ્ધ ચેતનામય છે એટલે પુણ્ય-પાપના ભાવ થાય તે મારું કર્તવ્ય નથી પરંતુ તે વિકારભાવોનો પણ હું જ્ઞાતા જ છું, જ્ઞાતાદૃષ્ટાપણું એ જ મારું સ્વરૂપ છે, આવા ભાનપૂર્વક જ્ઞાન-દર્શનમય ચેતનાની જે શુદ્ધ પર્યાય છે તે જ ધર્મ છે. 'ધર્મ' તે દ્રવ્ય કે ગુણ નથી પરંતુ શુદ્ધ પર્યાય છે. ધર્મના ચાર પ્રકારે કથનમાં શુદ્ધ પર્યાયનો ખરેખર એક જ પ્રકાર છે. જેટલે અંશે ચેતના નિર્વિકારપણે પરિણમે તેટલે અંશે ધર્મ છે અને જેટલે અંશે પુણ્ય-પાપના વિકારપણે પરિણમે તેટલો અધર્મ છે. શરીરની ક્રિયામાં ધર્મ માને .. તો તદ્દન બહિર્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે, અહીં તો પુણ્યમાં ધર્મ માને તો પણ તે મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય અને દેહની ક્રિયા તે મારું સ્વરૂપ નથી, જ્ઞાતાદૃષ્ટાપણું એ જ મારું ખરું સ્વરૂપ છે—એમ જાણનાર જ્ઞાનીને પણ નીચલી દશામાં પુણ્ય-પાપનાં પરિણામ થાય ખરા, પરંતુ તેઓ એમ સમજે છે કે પુણ્ય-પાપના વિકાર રહિત શુદ્ધચેતના પરિણતિમાં જેટલી સ્થિરતા કરું તેટલો ધર્મ છે, અને ચેતનાનું જેટલું બાહિર્મુખ વલણ જાય તે બધોય અધર્મભાવ છે. નિર્મળ પર્યાય પ્રગટી તે જ ધર્મ છે, ધર્મ ખરેખર તો પર્યાય છે, પરંતુ શુદ્ધપર્યાય તે દ્રવ્ય સાથે અભેદપણું ધરાવતી હોવાથી અભેદપણે વસ્તુના સ્વભાવને જ ધર્મ કહ્યો છે. પ્રથમ પુણ્ય-પાપરહિત સ્વભાવની પ્રતીત થતાં સમ્યગ્દર્શનધર્મ પ્રગટે છે ત્યારે ચેતનાના પરિણામ અંશે શુદ્ધ અને અંશે અશુદ્ધ હોય છે. જ્ઞાની શુદ્ધ પરિણામમાં જ ધર્મ સમજે છે તેથી તેઓ અશુદ્ધ પરિણામને સ્વભાવમાં સ્વીકારતા નથી. એટલે પુણ્ય-પાપ રહિત સ્વભાવની સ્થિરતા વડે ક્રમે ક્રમે ચારિત્રની પૂર્ણતા કરે છે, જ્યારે પૂર્ણ શુદ્ધ ચેતના પરિણામ પ્રગટે છે ત્યારે કેવળજ્ઞાન પ્રગટે છે અને પુણ્ય-પાપનો અભાવ થાય છે.

'શુદ્ધચેતનારૂપ ધર્મ' કહેતાં જ એમ સિદ્ધ થયું કે જ્ઞાન-દર્શન સિવાય આત્મા બીજું કાંઈ કરી જ શકતો નથી. જ્ઞાન-દર્શન સિવાય બીજું જે કાંઈ કર્તૃત્વ માને તે અધર્મભાવ છે.

એકલા જ્ઞાન-દર્શનમય સ્વભાવને માન્યો તેમાં પરનું કરવાની વાત જ ક્યાં આવી? અરે, જ્ઞાનમાં શુભ વિકલ્પ પણ ક્યાં આવ્યો? ચેતનાનો સ્વભાવ જ વિકલ્પ રહિત જાણવા–દેખવાનો જ છે, અને તે વિકાર રહિત શુદ્ધચેતના એ જ ધર્મ છે.

**૨. ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકાર ધર્મ:**—આત્મા ક્રોધાદિ કષાયરૂપે ન પરિણમે અને પોતાના સ્વભાવમાં સ્થિર રહે તે જ ઉત્તમ ક્ષમાદિરૂપ ધર્મ છે; આ રીતે ઉત્તમ ક્ષમાદિરૂપ ધર્મ કહેતાં પણ શુદ્ધચેતનાના પરિણામરૂપ ધર્મ જ સિદ્ધ થાય છે, કેમ કે તેમાં ચેતનાનાં પરિણામને પુણ્ય-પાપથી છોડાવીને જ્ઞાનસ્વભાવમાં જ સ્થિર કરવાનું આવ્યું. હું જ્ઞાનસ્વરૂપ જાણનાર છું, મારા જ્ઞાનમાં કોઈ પર દ્રવ્ય ઈષ્ટ-અનિષ્ટ નથી, મારા જ્ઞાનને માટે કોઈ શત્રુ કે મિત્ર નથી. દુર્જન કે સજ્જન નથી–આવા ભાનપૂર્વક સ્વરૂપની સ્થિરતા હોય ત્યાં જ ઉત્તમ ક્ષમા હોઈ શકે, 'આપણે સહન કરતાં શીખવું જોઈએ' એમ પરદ્રવ્યોને સહન કરવાનું માને અને સ્વભાવના ભાન વગર ક્ષમા રાખે તે ઉત્તમ ક્ષમા નથી. મારો સ્વભાવ જાણવાનો છે, મારું જ્ઞાન સર્વ પદાર્થોને સમપણે જાણનાર છે, જાણવામાં 'આ સારું અને આ ખરાબ' એવી વૃત્તિ તે જ્ઞાનનું સ્વરૂપ નથી. આવા ભાનપૂર્વક માન, અપમાનની વૃત્તિ તોડીને સ્વરૂપમાં સ્થિર થવું તે જ શુદ્ધચેતનારૂપ ધર્મ છે. અહીં મુખ્યપણે મુનિના લક્ષે વાત કરી છે, છતાં સમ્યગ્દષ્ટિને પણ અંશે શુદ્ધચેતના હોય છે, પ્રતીતપણે તેને સર્વ દ્રવ્યો પ્રત્યે ક્ષમા વર્તે છે પરલક્ષે ક્રોધ કે ક્ષમાની અલ્પ લાગણી થઈ જાય તેને જ્ઞાની પોતાના સ્વભાવમાં સ્વીકારતો નથી તેથી તેમને નિરંતર અંશે ઉત્તમ ક્ષમારૂપ ધર્મ વર્તે છે. આત્મસ્વભાવના ભાન વગર દ્રવ્યલિંગી જૈન નિર્ગ્રંથ મુનિ થાય અને તેના શરીરને ક્ષાર છાંટીને જીવતો બાળી મૂકે તોપણ ક્રોધની લાગણી ન કરે છતાં તેને ઉત્તમ ક્ષમા નથી, કેમ કે ક્ષમાની શુભવૃત્તિને તે પોતાનું સ્વરૂપ માને છે પરંતુ શુદ્ધ ચેતના પરિણામની તેને ખબર નથી. શુભ પરિણામથી પણ શુદ્ધચેતના જુદી છે એવા ભાન વગર ધર્મ હોઈ શકે નહિ. જ્ઞાન સ્વરૂપમાં કોઈ પણ રાગનો અંશ નથી.

અશુભ કે શુભ બન્ને પ્રકારના રાગ રહિત શુદ્ધચેતના તે જ ધર્મ છે. શુભભાવ તે વિકાર છે તેને જે ધર્મમાં મદદગાર માને તેને મિથ્યાત્વનું મહાપાપ છે, પુણ્યભાવમાં પણ લોભ કષાયની મુખ્યતા છે, તે પુણ્યભાવ અશુદ્ધ ચેતના છે, શુદ્ધ ચેતનારૂપ ધર્મ તો એક જ પ્રકારનો છે, તેમાં શુભ-અશુભ વિકલ્પને પણ સ્થાન નથી.

આ રીતે વસ્તુ સ્વભાવરૂપ ધર્મ તેમજ ઉત્તમ ક્ષમાદિરૂપ ધર્મ તે બંનેમાં શુદ્ધચેતનાના પરિણામરૂપ એક જ પ્રકાર સિદ્ધ થયો.

૩. **દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મઃ**—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણમાં એક શુદ્ધજ્ઞાનચેતનાના જ પરિણામ છે; તેથી દર્શન–જ્ઞાન-ચારિત્રમાં પણ શુદ્ધચેતનારૂપ ધર્મ જ સાબિત થાય છે. શુદ્ધજ્ઞાનચેતનામાં પુણ્ય–પાપ નથી, શરીર વગેરેની ક્રિયા નથી, એકલો શુદ્ધ સ્વભાવ ભાવ છે, તે જ ધર્મ છે. આ રીતે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ કહેતાં પણ શુદ્ધચેતનાપણું સાબિત થયું.

૪ **જીવદયારૂપ ધર્મઃ**—'જીવદયા'ના નામે લોકો શુભરાગમાં ધર્મ માની રહ્યા છે, પરંતુ જીવદયાનું યથાર્થ સ્વરૂપ સમજતા નથી. ક્રોધાદિ કષાય વશથી પોતાની તેમજ પરજીવની હિંસાનો ભાવ ન કરવો તે જીવદયા છે. સૌથી મોટો ક્રોધ તો મિથ્યાત્વ છે, અને તે જ ખરી જીવહિંસા છે. મિથ્યાત્વ છોડયા વગર કદી પણ જીવહિંસા અટકી શકે નહિ. સ્વ જીવની હિંસા ન કરવી તે જ મુખ્ય જીવદયા છે, અને જ્યારે પોતે ક્રોધાદિ વડે સ્વજીવની હિંસા ન કરી ત્યારે ક્રોધના અભાવને લીધે પરજીવને મારવાનો ભાવ પણ ન આવ્યો, તેથી પરજીવની દયા પણ આવી ગઈ. પરંતુ સ્વજીવની દયા કયારે થઈ શકે? જે જીવ પુણ્યથી ધર્મ માને તે જીવ વિકારભાવ વડે સ્વભાવની હિંસા કરે છે; પુણ્ય-પાપ રહિત મારું શુદ્ધ સ્વરૂપ છે એવી ઓળખાણ કર્યા પછી દયાની શુભ લાગણી પણ છોડીને સ્વરૂપમાં સ્થિર રહી ગયો અને શુદ્ધ જ્ઞાન ચેતનાના અનુભવમાં લીન થયો તે જ જીવદયા ધર્મ છે. એટલે આમાં પણ ચેતનાનાં શુદ્ધ પરિણામ તે જ ધર્મ આવ્યો. પરજીવને તો ખરેખર પોતે મારી કે જીવાડી શકતો જ નથી, માત્ર ભાવ કરે છે. કોઈ જીવને દુઃખ ન દેવું તેમાં પોતે પણ ભેગો જ આવ્યો; હવે પોતાને પણ દુઃખી ન કરવો તે ખરી દયા છે. અશુભ પરિણામ વખતે તો પોતે તીવ્ર દુઃખી થાય છે અને દયા વગેરેના શુભ પરિણામ વખતે

પણ જીવને આકુળતાનું જ વેદન હોવાથી તે દુઃખી છે, તેથી અશુભ અને શુભ બંને ભાવોથી જીવને બચાવવો અર્થાત્ શુભાશુભરહિત એકલી જ્ઞાન સ્વભાવરૂપ દશા કરવી તેટલી જ જીવદયા છે. જે જીવ શુદ્ધજ્ઞાનચેતના વડે સ્વરૂપમાં એકાગ્ર થયો તે જીવને અશુભભાવ હોય જ નહિ એટલે પર જીવની દયા ત્યાં સ્વયં જ પળાય છે.

જો પર જીવની દયા પાળવાના શુભરાગમાં ધર્મ હોય તો સિદ્ધદશામાં પણ પર જીવની દયાનો રાગ હોવો જોઈએ! પરંતુ શુભ રાગ તે ધર્મ નથી, પણ અધર્મ છે, હિંસા છે.

પ્રથમ સમ્યગ્દર્શન વડે સ્વભાવને ઓળખતાં શ્રદ્ધા અપેક્ષાએ અહિંસકપણું પ્રગટે છે; કેમ કે સમ્યગ્દષ્ટિ જીવ પુણ્ય-પાપના ભાવ થાય તેને પોતાના સ્વભાવના માનતો નથી, એ રીતે માન્યતામાં પુણ્ય-પાપથી પોતાના સ્વભાવને બચાવી રાખે છે. તેથી તેને સાચી જીવદયા છે. અજ્ઞાની જીવ ક્ષણિક પુણ્ય-પાપ જેટલો જ પોતાને માનીને ત્રિકાળ વિકારરહિત સ્વભાવનો નાશ કરે છે, તે જ હિંસા છે.

વળી 'જીવદયા' એમ કહેવામાં આવે છે, કાંઈ 'શરીર દયા' કહેવામાં આવતી નથી; કેમકે શરીર તે જીવ નથી. લોકો શરીરની ક્રિયા ઉપરથી માપ કરે છે તે ખોટું છે. શરીરથી ભિન્ન સદા ચેતન સ્વરૂપ જીવ છે તેને શ્રદ્ધા–જ્ઞાન–સ્થિરતામાં ટકાવી રાખવો અને વિકારમાં જવા ન દેવો તે જ જીવરક્ષા છે.

'પર જીવની રક્ષા કરું' એવી દયાની લાગણી તે પણ પરમાર્થે જીવહિંસા જ છે એમ પ્રથમ શ્રદ્ધામાં માનવું જોઈએ, અને તેવી માન્યતા થયા પછી પણ અસ્થિરતાના કારણે શુભવિકલ્પ ઊઠે, પરંતુ તે ધર્મ નથી.

મિથ્યાદષ્ટિ જીવ જીવરક્ષાના શુભભાવ કરતો હોય ત્યારે પરજીવને હું બચાવી શકું તથા મને આ શુભભાવથી ધર્મ થશે એમ માને છે; સમ્યગ્દષ્ટિ ધર્માત્મા જીવ લડાઈ લડતો હોય અને તેને અશુભ પરિણામ હોય પણ અંતરમાં ભાન હોય કે આ લડાઈની–દેહની ક્રિયા મારી નથી, અશુભભાવ મારા પુરુષાર્થના દોષથી થાય છે તેટલી હિંસા છે પણ તે ખરેખર મારું સાચું સ્વરૂપ નથી. *તો તે વખતે આ બે જીવોમાંથી મિથ્યાદષ્ટિ જીવને અનંતી હિંસા વર્તી રહી* છે, અને સમ્યગ્દષ્ટિ જીવને અલ્પ હિંસા છે. અરે! શ્રદ્ધા અપેક્ષાએ તો તે

લડાઈ વખતે પણ અહિંસક છે, કેમકે તેને અંશે શુદ્ધચેતના પરિણામ વર્તે છે, જેટલે અંશે શુદ્ધચેતના પરિણામ વર્તતા હોય તેટલે અંશે–લડાઈ વખતે પણ– જીવદયા વર્તી રહી છે. અને મિથ્યાદૃષ્ટિ જીવને જરાપણ શુદ્ધચેતના પરિણામ નથી તેથી તેને જીવરક્ષાના ભાવ વખતે પણ જીવહિંસા જ છે. આ તો અંતરંગ શુદ્ધચેતના પરિણામ ઉપરથી માપ છે; શરીરની ક્રિયા તો દૂર ગઈ પરંતુ પુણ્ય–પાપના ભાવ ઉપરથી પણ જીવદયારૂપી ધર્મનું ખરું માપ નથી.

પરમાર્થ ધર્મ એટલે કે નિશ્ચયધર્મ–સાચો ધર્મ તો એક જ પ્રકારનો છે; પછી જીવદયા કહો કે વસ્તુસ્વભાવ કહો. તેમાં એક શુદ્ધચેતના પરિણામ તે જ ધર્મ છે. 'શુદ્ધચેતનાને ધર્મ કહેવાય અને કોઈ વાર શુભને પણ ધર્મ કહેવાય' એવું નિશ્ચય ધર્મનું સ્વરૂપ નથી. નિશ્ચયધર્મ તો એક જ પ્રકારે છે.

'હું આત્મા કોણ છું' તેના ભાન વગર શુદ્ધચેતના ક્યાંથી લાવશે? બહારમાં જીવો મરે કે જીવે તેમની સંખ્યા ઉપરથી હિંસા કે દયાનું ખરું માપ નથી. સમ્યગ્દર્શન થતાં અહિંસાની શરૂઆત થાય છે, છતાં સમ્યગ્દષ્ટિને પણ અસ્થિરતાના કારણે જેટલી વૃત્તિ ઊઠે તેટલી ચારિત્રની હિંસા છે. પરંતુ જે આત્મભાન વર્તે છે તેટલી જીવદયા છે. આ રીતે સાધકને અંશે અહિંસા અને અંશે હિંસા બંને સાથે હોય છે. અજ્ઞાનીને એકાંત જીવહિંસા જ છે; વીતરાગી જ્ઞાનીને સંપૂર્ણ અહિંસા છે. વસ્તુસ્વભાવરૂપ જૈનશાસનમાં ત્રણે કાળે ધર્મનું સ્વરૂપ આવું જ છે.

પોતાના ભાવમાં અનંત પર દ્રવ્યોનું સ્વામિત્વ અભિમાન ન થવા દેવું અને પોતાના જ્ઞાનમાત્ર સ્વરૂપને પુણ્ય-પાપથી પણ ભિન્નપણે શ્રદ્ધામાં ટકાવી રાખવું —એવી ખરી જીવદયા છે તેનું જગતને માહાત્મ્ય નથી, અને શુભનું માહાત્મ્ય આવે છે. જેણે પુણ્યના વિકલ્પથી પોતાને લાભ માન્યો તેણે પુણ્યને પોતાનું સ્વરૂપ જ માન્યું, કેમ કે જેને પોતાનું સ્વરૂપ માને તેનાથી જ પોતાને લાભ માને; અને જે જીવે પુણ્યને પોતાનું સ્વરૂપ માન્યું તે જીવે જગતનાં બધા આત્માઓને પણ પુણ્યસ્વરૂપ માન્યા, એ રીતે જગતના સર્વે આત્માના સ્વભાવને વિકારી માન્યો, તેથી તેણે પોતાની માન્યતામાં વિશ્વના સર્વ જીવોની હિંસા કરી, આ મહા જીવહિંસાનું પાપ જગતને જણાતું નથી!

**હિંસાદિના અશુભ ભાવ કરવાની વાત તો હોય જ નહિ,** અશુભભાવમાં

તો તીવ્ર આકુળતા છે, પણ શુભભાવ થાય તેમાંય આકુળતા જ છે. તે બંને આકુળતામાં હિંસા છે; તેનાથી રહિત નિરાકુળતા જ જ્ઞાનચેતનાનો જેટલો અનુભવ તેટલી જીવરક્ષા છે. પોતાના શુદ્ધ જીવપરિણામની રક્ષા કરવી, જીવપરિણામને હણવા ન દેવા તે જ શુદ્ધ ચેતનાપરિણામરૂપ ધર્મ છે. શુદ્ધચેતના પરિણામ વગર દયા કે દર્શન-જ્ઞાન-ચારિત્ર કે ક્ષમા વગેરે કોઈ ધર્મ સાચો હોતો જ નથી.

'પર જીવને બચાવવાનો ભાવ કરવો તે આપણી ફરજ છે' એ માન્યતા ખોટી છે. પર જીવને બચાવવાનો ભાવ તે તો વિકાર છે, શું વિકાર કરવો તે આત્માની ફરજ છે? જ્ઞાની તો જાણે છે કે માત્ર જ્ઞાતાપણે સ્વભાવમાં ટકી રહેવું તે મારી ફરજ છે, જેટલો હું મારા જ્ઞાતાસ્વભાવપણે ટકી રહું તેટલો ધર્મ છે, અને જ્ઞાતાપણા સિવાય અન્ય જે કાંઈ વૃત્તિનું ઉત્થાન થાય તે મારી ફરજ નથી. આ રીતે જ્ઞાની જીવ જ્ઞાતાદષ્ટાપણે પોતાના ચેતના પરિણામને ટકાવી રાખે છે તે જ ધર્મ છે.

વસ્તુનો સ્વભાવ તે ધર્મ, ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકાર ધર્મ, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મ અને જીવરક્ષા ધર્મ–એ ચાર પ્રકારની પ્રરૂપણામાં શુદ્ધ-ચેતનાપરિણામમય એક જ પ્રકારનો ધર્મ છે એમ બતાવ્યું. નિશ્ચય ધર્મ એક પ્રકારનો છે.

* * *

ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

# દશ લક્ષણ ધર્મ (મૂળ ગાથાઓ)

उत्तमखममद्दवज्जवसच्चसउच्चं च संजमं चेव।
तवचागमकिंचण्हं बम्हा इदि दसविहं होदि॥७०॥

कोहुप्पत्तिस्स पुणो बहिरंगं जदि हवेदि सक्खादं।
ण कुणदि किंचि वि कोहं तस्स खमा होदि धम्मो त्ति॥७१॥

कुलरूवजादिबुद्धिसु तवसुदसीलेसु गारवं किंचि।
जो ण वि कुव्वदि समणो मद्दवधम्मं हवे तस्स॥७२॥

मोत्तूण कुडिलभावं णिम्मलहिदएण चरदि जो समणो।
अज्जवधम्मं तइयो तस्स दु संभवदि णियमेण॥७३॥

परसंतावयकारणवयणं मोत्तूण सपरहिदवयणं।
जो वददि भिक्खु तुरियो तस्स दु धम्मो हवे सच्चं॥७४॥

कंखाभावणिवित्तिं किच्चा वेरग्गभावणाजुत्तो।
जो वट्टदि परममुणी तस्स दु धम्मो हवे सोच्चं॥७५॥

वदसमिदिपालणाए दंडच्चाएण इंदियजएण।
परिणममाणस्स पुणो संजमधम्मो हवे णियमा॥७६॥

विसयकसायविणिग्गहभावं काऊण झाणसज्झाए।
जो भावइ अप्पाणं तस्स तवं होदि णियमेण॥७७॥

णिव्वेगतियं भावइ मोहं चइऊण सव्वदव्वेसु।
जो तस्स हवे चागो इदि भणिदं जिणवरिंदेहिं॥७८॥

होऊण य णिस्संगो णियभावं णिग्गहित्तु सुहदुहदं।
णिद्दंदेण दु वट्टदि अणयारो तस्सऽकिंचण्हं॥७९॥

सव्वंगं पेच्छंतो इत्थीणं तासु मुयदि दुब्भावं।
सो बम्हचेरभावं सक्कदि खलु दुद्धरं धरिदुं॥८०॥

❑ ❑ ❑

શ્રી કાર્તિકસ્વામી પ્રણીત

# દશ લક્ષણ ધર્મ (મૂળ ગાથાઓ)

सो चेव दहपयारो खमादिभावेहिं सुक्खसारेहिं।
ते पुण भणिज्जमाणा मुणियव्वा परमभत्तीए॥३९३॥
कोहेण जो ण तप्पदि सुरणरतिरिएहिं कीरमाणे वि।
उवसग्गे वि रउद्दे तस्स खमा णिम्मला होदि॥३९४॥
उत्तमणाणपहाणो उत्तमतवयरणकरणसीलो वि।
अप्पाणं जो हीलदि मद्दवरयणं भवे तस्स॥३९५॥
जो चिंतेइ ण वंकं कुणदि ण वंकं ण जंपए वंकं।
ण य गोवदि णियदोसं, अज्जवधम्मो हवे तस्स॥३९६॥
समसंतोसजलेण य, जो धोवदि तिह्नलोहमलपुंजं।
भोयणगिद्धिविहीणो, तस्स सउच्चं हवे विमलं॥३९७॥
जिणवयणमेव भासदि, तं पालेदुं असक्कमाणो वि।
ववहारेण वि अलियं, ण वददि जो सच्चवाई सो॥३९८॥
जो जीवरक्खणपरो, गमणागमणादिसव्वकज्जेसु।
तणछेदं पि ण इच्छदि, संजमधम्मो हवे तस्स॥३९९॥
इहपरलोयसुहाणं, णिरवेक्खो जो करेदि समभावो।
विविहं कायकिलेसं, तवधम्मो णिम्मलो तस्स॥४००॥
जो चयदि मिट्ठभोज्जं, उवयरणं रायदोससंजणयं।
वसदिं ममत्तहेदुं, चायगुणो सो हवे तस्स॥४०१॥
तिविहेण जो विवज्जदि, चेयणमियरं च सव्वहा संगं।
लोयववहारविरदो, णिग्गंथत्तं हवे तस्स॥४०२॥
जो परिहरेदि संगं, महिलाणं णेव पस्सदे रूवं।
कामकहादिणियत्तो, णवहा बंभं हवे तस्स॥४०३॥
जो णवि जादि वियारं, तरुणियणकडक्खबाणविद्धो वि।
सो चेव सूरसूरो, रणसूरो णो हवे सूरो॥४०४॥
एसो दहप्पयारो, धम्मो दहलक्खणो हवे णियमा।
अण्णो ण हवदि धम्मो, हिंसा सुहुमा वि जत्थत्थि॥४०५॥

# * રૂડા પર્યુષણ દિન *

[ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના અંતરમાંથી
વહેલી ભાવભીની ભક્તિ]

રૂડા પર્યુષણ દિન આજ દીપતા રે, શ્રી દશલક્ષણાધિરાજ....રૂડા.
આજ રત્નત્રય દિન દીપતા રે, સહુ રત્નત્રય પ્રગટ કરો આજ....રૂડા.
શુક્લ ધ્યાને જિનેશ્વર લીન થયા રે, એવી લીનતા કરવાનો દિન આજ....રૂડા.
ધર્મધ્યાને મુનિવરો રાચંતા રે, ભવ્યોને દેખાડે એ રાહ....રૂડા.
ક્ષમા નિર્લોભતા આદિ અનંત ગુણમાં રે, રમી રહ્યા જિનેશ્વરદેવ....રૂડા.
આ અષ્ટમી ચતુર્દશી દિનમાં રે, થયા પુષ્પદંત વાસુપૂજ્ય સિદ્ધ....રૂડા.
એવા નિર્મળ દિવસ છે આજના રે, સહુ નિર્મળ કરો આત્મદેવ....રૂડા.
પ્રભુ વીરે એ માર્ગ બતાવીયો રે, કુંદકુંદે રોપ્યા રાજથંભ....રૂડા.
કહાન ગુરુએ કાદવમાંથી કાઢીયા રે, ચડાવ્યા એ રાજમાર્ગ દ્વાર....રૂડા.
સીમંધરના નાદ કુંદ લાવીયા રે, રણશીંગાં વગાડ્યાં ભરતમાંય....રૂડા.
ગુરુ કહાને રણશીંગાં સાંભળ્યા રે, વગાડનાર એ છે કોણ....રૂડા.
ગુરુ કહાને એ કુંદકુંદ શોધીયા રે, શોધી લીધો શાસન થંભ....રૂડા.
ગુરુ કહાને ભરતને જગાડીયું રે, જાગો જાગો એ ઊંઘતા અંધ....રૂડા.
ગુરુ કહાને ચિદાતમ બતાવીયો રે, રોપ્યા છે મુક્તિ કેરા થંભ....રૂડા.
એવા શાસનસ્થંભ મારા નાથ છે રે, તેને જોઈ જોઈ અંતર ઉભરાય....રૂડા.
ગુરુના હૃદયે જિનેશ્વર વસી રહ્યા રે, ગુરુના શિરે જિનેશ્વરનો હાથ....રૂડા.
પ્રભુ સેવક રત્નત્રય માગતા રે, એ તો લળી લળી લાગે પાય....રૂડા.